આ પુસ્તકના ખર્ચનો વિભાગ.

નકલ ૨૦૦૦ ના કાગળ છપાઈ તથા બાઈન્ડીંગ	રૂ. [illegible]
વ્યવસ્થા, વિજ્ઞાપન આદિ	,, [illegible]
સંશોધન અનુવાદ વિગેરેના	,, [illegible]
ભેટ પુસ્તકના	,, [illegible]
કુલ ખર્ચ	[illegible]

: મુદ્રણસ્થાન :

શાહ બ્રધર્સ પ્રીન્ટીંગ પ્રેસ

લલ્લુભાઇ બીલ્ડીંગ

રાજકોટ.

અર્પણ

શ્રી રાજકોટ સંઘને શ્રીમજ્જૈનાચાર્ય પુજ્યશ્રી

૧૦૦૮ શ્રી જવાહિરલાલજી મહારાજના

સં. ૧૯૮૯ ના રાજકોટ ચાતુર્માસની

અપૂર્વ યાદગીરી અર્થે સપ્રેમ

સ મ ર્પ ણ.

લી.

આપનો

છો ટે લા લ ય તિ.

આ પુસ્તકના ખર્ચનો હિસાબ.

નકલ ૨૦૦૦ કાગળ છપાઇ તથા બાઇન્ડીંગ	રૂ. ૩૫૦
વ્યવસ્થા, વિજ્ઞાપન આદિ	,, ૧૨૫
સંશોધન અનુવાદ વિગેરેના	,, ૭૦
ભેટ પુસ્તકના	,, ૧૦૦
કુલ ખર્ચ	૬૪૫

અર્પણ

શ્રી રાજકોટ સંઘને શ્રીમજ્જૈનાચાર્ય પૂજ્યશ્રી
૧૦૦૮ શ્રી જવાહિરલાલજી મહારાજના
સં. ૧૯૯૨ ના રાજકોટ ચાતુર્માસની
અપૂર્વ યાદગીરી અર્થે સપ્રેમ
સ મ ર્પ ણ.

લી.
આપનો
છો ટે લા લ ય તિ.

નિવેદન

શ્રી જિનેશ્વર શ્રાવક-મંડલ (રતલામ) તરફથી નવમું પુષ્પ 'સનાથ-અનાથ નિર્ગ્રંથ'નું ભાષાંતર જૈન-જૈનેતર જનતાની સેવામાં રજુ કરતાં અમને અત્યંત આનંદ થાય છે.

શ્રી રાજકોટ સંઘની અત્યંત આગ્રહ ભરી નમ્ર વિનંતિને સ્વીકારી પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ શ્રી જવાહિરલાલજી મહારાજે કાઠિયાવાડમાં પધારીને દેશ, જાતિ, અને ધર્મ પરત્વે હિતકર અને મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાનો આપી રહ્યાં છે. વિશેષમાં ગુજરાતી ભાષા જાણનાર જૈન-જૈનેતર જનતાને એઓશ્રીનાં ભૂતપૂર્વ વ્યાખ્યાનો કે જે ઉપરથી હિન્દી ભાષામાં તેનાં પ્રકાશન થયાં છે તેમના લાભથી વંચિત ન રહે એ હેતુથી ગુજરાતી અનુવાદ પ્રકાશન કરવામાં આવે છે.

આ અનુવાદ કરવામાં 'સ્થાનકવાસી જૈન'ના તંત્રી શ્રીયુત જીવનલાલ છગનલાલ સંઘવીએ ઘણો પરિશ્રમ લીધો છે અને બહુજ શીઘ્રતાથી સુંદર રીતે કાર્ય બજાવ્યું છે. એ બદલ એમના અમો અત્યંત આભારી છીએ.

આ માટે "ભૂમિકા" લખી આપનાર રા. રા. સુશ્રાવક પ્રાણજીવન મોરારજી શાહનો ઉપકાર અમો આ પ્રસંગે પ્રદર્શિત કરીએ છીએ.

આ પુસ્તક છપાવવામાં આ પ્રેસના માલીક રા. રા. હિંમતલાલ લલ્લુભાઈની ખંતીલી સહાયતા તથા સમયોચિત સલાહ અમોને મળી છે તેને માટે અમો તેમનો આભાર માનીએ છીએ.

અમને સંપૂર્ણ આશા છે કે અમારા આ સાહિત્ય પ્રચારના આ સાહસને જનતા ઉત્સાહથી વધાવી લઈ મૂર્તિમંત સહકાર આપશે.

આપનો,

અજમેર,

તા. ૨૮-૧૧-૧૯૩૬.

છોટેલાલ યતિ

સંચાલક,

જીવન કાર્યાલય-અજમેર.

પ્રસ્તાવના.

(હિન્દી આવૃત્તિમાંથી).

સનાથ કોણ છે અને અનાથ કોણ છે, આ વાતનો સંસારમાં મોટો વિવાદ રહ્યા કરે છે. આ વિષયમાં જુદા જુદા માણસો પોતાની સમ્મતિ જુદી જુદી દર્શાવે છે. કોઈ ધનવાનને સનાથ માને છે, ધન વગરનાને અનાથ કહે છે, કોઇ પુત્ર, કલત્ર (સ્ત્રી) વાળાને સનાથ માને છે, જેને એ નથી હોતાં, તેને અનાથ સમજે છે. વળી કોઇ શારીરિક બળસંપન્નને સનાથ સમજે છે. રોગી, અશક્ત માણસો તેમની દૃષ્ટિમાં અનાથ છે. આ પ્રમાણે આ વિષયમાં 'જેટલાં મ્હોં તેટલા મતો' એ કહેવત ચરિતાર્થ થાય છે. પરન્તુ ખરીરીતે સનાથ કોણ છે અને અનાથ કોણ છે, આ બાબતના નિર્ણયની સમીપમાં પહોંચવું, એ સાધારણ મનુષ્યો માટે અતિ મુશ્કેલ છે. આ વાતનો નિર્ણય તો કોઇ એવા મહાપુરુષોજ કરી શકે છે, કે જેઓ રાગ-દ્વેષ ત્યાગી ચૂકયા હોય, અથવા એ માર્ગના ઉગ્ર પથિક હોય. મહામુનિ સનાથી એવાજ મહાપુરુષ હતા. આ વિષયમાં તેમણે જે મંતવ્ય પ્રગટ કર્યું—સનાથ કોણ છે અને અનાથ કોણ છે—એનો જે નિર્ણય રજુ કર્યો તે કોઇ પણ દૃષ્ટિથી અને કોઇને પણ અમાન્ય નથી થઇ શકતો. મહામુનિ સનાથીએ આપેલો નિર્ણય શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનમાં છે.

[illegible] વિસ્તૃત આલોચના કરી હતી. [illegible] હતી. અને તે [illegible] પુસ્તક [illegible] આવી છે. અમને આશા છે કે આ પુસ્તક [illegible] વિચાર [illegible] કરવામાં સહાયભૂત થશે.


જો કે આ પુસ્તક [illegible] સંશોધનની પદ્ધતિ જ [illegible] હતી, પરંતુ તેને [illegible] ગમ્યું ન હતું. તેથી [illegible] સંશોધન દ્વારા બનાવવાના આવેલા નિયમાનુસાર એ ઠરાવવું [illegible] કે આ પુસ્તક 'સાહિત્ય નિરીક્ષક સમિતિ' દ્વારા પ્રમાણિત થઈ ગયા પછી જ પ્રસિદ્ધ કરવું. તે પ્રમાણે [illegible] આ પુસ્તકને શ્રી અખિલ ભારતીય શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સનાં કાર્યાલયમાં મોકલ્યું. કોન્ફરન્સનાં કાર્યાલયે સાહિત્ય નિરીક્ષક સમિતિ દ્વારા તપાસ કરાવીને પુસ્તકને પ્રસિદ્ધ કરવાની અનુમતિ આપી. આ કાર્યવાહીમાં કેટલાક સમય લાગ્યો અને એટલે કારણે આ પુસ્તક અત્યારે પ્રગટ થઈ શક્યું.

આ પુસ્તકના પ્રમાણપત્રની સાથે જ કોન્ફરન્સનાં કાર્યાલયમાંથી અમને સાહિત્ય-નિરીક્ષક સમિતિ તરફથી આવેલ એક સૂચના પત્ર પણ મળ્યો. એ સૂચના પત્રમાં વિશેષ કરીને શ્રીમાન શેઠ ભૈરોદાનજી સાહેબ શેઠિયા (બીકાનેર) તીજ સૂચનાઓ હતી. શેઠિયાજીની એ સૂચનાઓ પ્રમાણે પુસ્તકમાં સંશોધન કરી દેવાથી પુસ્તકમાં ઠીક ઠીક વિશેષતાઓ આવી ગઇ છે. એને માટે મંડળ શ્રીમાન શેઠિયાજીનો આભાર માને છે.

પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનમાંથી નીકળેલાં સાહિત્યનો અધિક પ્રચાર થાય, અને બધા લોકો એવા સાહિત્યનો લાભ લઇ શકે, એ વાતને ધ્યાનમાં રાખીને મદ્રાસ નિવાસી શ્રીમાન્ શેઠ પુનમચંદજી તારાચંદજી ગેલડાએ આ પુસ્તકની છપાઇ, કાગળ આદિની લાગતી કિંમત પૈકી અર્ધું ખર્ચ પોતાની પાસેથી આપીને આ પુસ્તક અર્ધી કિંમતે જ વેચાવ્યું છે. મંડલ, ગેલડાજીની આ ઉદારતા માટે તેમને અભિનંદન આપે છે અને આશા રાખે છે કે સમાજના અન્ય સજ્જનો પણ ગેલડાજીની ઉદારતાનું અનુકરણ કરીને સાધારણ માણસોને આવા ઉત્તમ સાહિત્યનો લાભ આપવામાં સહાયતા કરશે.. ઇત્યલમ્ *

રતલામ	ભવદીય,
અષાઢી પૂર્ણિમા	**વર્દ્ધભાન પીતલિયા — પ્રેસીડેન્ટ**
સં. ૧૯૯૧ વિ.	**બાલચંદ શ્રી શ્રીમાલ — સેક્રેટરી.**

* આ પ્રસ્તાવના હિન્દી આવૃત્તિની છે.



ભૂમિકા

અધ્યાત્મ-કલ્પદ્રુમના પ્રણે-તા સહસ્રાવધાની શ્રીમુનિ સુંદરસૂરિ એમને ધ્યાન, જ્ઞાન, ગુરુ ભક્તિ, ત્રિકાળજ્ઞાની, ઉત્તમ સંયમી આ અનુભવી મુનિ-રત્ન, જૈન શાસનમાં સિદ્ધિ સિદ્ધિ, ... અને જૈન-શ્વેતાંબર-સંપ્રદાય આદિ પ્રસિદ્ધ ગ્રંથોથી પુસ્તકમાં ... રાજ્ય પર વિરાજેલ છે, તેના અધ્યાત્મ-સુખનાં ... કહે છે અને પુરુષ સુખમાં પ્રાપ્ત ... કરીએ છે ત્યારે ... અનુપ્રિયતા, ... ની ... અને ... વિભૂષિત છે. નિત્ય અને સંયમી ક્યાનું અપૂર્વ અને અબાધિત સુખ ભોગવે છે કહો કે ધ્યાન, સમાધિ વગેરે સંબંધથી ... મુકી ગયા છે

જગતના લોકો, પૂર્વ પશ્ચિમ દિશા જેટલા છે. અજ્ઞાનવશે, સંસાર સુખ-મગ્ન મનુષ્યોપ્રતિ દયા આણીને, શુદ્ધ બુદ્ધિથી સંત પુરુષને સંસાર તરફ ખેંચવા-સંસારસુખ ભોગવવા અને સુખી કરવા આમંત્રે છે. સંતની આવી દશા જોઈને તે સંત ત્યાગની ભૂમિકાને લાયક નથી પણ ભોગ ભૂમિકાને લાયક છે એમ ,માની પોતાના જેવા બનાવવા પ્રયત્ને છે; ત્યારે સંત તેને જ તીક્ષ્ણ સત્યથી અનાથ નહીં સંબોધી નતરત કરે છે. આ પ્રકાર, સંસાર સુખમાં મગ્નમસ્ત એવા નિ ભિખારીને (શ્રેષ્ઠિને) ઘણો વિષમ લાગે છે,તો પણ સંતની દયા ખાનારા જ સંસારમાં ખરેખર દયા ખાવા યોગ્ય છે. એમ પોતાના જ સંસારમાં બનેલા પ્રત્યક્ષ દૃષ્ટાંતથી ખાત્રી કરી આ મહાત્મા, મહાજનને સંસારનું જે વિષ ચડ્યું છે તે ઉતારી નિર્વિષ કરી, મહાન સદ્બોધ રૂપી અમૃતનું પાન કરાવે છે–મોક્ષમાર્ગની

[illegible]

[illegible] અને સંસારની કામાંધનાને [illegible] વારંવાર [illegible]

આ પ્રમાણે આ ચરિત્રાનુવાદ—આ સંસારની [illegible] જે ચરિત્રમાં બન્ને પાત્રો પોતપોતાની શુદ્ધિમાં મશગૂલ રહે છે. તે ચરિત્રને મહાન્ પ્રભાવશાળી ગણધર મહારાજાએ ગૂંથ્યું છે તેની ભૂમિકા લખનાર, મારા જેવા પામર શા લેખામાં! સૂર્યનું ખરું વર્ણન તો તેનાથી કોઇ વિશેષ પ્રકાશિત કરી શકે, ચંદ્રમાના નિગમ તો તેનાથી કોઇ શીતલ તેજમૂર્તિ હોય તેજ લખી શકે, તેવી આ પામરની દશા છે. હું નથી સંસારમાં કોઇ ઉચ્ચ કોટિની વ્યક્તિ કે નથી ત્યાગમાં પણ કંઇ આગળ પડતી વ્યક્તિ કે આવા મહાન્ ચરિત્રને કાલાઘેલા બોલમાં પણ આળેખી શકું!!

છતાં—છતાં, એક મહાન વિભૂતિનો પ્રત્યક્ષ સંયોગ થતાં અને તે વિભૂતિએ, ૬૦ ગાથાઓથી ગુંથેલા આ ઉત્તરાધ્યયન સૂત્રના ૨૦ મા અધ્યયનને એવી ત્યાગમય વાણીથી, સાદામાં સાદા ગ્રામ્ય શબ્દોથી તેમજ સરળ, સીધા, સહેલાં, પરિચિત એવાં દષ્ટાંતોથી અને ભાવભીની હૃદયના ઊંડાણની ઓજસભરી વ્યાખ્યાન શૈલીથી પ્રકાશતાં મને એવો તો મુગ્ધ કર્યો—આ અધ્યયન પર એવો તો પ્રેમપૂર્ણ

ભક્ત બનાવ્યો કે તે ભક્તિને વશે બે શબ્દ લખવા પ્રેરાયો છું. આ વિભૂતિએ ૬૦ ગાથાઓમાંના ન્યાયપુરઃસર મોક્ષ માર્ગની દૃષ્ટિએ, એવાં તો ગૂઢ રહસ્યો સમજાવ્યાં કે તેની મર્મકથામાં ૧૬૦ ઉપરાંત દિવસો વ્યતીત થયા તો યે એ અમૃતધારાનો ધોધ અસ્ખલિત વહ્યાં જ કરે છે. આ વિભૂતિ તે પરમ પુનિત, સાધુમાર્ગી જૈન સંપ્રદાયમાં સિંહ સમાન, પૂજ્ય મહાશય શ્રી જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ **શ્રી જવાહિર-લાલજી મહારાજ** સાહેબ છે. એઓ વારંવાર જણાવતા હતા કે આ ૬૦ ગાથાનાં રહસ્યો ૧૪ પૂર્વી ગણધરો, દૃષ્ટિવાદ જ્ઞાતાઓ પણ વાણીથી પ્રકાશતા પ્રકાશતાં સેંકડો વર્ષ વીતી જાય તોયે એના અગાધ માહાત્મ્યનો પાર જ ન આણી શકે તો હું તે કોણ માત્ર! ધન્ય છે એ આચાર્ય મહાશયની (મહાન વાક્ધારા ને ગૂઢ રહસ્યને ઉકેલવાની અપાર શક્તિ ભરી હતી છતાં) દર્શાવાયેલી હૃદયગત લઘુતાને અને ધન્ય છે અપાર માહાત્મ્યથી ભરેલી ૬૦ ગાથાઓને, અસ્ખલિત અને ચકોર-ચંદની પેઠે એક ટેક તેમજ ધ્યાનથી સાંભળનારી રાજકોટ શહેરની હજારોની સંખ્યાવાળી જનતાને!

હું પામર પણ એજ વ્યાખ્યાન શૈલિમાં મારી શક્તિ પ્રમાણે ઓતપ્રોત થયો અને તેથી એજ આચાર્યની કૃપા ને ભક્તિના બળે —

अल्प श्रुतं श्रुतवतां परिहास्य धाम।
त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम्॥

એ ન્યાયે આજે સનાથ-અનાથના અગાધ રહસ્યપૂર્ણ વિષયની ભૂમિકા માટે કંઈક લખવા તત્પર થયો છું. —

ઉત્તરાધ્યયન સૂત્રનુ આ ૨૦મું અધ્યયન મેં અને બીજા કે જેઓને તીર્થંકરવાણી પર અપાર પ્રીતિ-રુચિ-શ્રદ્ધા છે તેમણે અનેકવાર અનેક વ્યાખ્યાતા પાસે સાંભળ્યું હશે, અનેક પુસ્તક-પાનાંમાંથી વાંચ્યું પણ હશે, પણ આ મહાત્માએ જે ખૂબી, જે છટા,

જે ભાવ, જે વિચારશ્રેણી, [illegible]
શ્રોતાજનોને જ્ઞાનદશા, ભાવદશા, ભક્તિદશા, [illegible] આબેહૂબ દર્શન કરાવ્યું ને તે સાથે [illegible] અંગુલિનિર્દેશક છે. [illegible] અંગુલિ [illegible] ગણી, બીજી અંગુલિનો નિર્દેશ પણ ન થાય એમ મને તો આ ગ્રંથમાં ભાસે છે. રાજકોટમાંના—સંવત્ ૧૯૯૨ ના—ચાતુર્માસની અનેક મંગલમય વાનગીઓ છે પણ તે બધામાં **ચોવીશ તીર્થંકરોની પ્રાર્થનાનો અતિ આકર્ષક ભાગ, આ અનાથી મુનિનું ચરિત તેમજ શેઠ સુદર્શનનાં અતિ આકરી કસોટીવાળાં દર્શનો** એ ત્રણે તો ભાગ્યવાન પ્રદેશમાં અતિ અનોખી ભાત પાડી આનંદની-મંગળની અવધિ કરી છે!!

પૂજ્યશ્રીએ આપેલાં હિંદી ભાષામાં જે જે વ્યાખ્યાનો, ચરિત્રો, પ્રસ્તાવો પ્રગટ થાય છે. સિદ્ધાંતસાગરનું મંથન કરીને મોતી-રત્ન-કણિકાઓ શ્રોતાગણ પાસે, જ્ઞાન સૂર્યથી પ્રકાશિત હૃદયસ્થળ પર અનેક આકારે રચના કરી મૂકાય છે, તેનું જ આ પરિણામ છે; એટલે અનેક શ્રોતાઓને તે તે પ્રકાશનો હિંદીમાંથી ગુજરાતી ભાષામાં પ્રગટ કરવાને દરભાવ થયો તેથી જ આ બીજું પ્રકાશન, ગુજરાતી ભા અને ગુજરાતી લિપિમાં પ્રગટ કરાવી પ્રકાશકે, જૈન જનતા ઉ સારો ઉપકાર કર્યો છે.

આ ચરિત્રમાં અનેક જવાહિરો છે, તેનો હવે સંક્ષેપ દર્શ કરવા હું ઇચ્છા રાખું છું.

(૧) સંસારમાં અનાથની ગણના નીચે પ્રમાણે ગણાય છે.

૧ દ્રવ્યે અનાથ તે નિરાધાર, રંક ભિખારી.

૨ ભાવે અનાથ તે ઉપરના ભિખારીઓ પણ હો અને સંસારની રિદ્ધિથી છલકતા તવંગરો પણ હો

[illegible]

[illegible]

* [illegible]

(૨) સંસારમાં ભાગ્યે જ કોઈક એવા નિર્દોષ અને પવિત્ર... [illegible]

(૩) આવી ભાવના તો અંતઃકરણની નિર્મળતા, ક્ષમા, સંયમ અને ત્યાગ જેવી દશા જેમની હોય તેમને જ થાય છે. એ ભાવનાના ફળરૂપે પૂર્ણ થયો. પ્રભુ તીર્થંકર–કેવળજ્ઞાની, તે જ સાધુ કોટિના મહાપુરુષો અને ઊંચે ચડેલા મહર્ષિ અને દયાવીર ... [illegible]

(૪) ભગવાન અનાથી મહામુનિ, સંસારમાં શરીરની ભયંકર વેદના અસાતાવેદનીય કર્મોના ઉદય ટાણે અનુભવી ત્યારે મહાન વૈદો, ઉત્તમ દવાઓ, સંસારપક્ષે પ્રેમનાં મહાન પાત્રો, તમામ નિષ્ફળ, એમ સૌ નિષ્ફળ નીવડ્યા અને

सई च जइ मुच्चेज्जा, वेयणा विउला इओ।
खंतो दंतो निरारंभो, पव्वए अणगारियं ॥३२॥

આ વ્યથામાંથી, ફરી પણ નિષ્ફળ ન થાય તેવી આકરી ... [illegible], અને મહાન ... આત્માના અસંખ્ય પ્રદેશે, અતુલ

પુરુષાર્થને સતત ફેરવ્યો, જે [illegible] [illegible]
[illegible]
અતિ [illegible] કર્મની [illegible]
કર્મોના અંતર મર્મમાંથી જ [illegible]
શુભમાં ફેરવ્યાં પણ તે જોઈ તો [illegible]
પ્રતિજ્ઞાથી. એટલે મહાન સંકલ્પથી કે જે [illegible]
આગુઆર થઈને જ કંઈ—પણ સાંસારિક [illegible] પણ
ન કરું. આ અતિ ઉગ્ર સંકલ્પ પણ શું ન કરે? [illegible]
હોય તો કૈવલ્ય દશા પણ પ્રાપ્ત થાય. પણ એટલો ઉગ્ર સંકલ્પ
હતો છતાં જે હતો તે પણ એટલો ઉગ્ર હતો કે પોતાનું ધાર્યું [illegible]
આવ્યું; ધાર્યું ફળ એટલે શરીરના દુઃખથી છૂટવાના [illegible]
શરીર સારું થાય તો હું મારો પોતાનો અને સર્વ [illegible]
થઇ વિચરું—એ ફળની સિદ્ધિ થઇ એમ સમજવાનું છે. શરીર
વેદના મુક્ત થાય તો હું એક કરોડ સોનામહોરનું દાન કરું, [illegible]
લાખ ગાયોની રક્ષા કરું, સો સદાવ્રત ખોલાવું, પાંજરાપોળ
સ્થાપું, વગેરે સંકલ્પો કરતાં, પોતે એકલો જ સંસારથી વિરક્ત
થઇ મહાન પુરુષાર્થ સેવી, જિનપ્રણિત માર્ગે પ્રવર્તું, એ ભાવ
સંકલ્પ અતિ ઉગ્ર, અતિ ગંભીર અને અતિ આકરો છે; તેવો
વિજયી છે; તેને જ આદર્યો, તેને જ સ્વીકાર્યો એ ભાવ પણ આમાં
સ્પષ્ટ ફલિત થાય છે; માટે એ ફળની પ્રાપ્તિ પછી પણ એજ પુરુષાર્થ
વધવાનું ચાલુ રાખી તરત સંસારને છોડી, મહાનિર્ગ્રંથ—મહાનિર્ગ્રન્થ થયા.

અ.ઠે કર્મની ૧૪૮ પ્રકૃતિનાં સત્તામાં રહેલ કર્મદળના જે
અશુભ સંગ્રહ છે તે તમામને શુભ કરવાની શ્રીમાન્ તીર્થંકરે
આ એકજ દવા બતાવી છે કે—નિષ્કામ સંકલ્પ કરો. અને તે
ફળદાયી કરવા આત્મપુરુષાર્થ ફેળવો, અને એમ
ત્યાગને મોખરે રાખો, તેમજ એને માર્ગે સતત વહો—

આખું જગત્ દરેક આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક ઉપાધિ વખતે આ પ્રમાણે મહાંકરને વિચરે તો જગતનો હાલનો વ્યવહાર ફેરસો મરણ, મોંઘો, સોંઘો ને સુખકર થઇ જાય! પણ તેમ બીજા જીવો તો શું, પણ અતીવ ઉચ્ચ રિદ્ધિના ધણી, એવા સર્વે મનુષ્યોથી પણ થતું નથી, થશે નહિ અને થયું નથી, તેથી જ આ જગત્ હતું-છે અને રહીજ; છતાં એટલું ચોક્કસ કે જેઓને આ લોકમાં અને પરલોકમાં હવે પછી હમેશ સનાથ થવું છે વા રહેવું છે તેમણે, કોઇને કોઇ સમયે, અનાથી ભગવાનશ્રીએ પ્રરૂપેલી અનાથતાનો પંથ-મહાનિર્ગ્રંથનો માર્ગ લેવો જ પડશે.

(૫) જે અનાથ છે તે પોતાનો પણ નાથ નથી તેથી કોઇનો નાથ થઇ શકે નહિ, પોતાનો નાથ પ્રથમ થાય તો જ સર્વ જગત્જીવોનો નાથ થાય.

(૬) અનંત સિદ્ધો પોતે પોતાના ને પરના નાથ થયા તેથી જ સિદ્ધ સુખ-ઉત્તમ આત્મદશામાં રમણતાનું સુખ પ્રાપ્ત કર્યું.

એવી રીતે સૌ સનાથ થશે તો જગત્ થંભી જશે વા જગત્ વ્યવહાર ચાલી શકે નહિ તેની ચિંતા કરવામાં તમે ન પડતાં તમેં તમારૂં સાધી લ્યો.

(૭) શરીરની વેદનાની પેઠે કોઇ પણ ઇંદ્રિયોની અતિ ઘોર વેદના હોય, માનસિક તીવ્ર દુઃખો હોય તે સર્વે સંકટમાં, શ્રી અનાથી ભગવાને ચીલો પાડ્યો છે તે જડીબુટ્ટીએ આપણે ચાલીએ એટલે તેમના જેવું અનુપમ સુખ સેવીએ.

સમાજમાંની પૌદ્ગલિક કે આંતરિક સગવડના એ ખરૂં સુખ નથી, કલ્પવૃક્ષના કરોડ વૃક્ષો આંગણે હોઇને ધાર્યું સાંસારિક ફળ આપે તે ખરૂં સુખ નથી; પણ ખરૂં સુખ, આત્મામાં રહેલાં કર્મ દલિકને ઉડાડી, આત્માને આત્મા રૂપે પરિણમાવવામાં છે તે વાત

બરાબર શ્રદ્ધાપૂર્વક નક્કર રીતે માનીને તે [illegible] આપે [illegible]
અનુભવ સુખ, આનંદ રૂપ. આત્મિક સુખના [illegible] [illegible] આગળ
જગતે લોકનાં પૌદ્ગલિક સુખો મૂકીને એકેક આત્મિક સુખનો એક
અંશ વધે. અરે! ખરી રીતે કહું તો આ બે સુખોની સરખામણી જ
ન થાય, કારણકે આ બંનેની જાત જ જુદી છે. કરોડો સોનામહોરોના
ઢગના ઢગ હોય અને એક નક્કર પારસમણિની એક રજ જેટલી
કણી હોય તો કંઇ કરોડો સોનામહોરો. પારસમણિની તોલે આવી
ખરી છે? અરે, એની તુલના કરવી એ તો એ પારસમણિની હાંસી
કરવા બરાબર છે; કરોડો સ્ત્રીઓના વાત્સલ્ય-પ્રેમને એકઠા કરીએ
પણ કંઇ, ઉદરમાં ધારનારી, જનની અને ઉછેરનારી માતાના એક
સેકન્ડના પ્રેમની સાથે તે સરખાવી શકાય? કદી નહિ. તેજ રીતે આ
આત્મિક સુખનો આનંદ અને સાંસારિક સુખનો આનંદ છે. સરખામ-
ણી જ ન થાય, તેથીજ આવા અનુભવી સુખના માહાત્મ્ય માટે તો
શ્રદ્ધાજ રાખવી જોઇએ અને તે મેળવવા માર્ગાનુસારીના પંથે પગલાં
માંડવાં કે જેથી ધીરે ધીરે એ રસની લ્હાણી થતી જાય.

(૯) પરમ ત્યાગનો સત્સંકલ્પ કરી, પોતાનાં દુઃખ શોક નષ્ટ કરવા ઇચ્છે તો તે નિષ્ફળ ન જ જાય, સફળજ થાય. નિષ્ફળ જાય તો કાંતો તે સંકલ્પ નિષ્કામ-નિષ્પરિગ્રહી-અનાસક્ત ન હતો વા તેમાં કાંઇ કચાશ હતી.

(૧૦) માટે આપણે પોતે સનાથતા પ્રાપ્ત કરવી, સંપૂર્ણ નહિ તો જેટલી બને તેટલી હાથ કરવી, મનુષ્યભવમાં તે કાર્ય જેટલું બનશે તેટલું બીજા ભવોમાં બનવું મહાન્ કઠણ છે. વળી જૈનધર્મરૂપી વૃક્ષની છાયા નીચે જેટલું બનશે તેટલું ઇતર ધર્મના નેજા હેઠળ નહિ બને, માટે આવેલ ઉત્તમ તકનો લાભ લઇને, માર્ગાનુસારી બનો, સમ્યકત્વી શ્રાવક બનો, સાધુ બનો, કંઇક વધો, વધો ને

ા ૯૮, એ પણ ન થાય તો હાથ આ જમાનાનું ને ...,
થી અનાથ દશામાં વર્તતી કોમ, અનાથ દશા ભરેલી દેશ...
... માંહેના થાઓ તો એ ૯૮ કહો. તેઓના અંજુમાં ... હતાં.
ઉત્તમ નિમિત્તના લેખે આત્માની ઉન્નતિનું કંઈક જરૂર ભાસે.

આવા આવા અતિ ઉત્તમ આત્મિક ભાવો આ દેશના અજ્ઞ-ગમાંથી નીકળે છે તે ઝીલવાની–આદરવાની અતિ જરૂર છે. એ સિવાય, ન ગૃહસ્થ તરીકે, માતા–પિતા–ભ્રાતા–ભગિની–બાળકોના સંબંધ ના પવિત્ર ને પ્રેમાળ હોય એ, ગુણ કેળવી શકાય, મહાપુરુષોની ભક્તિ-વિનય વૈયાવચ્ચ કેમ થાય, નિરક્ષરો કેમ કહેવાય, ઉપકારીના ઉપકારો ની રીતે વાળી શકાય વગેરે અનેક સ્થૂળ ભાવો પણ કે જેનાં સમાગમાં ... ધર્મ ભાવ પ્રાપ્ત કરવામાં ઘણી જ અનુકૂળતા ... .) પૂજ્ય મહારાજશ્રીએ એવી તો દિવ્ય વાણીમાં અને અંતરની ... પ્રભાવથી ભરેલી શૈલિમાં પ્રકાશ્યા હતા કે તે વખતે તો તેને સંસાર અસાર છે, આ પ્રવચન જ સત્ય છે, એનું જ શરણ ... કરીએ, એમ જરૂર થતું હતું. જો કે અધિકારી–અધિકારીમાં ફેર ... તે પ્રમાણે અસરમાં ફેર પડે. અસર ભુંસાય વળી પાછી થાય, થોડી ભુંસાય–ન ભુંસાય, પાકા રંગની ચડી જાય, એમ તો થયાં કરે. ... એ વ્યાખ્યાન સમયમાં ખરેખર ધર્મસ્વરાજ્ય તો જરૂર પ્રવર્તતું હતું અને તેથી કહી શકાય કે—

૧ જે કામ સત્તા ન કરી શકે તે કામ મહાત્માઓ તરત કરી શકે.
૨ જે કામ ધનાઢયો કરોડો સોનામહોરોથી ન કરી શકે તે કામ મહાત્માઓ તત્કાળ કરી શકે.
૩ જે કામ શેઠીઆઓ શેઠાઇના મહત્ત્વથી વા લાગવગથી ન કરી શકે તે કામ મહાત્માઓ પોતાના મુંગા પ્રભાવથી તરત કરી શકે, આમ પ્રત્યક્ષ ભાસતું હતું.

મને આ પ્રવચનના પ્રભાવથી અલભ્ય લાભ થયો અને તે
હું ઉપર પ્રમાણે કંઇક લખી મારો ભાવ, એજ મહાત્માને
ધરૂં છું; હું એમનાં વ્યાખ્યાન અને તેમાં આવેલા ચમત્કારી વિ
સાથે સરખાઉં તો અત્યંત પામર જ જાણું છું, તોપણ ઉપર મ
ભક્તામરના છઠ્ઠા શ્લોક પ્રમાણે જેમ તેમ લખી શક્યો છું
તેઓશ્રીનો જ પ્રતાપ છે.

મારી સૌ શ્રાવક-શ્રાવિકાઓને, તેમજ ઇતર જનસમ
આગ્રહપૂર્વક વિનતિ છે કે આપ અનેક કારણોને અંગે, આ પૂજ્ય
ના ચેતનાપૂર્ણ વ્યાખ્યાનનો લાભ લેવા ન પધાર્યા હો તો
તેમના વ્યાખ્યાનમાંથી ખેંચાએલા સારરૂપ આ "**સનાથ-અ
નિર્ણય,**" "**મહાનિર્ગ્રન્થ અધ્યયન**" વા "**શ્રેણિક
અનાથી મહામુનિનો સંવાદ.**" નામના પુસ્તકને આદિથી
લગી બરાબર શાંતિથી અને તેવાજ સ્થાન ને સમયમાં વાંચી
તો જરૂર અનહદ લાભ અને દિવ્ય સુખની ઝાંખી સૌ સૌની પ
પ્રમાણે થશેજ થશે.

તથાસ્તુ; ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

રાજકોટ, દીવાનપરા.
સંવત ૧૯૯૩ કાર્તિક
એકાદશી મંગળ.

જૈન ધર્માભ્યાસી
પ્રાણજીવન મોરારજી

॥ શ્રી ॥

સનાથ-અનાથ નિર્ણય

અથવા

અનાથી શ્રેણિક સંવાદ.

સંસારનાં કોઈ પણ પ્રાણી, અનાથ કહેવાની કે અનાથ
ની ઇચ્છા રાખતા નથી. બધા લોકો સનાથ કહેવા
. જો કોઈ મનુષ્યને અનાથ કહેવામાં આવે, તો
ઘણું દુઃખ અથવા અપમાન જેવું લાગે. આ
છે કે, અનાથતા ખરાબ છે, જેને કોઈ ઇચ્છતું
ઉલટું અનાથને સૌ કોઈ પસંદ કરે છે.
કોઈ તિરસ્કાર કરતું નથી. પરન્તુ જોવાનું એ
તા અને અનાથતા કોને કહે છે?

લોકો, પોતાના પર કોઈ રક્ષક, સહાયક
કરનાર ન હોય, એને અનાથતામાં ગણે છે.
રીતે જેનો કોઈ રક્ષક નથી, કોઈ સગા સંબંધી
પરિજન, જેની સહાયતા કરનાર નથી, અને
કે જનસમૂહનો કૃપા પાત્ર નથી, તે પ્રાણીને
અનાથ કહે છે. એથી ઉલટું, જે પ્રા...
...ભક્તિ રક્ષક છે, જેને કોઈની
અને જેના પર કૃપા કરનારા ...

મને આ પ્રવચનના પ્રભાવથી અલભ્ય લાભ થયો અને તેથી જ હું ઉપર પ્રમાણે કંઇક લખી મારો ભાવ, એજ મહાત્માને ચરણે ધરૂં છું; હું એમનાં વ્યાખ્યાન અને તેમાં આવેલા ચમત્કારી વિસ્તાર સાથે સરખાઉં તો અત્યંત પામર જ ભાસું છું, તોપણુ ઉપર બતાવેલા ભકતામરના છઠ્ઠા શ્લોક પ્રમાણે જેમ તેમ લખી શકયો છું તે તેઓશ્રીનો જ પ્રતાપ છે.

મારી સૌ શ્રાવક-શ્રાવિકાઓને, તેમજ ઇતર જનસમાજને આગ્રહપૂર્વક વિનતિ છે કે આપ અનેક કારણોને અંગે, આ પૂજ્યશ્રી-ના ચેતનાપૂર્ણ વ્યાખ્યાનનો લાભ લેવા ન પધાર્યા હો તો જરૂર તેમના વ્યાખ્યાનમાંથી ખેંચાએલા સારરૂપ આ **"સનાથ-અનાથ નિર્ણય," "મહાનિર્ગ્રન્થ અધ્યયન"** વા **"શ્રેણિક અને અનાથી મહામુનિનો સંવાદ."** નામના પુસ્તકને આદિથી અંત લગી બરાબર શાંતિથી અને તેવાજ સ્થાન ને સમયમાં વાંચી જોશો તો જરૂર અનહદ લાભ અને દિવ્ય સુખની ઝાંખી સૌ સૌની પાત્રતા પ્રમાણે થશેજ થશે.

તથાસ્તુ; ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:

રાજકોટ, દીવાનપરા. જૈન ધર્માભ્યાસી
સંવત ૧૯૯૩ કાર્તિક **પ્રાણજીવન મોરારજી શાહ.**
એકાદશી મંગળ.



॥ શ્રી ॥

સનાથ-અનાથ નિર્ણય

અથવા

અનાથી શ્રેણિક સંવાદ.

સંસારનાં કોઇ પણ પ્રાણી, અનાથ રહેવાની કે અનાથ બનવાની ઇચ્છા રાખતા નથી. બધા લોકો સનાથ રહેવા ઇચ્છે છે. જો કોઇ મનુષ્યને અનાથ કહેવામાં આવે, તો તેથી તેને ઘણું દુઃખ અથવા અપમાન જેવું લાગે. આ પરથી સ્પષ્ટ છે કે, અનાથતા ખરાબ છે, જેને કોઇ ઇચ્છતું નથી. એથી ઉલટું સનાથને સૌ કોઇ પસંદ કરે છે. સનાથતાનો કોઇ તિરસ્કાર કરતું નથી. પરન્તુ જોવાનું એ છે કે સનાથતા અને અનાથતા કોને કહે છે?

સંસારના લોકો, પોતાના પર કોઇ રક્ષક, સહાયક તેમજ કૃપા કરનાર ન હોય એને અનાથતામાં ગણે છે. વ્યક્તિગત રીતે જેનો કોઈ રક્ષક નથી, કોઇ સગા સંબંધી તેમજ મિત્ર પરિજન, જેની સહાયતા કરનાર નથી, અને જે કોઇ વ્યક્તિ કે જનસમૂહનો કૃપા પાત્ર નથી, તે પ્રાણીને સંસારી જનો અનાથ કહે છે. એથી ઉલટું, જે પ્રાણીનો કોઇ વિશિષ્ટ વ્યક્તિ રક્ષક છે, જેને કોઇની સહાયતા મળેલી હોય છે. અને જેના પર કૃપા કરનારા મોજૂદ છે.

[illegible] સુરક્ષિત છે.

મહામુનિ અનાથીજીએ કહેલા વર્ણનનો પ્રારંભ, શાસ્ત્રકારોએ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં આ પ્રમાણે કર્યો છે:—

सिद्धाणं नमो किच्चा संजयाणं च भावओ ।
अत्थधम्मगतिं तच्चं अणुसिट्ठिं सुणेह मे ॥१॥

ભાવાર્થ:—સિદ્ધ અને સંયતિને ભાવપૂર્વક નમસ્કાર કરીને, અર્થ અને ધર્મનું સત્ય સ્વરૂપ જણાવવા માટે શાસ્ત્ર અથવા ઉપદેશને કહું છું, તેને સાંભળો:—

આ કથાને કહેનાર વક્તા, શ્રી સુધર્માસ્વામી-જેઓ ભગવાન મહાવીરના પાંચમા ગણધર અને પટ્ટશિષ્ય હતા-છે, અને શ્રોતા, શ્રી જંબૂસ્વામી છે. એ બંને મહાનુભાવોને પરસ્પર ગુરુ-શિષ્યનો સંબંધ છે. શ્રી સુધર્માસ્વામીએ શ્રી જંબૂસ્વામીને કહ્યું છે કે, "અર્થ અને ધર્મની તરફ લઈ જનાર શિક્ષા (સદ્બોધ), હું સિદ્ધ અને સંયતિને નમસ્કાર કરીને કહું છું. તમે તે ધ્યાનપૂર્વક સાંભળો."

સિદ્ધ અને સંયતિને નમસ્કાર કરીને વક્તા મહોદયે, કથાનું મંગળાચરણ કર્યું છે. પ્રત્યેક શુભ કાર્યમાં મંગળાચરણ કરવું, એક અતિ જરૂરનું કર્તવ્ય મનાય છે. મંગળાચરણ પછી વક્તા મહોદયે, શ્રોતા મહોદયને બોધ સાંભળવા માટે સાવધાન રહેવાની સૂચના આપી છે.

શ્રી સુધર્માસ્વામી દ્વારા કરવામાં આવેલ મંગળાચરણ પરથી એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, શ્રી સુધર્માસ્વામીએ મંગળાચરણમાં સિદ્ધ અને સંયતિને જ નમસ્કાર કેમ કર્યો? અરિહન્ત. આચાર્ય અને ઉપાધ્યાયને નમસ્કાર કેમ કર્યા નહિ?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, સિદ્ધ અને સંયતિને નમસ્કાર કરવાથી અરિહન્ત, આચાર્ય અને ઉપાધ્યાયને પણ નમસ્કાર થઈ જાય છે. અરિહન્તની ગણના સિદ્ધમાં પણ થઈ શકે છે, અને સાધુઓમાં પણ થઈ શકે છે. હવે રહ્યા માત્ર આચાર્ય અને ઉપાધ્યાય. આચાર્ય અને ઉપાધ્યાય તો સાધુજ છે એટલે એમની ગણના સાધુઓમાં થવી સ્વાભાવિક છે

મંગળાચરણ કરીને તેમજ શ્રોતાગણને સાવધાનીથી શ્રવણ કરવાની સૂચના દઈને, શ્રી સુધર્માસ્વામી કહેવા લાગ્યાઃ—

पभूयरयणो राया, सेणिओ मगहाहिवो ।
विहारजत्तं निज्जाओ, मंडिकुच्छिंसि चेइए[1] ॥२॥

ભાવાર્થ:—ઘણા રત્નોને ધારણ કરનાર અથવા ઘણા રત્નોના માલિક, મગધાધિપતિ રાજા શ્રેણિક ક્રીડાને માટે નીકળ્યો અને મંડીકુક્ષ નામના બાગમાં આવ્યો.

શ્રી સુધર્માસ્વામીએ, ધર્મ તરફ ગતિ કરવાનો સાચો ઉપાય આ કથા દ્વારા બતાવવાનો પ્રારંભ કર્યો. પ્રત્યેક કથાના પ્રારંભમાં કથાનું પાત્ર, સ્થાનાદિનો પરિચય આપવો આવશ્યક છે. આ કથાના બે પાત્રો છે. એક મહારાજા શ્રેણિક અને બીજા મહામુનિ અનાથી.

આ ગાથામાં વક્તા મહોદયે કથાના એક પાત્ર-મહારાજા શ્રેણિકનો પરિચય આપ્યો કે, તે મગધ દેશનો રાજા અને ઘણા રત્નોનો માલિક હતો. અથવા સંપત્તિશાળી હતો. રાજા શ્રેણિકનો પરિચય આપીને, વક્તા મહોદયે કથાનો પ્રસંગ બતાવ્યો છે કે આ કથા કયા પ્રસંગોને કારણે બની? એને માટે કહ્યું છે કે તે રાજા શ્રેણિક વિહાર–માનસિક વિનોદ માટે નીકળીને મંડિકુક્ષ નામના ઉદ્યાન (બાગ) માં આવ્યો. અર્થાત્ આ વર્ણનનું સ્થાન મંડિકુક્ષ ઉદ્યાન હતું. એ ઉદ્યાન કેવું હતું એને માટે સુધર્માસ્વામી કહે છે:—

---

१ चैत्ये=इत्युद्याने (बृहद्वृत्ति)

नाणादुमलयाइण्णं, नाणापक्खिनिसेवियं ।
नाणाकुसुमसंछन्नं, उज्जाणं नंदणोवमं ॥३॥

ભાવાર્થ:—અનેક પ્રકારનાં વૃક્ષ અને લતાઓથી આચ્છાદિત એ ઉદ્યાન અનેક પ્રકારનાં પુષ્પોથી નંદનવન સમું સુશોભિત હતું. અનેક પ્રકારનાં પક્ષીઓ એ ઉદ્યાનમાં નિવાસ કરતાં હતાં.

આ રીતે બાગની સુંદરતાનું વર્ણન કરીને શ્રી સુધર્મા સ્વામી કહેવા લાગ્યા:—

तत्थ सो पासई साहुं, संजयं सुसमाहियं ।
निसन्नं रुक्खमूलम्मि, सुकुमालं सुहोइयं ॥४॥

ભાવાર્થ:—રાજા શ્રેણિકે, એ બાગમાં એક વૃક્ષની નીચે, સમાધિ સહિત, નિશ્ચલ બેઠેલા એક સાધુને જોયા, જેમનું શરીર સુકુમાર તેમજ ભોગ ભોગવવા યોગ્ય હતું.

तस्स रूवं तु पासित्ता, राइणो तंमि संजए ।
अच्चंतपरमो आसी, अउलो रूवविम्हओ ॥५॥

ભાવાર્થ:—એ સાધુનું ઉત્કૃષ્ટ અને અનુપમ રૂપ દેખીને, રાજા શ્રેણિકને ઘણું આશ્ચર્ય થયું.

કોઈ વિશિષ્ટ પ્રકારની વસ્તુ કે વાત, જે કદી દેખી કે સાંભળી ન હોય, તે દેખવા-સાંભળવાથી પણ આશ્ચર્ય થાય છે. સામાન્ય વસ્તુ કે વાત દેખવા-સાંભળવાથી આશ્ચર્ય થતું નથી. જો આ મુનિનું રૂપ સાધારણ હોત, તો રાજા શ્રેણિકને આશ્ચર્ય ન થાત. કેમકે તે પોતે પણ ઘણો સુંદર હતો. એના રૂપને દેખીને કેટલીક સાધ્વીઓ,

ચેલણા રાણીના ભાગ્યની, આવો સુંદર પતિ મળ્યા બદ
પ્રશંસા કરતી હતી. તથા પોતાનાં તપ અને સંયમનાં ફ
તરીકે બીજા ભવમાં આવોજ સુંદર પતિ મેળવવાની ઇચ્
કરતી હતી. આ રાજા શ્રેણિક કે જેનાં રૂપની કેટલી
સાધ્વીઓ પણ પ્રશંસા કરતી હતી, તે રાજા મુનિના રૂપ
દેખી આશ્ચર્ય પામવા લાગ્યો, એથી ખુલ્લું છે કે તે મુ
અનુપમ સુંદર હતા. રાજા શ્રેણિકે, જો કદાચ કોઈ બીજા
એ મુનિના જેટલાજ સુંદર દેખ્યા હોત, તો તેને આશ્
ન થાત, કેમકે પછી તેને માટે મુનિનું રૂપ અપ્રતિ
(અદ્ભુત) ન રહેત, પણ સામાન્ય રહેત.

રાજા શ્રેણિક આશ્ચર્ય સાથે વિચારવા લાગ્યો કે,
આ બાગમાં અનેકવાર આવ્યા કરૂં છું, પરન્તુ આ
આ મુનિના બેસવાથી બાગ જેટલો મનોહર થઇ ગયો
(લાગે છે), તેટલો મનોહર તે આજ સુધી કે કદી ન્હોતે
માલૂમ પડે છે કે, જે પ્રમાણે ચંદ્રમા, તારાઓને તેજસ્
બનાવે છે અને ચંદ્રમાએ આપેલા પ્રકાશથી તારાઓ
સમૂહ પણ પ્રકાશિત બની રહે છે તે પ્રમાણે આ મુ
પણ બાગનાં વૃક્ષાદિને સૌંદર્ય આપી રહ્યાં છે અને મુનિ
આપેલા સૌંદર્યથી બાગ પણ રમ્ય અને મનોહર
રહેલ છે. આ મુનિનાં રૂપની સમાનતા કરવામાં ઇંદ્રાદિ
દેવ પણ સમર્થ બની શક્તા નથી.

મુનિના રૂપથી આશ્ચર્યચકિત બનેલો રાજા શ્રેણિ
મનમાં કહેવા લાગ્યોઃ—

अहो वण्णो अहो रूवं, अज्जस्स सोमया ।
अहो खंती अहो मुत्ती अहो भोगे असंगया ॥६॥

ભાવાર્થ:—અહા! આ આર્યનો વર્ણ (રંગ) કેવો છે! એનું રૂપ કેવું છે! કેવી સૌમ્યતા અને શીતળતા છે! કેવી ક્ષમા છે! કેવી નિર્લોભતા છે! અને ભોગોથી કેવી નિસ્પૃહતા છે!

ત્યાગવા લાયક બુરાં કામોને ત્યાગીને, એ કામોથી બચતા રહેનારને 'આર્ય' કહે છે. એ થયો આર્ય શબ્દનો સમુચ્ચય અર્થ. વળી જે ત્યાગવા યોગ્ય વિષયનાં બુરાં કાર્યોને ત્યાગી, તે બુરાં કાર્યોથી બચતો રહે છે, તેને તે વિષયના આર્ય કહે છે. જેમકે ધર્મ-આર્ય, સમાજ-આર્ય આદિ. રાજા શ્રેણિકે એ મુનિને 'આર્ય' માન્યા, એથી એ તો ખુલ્લું છે કે, રાજા શ્રેણિક જાણતો હતો કે, ક્રોધ, લોભ, અક્ષમા, વિશ્વાસઘાત આદિ દુર્વિષયો ત્યાગવા યોગ્ય છે. અને એથીજ તે શ્રેણિક રાજા એ દુર્વિષયોને ત્યાગનાર પ્રતિ માનની દૃષ્ટિએ જોતો હતો.

વર્ણનો અર્થ રંગ છે. રંગમાં પણ આકર્ષણ હોય છે. સારો રંગ, હૃદયને, પોતાની તરફ ખેંચીજ લ્યે છે. મનુષ્યનો સારો યા નરસો રંગ, શરીરના કાળાપીળાના ભેદથી નથી હોતો, પરન્તુ સદાચાર અને દુરાચારના ભેદથી હોય છે. સદાચારનાં પાલનથી, શરીર પર એક વિશેષ પ્રકારનો ઉત્કૃષ્ટ રંગ ખીલી નીકળે છે, જે દેખનારને લલચાવ્યા વિના રહેતો નથી. દુરાચારીનો વર્ણ એનાથી વિપરીત હોય છે. અનેક વસ્ત્રાભૂષણ ધારણ કરવાથી તેમજ

કૃત્રિમ ઉપાયોથી સુંદર રંગ બનાવવાની પ્રવૃત્તિ કરવા છતાં પણ દુરાચારીના શરીરનો રંગ, દેખાડનારને પોતાની તરફ લલચાવવામાં અસમર્થ બને છે.

રૂપનો અર્થ આકૃતિની સુંદરતા છે. બીજાને લલચાવનાર, બીજાના હૃદય પર પોતાનો પ્રભાવ પાડનાર રૂપ જ વાસ્તવિક રૂપ છે.

સરળતા, ક્ષમા અને નિર્લોભતા પણ ચહેરા પરથી સ્પષ્ટ દેખાઇ આવે છે. વિવેકવાનની દૃષ્ટિમાં, સરળ અને કપટી, ક્ષમાશીલ અને ક્રોધી, નિર્લોભી અને લોભી છૂપા રહેતા નથી. ચતુર મનુષ્ય કોઇને દેખીનેજ જાણી લ્યે છે કે આ કેવો છે?

કોઇ રાગી મનુષ્ય પોતાની રાગવાળી વસ્તુ અથવા જેના પર તેને રાગ છે તે મનુષ્યને દેખવાથી તેને સુંદર માની લ્યે એ સ્વાભાવિક છે, પરન્તુ તે મનુષ્ય દ્વારા સુંદર મનાયેલ વસ્તુ યા વ્યક્તિ વાસ્તવિક રીતે સુંદરજ છે એમ કહી શકાતું નથી. કેમકે તે રાગ રાખનાર, તે પદાર્થ (વસ્તુ) યા વ્યક્તિ સાથે રાગ હોવાના કારણેજ સુંદર માની રહેલ છે-નહિ કે તેની વાસ્તવિક સુંદરતાને કારણે. ઉદાહરણ અર્થે-સુવર વિષ્ટાને સુંદર માને છે, પરન્તુ વિષ્ટા સુંદર વસ્તુ છે એ વાત કોઇ સ્વીકારશે નહિ. સુવરને વિષ્ટા પર રાગ છે, એ કારણે તે વિષ્ટાને સુંદર માની રહેલ છે. વસ્તુતઃ તેમાં ખાવા યોગ્ય સુંદરતા નથી.

રાજા શ્રેણિકને એ મુનિ પર રાગ હોય અને એ રાગથી તે મુનિના અંગ, રૂપને સુંદર માનતો હોય, એ તો વાત જુદી હતી, પરન્તુ રાજાને આ મુનિ પર રાગ ન હતો. રાજા શ્રેણિક પોતે પણ સુંદર હતા, અને બધા પ્રકાર પણ પરિચિત હતા, પણ એ મુનિનાં શરીર પર કાંઇ વસ્ત્ર હતું કે નહિ હોય, એમ કરતાં પણ રાજાને આ મુનિ અદ્ભુત સુંદર લાગ્યા, એથી સ્પષ્ટ છે કે એ મુનિનું સ્વાભાવિક રૂપજ અનુપમ હતું.

રૂપ રંગમાં પણ એવું આકર્ષણ હોય છે કે આકર્ષિત વ્યક્તિ ભાન પોતાનેજ ભૂલી જાય છે. કહેવામાં આવે છે કે એક વાર ગોકુળની ગોપીઓ કાંઇ ધાર્મિક સ્થાન પર દીપક જગાવવા ગઇ હતી, એટલામાં તે તરફ કૃષ્ણ આવી ગયા. કૃષ્ણનું રૂપ, છટા જોઇને ગોપીઓ પોતાને એવી રીતે ભૂલી ગઇ, કે એમણે દીપકની બત્તી સળગાવવાને બદલે પોતપોતાની આંગળીજ સળગાવી દીધી. એમને એ પણ ખબર ન પડી કે, અમે અમારી આંગળી સળગાવી રહ્યા છીએ કે દીપક. આજ પ્રમાણેની વાત મુસલમાનોના પયગમ્બર યુસુફને માટે પણ કહેવામાં આવે છે કે યુસુફ ઘણા સુંદર હતા એક વાર કેટલીક સ્ત્રીઓ, જેઓ યુસુફની પાસે ઉભી રહીને યુસુફને જોઈ રહી હતી તેમને એક એક લીંબુ કાપવા માટે આપવામાં આવ્યું. તે સ્ત્રીઓ, યુસુફના રૂપથી આકર્ષાઇને, ભાન પોતાને એ રીતે ભૂલી ગઇ હતી કે, તેમણે લીંબુને બદલે પોત પોતાની આંગળી કાપી લીધી. અને એ સ્ત્રીઓને આ બાબતની ખબર પણ ન પડી.

ગોપીઓ અને આ સ્ત્રીઓને, કૃષ્ણ તથા મૃગુકના રૂપ પર આ પ્રમાણે આકર્ષિત થવામાં મોહનું કારણ પણ હોઇ શકે છે, પરન્તુ રાજા શ્રેણિકને આ મુનિનાં રૂપ પર આકર્ષિત થવામાં આ કારણ પણ ન હતું, કારણકે રાજા શ્રેણિક આ વખતે બૌદ્ધ-મતાવલમ્બી હતો, એથી તેનામાં જૈન સાધુઓ પ્રતિ વિશેષ ભક્તિ પણ ન હતી. કેટલીકવાર તે જૈન સાધુઓનો તિરસ્કાર કરવાની નિષ્ફળ કોશિશ પણ કરી ચૂકયો હતો. જૈન સાધુઓ પ્રત્યે ભક્તિ ન હોવાથી અને તેમનું અપમાન કરવાની ભાવના હોવાથી પણ રાજા શ્રેણિક, એ મુનિના રૂપથી એવી રીતે આકર્ષિત તેમજ પ્રભાવિત બન્યો કે તેને એ યાદજ ન રહ્યું કે આ મુનિ રાણી ચેલણાના ગુરૂઓમાંના છે, જેમને અપમાનિત કરવાની મેં ઘણીવાર કોશિશ કરી છે. રાજા શ્રેણિક આ બાગમાં માત્ર માનસિક વિનોદને માટેજ આવ્યો હતો, પણ પૂર્વસંચિત પુણ્યના પ્રતાપે અહીં તેને સત્યધર્મની પ્રાપ્તિ થવાની હતી, તેથી તે પોતાના હૃદયના દુર્ભાવોને ભૂલી ગયો અને—

तस्स पाए उ वंदित्ता,काऊण य पयाहिणं ।
नाइदूरमणासन्ने, पंजली पडिपुच्छई ॥७॥

ભાવાર્થ:—રાજા શ્રેણિક, એ મુનિનાં ચરણોને વંદન કરીને, એમની પ્રદક્ષિણા કરી, અને બહુ નજીક નહિ તેમ બહુ દૂર નહિ એવી રીતે બેસીને, હાથ જોડી તે આ મુનિને પૂછવા લાગ્યો.

તે ક્ષત્રિય રાજા કે જે પોતાનું મસ્તક પ્રાણ જતાં પણ બીજા કોઇની પાસે વિશેષેકરીને જેના પર પ્રેમ

નથી એવા કોઇની આગળ ઝુકાવતો ન હતો. તે રાજાએ મુનિના પગમાં પોતાનું શિર ઝુકાવ્યું. વળી મુનિની પ્રદક્ષિણા કરીને તે સભ્યતાનુસાર એ રીતે બેઠો કે બહુ નજીક નહિ તેમ બહુ દૂર નહિ, એમ કરીને રાજા શ્રેણિક હાથ જોડીને મુનિને પૂછવા લાગ્યોઃ—

तरुणो सि अज्जो पव्वइओ, भोगकालम्मि संजया।
उवट्ठिओ सि सामण्णे, एयमट्ठं सुणेमिता ॥८॥

ભાવાર્થઃ—હે આર્ય, હું એ સાંભળવા ઇચ્છું છું કે આપ ભોગને લાયક આ તરુણવયમાં સંયમમાં કેમ તત્પર થયા?

રાજા શ્રેણિક અત્યાર સુધી એમ સમજે છે કે, મનુષ્ય-શરીર અને વિશેષેકરીને યુવાવસ્થા માત્ર ભોગનેજ અર્થે છે. એની પ્રાપ્તિનું બીજું કોઇ કારણ નથી. આ સમજ પરથીજ એને આ તરુણ મુનિને દેખી એમ જાણવાની જિજ્ઞાસા થઇ કે એમણે ભોગોને છોડી, દીક્ષા કેમ લઇ લીધી? અર્થાત્ એમને કોઇ પ્રકારનું દુઃખ હતું, ભોગ ભોગવવાની કે ભોગપ્રાપ્તિની તેમને અનુકૂળતા ન હતી, એથી દીક્ષા લીધી છે કે હઠવશ-માત્ર આ મનુષ્ય શરીર તથા આ યુવાવસ્થા તેમજ સુંદરતાનું અપમાન કરવા માટે-સંયમ લીધો છે.

રાજા શ્રેણિકના આ પ્રશ્ન પરથી તો એ અર્થ નીકળે છે કે, તે તરુણાવસ્થાના ભોગને યોગ્ય સમજતો હતો, સંયમને યોગ્ય ન્હોતો સમજતો અને ભોગોનેજ ઉત્તમ

માનતો હતો. સંયમને ઉત્તમ માનતો ન હતો. છતાં પહેલાં તેણે મુનિના રૂપરંગ સાથે મુનિની ક્ષમા, સરળતા આદિની જે પ્રશંસા કરી છે તે પર વિચાર કરવાથી માલૂમ પડે છે કે તે સંયમનેજ ઉત્તમ સમજતો હતો, ભોગને ઉત્તમ સમજતો ન હતો. આ રીતે આ બંને વાતો પરસ્પર વિરોધી ઠરે છે. એથી સંભવ છે કે રાજા શ્રેણિક સંયમનેજ ઉત્તમ માની રહ્યો હોય અને મુનિ પાસેથી સંયમ લેવાનું કારણ જાણી લેવા માટે તેણે સંયમના વિરોધી પક્ષને ગ્રહણ કર્યો હોય અને એટલા વાસ્તેજ તેણે યુવાવસ્થાને કેવળ ભોગને લાયક બતાવી હોય.

રાજા શ્રેણિકના પ્રશ્નના ઉત્તરમાં તે મુનિ કહેવા લાગ્યા—

अणाहोमि महारायं, णाहो मज्झ न विज्जई।
अणुकंपगं सुहिं वावि, कंचि नाभिसमेमहं ॥९॥

ભાવાર્થ:—હે મહારાજ, હું અનાથ હતો. મારા પર કોઇ એવો [illegible] ન હતો કે જે મારા પર કૃપા રાખે. તેમજ ની [illegible] તથા મેળવેલી વસ્તુની રક્ષા કરે. કોઇ એવો [illegible] ન હતો કે જે મારા પર દયા કરીને મને થોડું પણ [illegible]

[illegible] અભિપ્રાય એ છે કે મારા માથે કોઇ [illegible] કોઇ કૃપા કરીને સુખ આપનાર ન હતો [illegible], એટલા માટે મેં સંયમ લઇ લીધો [illegible] ઉત્તરથી સાધારણ બુદ્ધિવાળા સ્વાભાવિક [illegible] કે [illegible] મરીગયા હશે એથી સાધુ બની

હતો; પરન્તુ અનાથી મુનિના ઉત્તરમાં અતિ ગૂઢ તત્ત્વ રહેલું છે જે આગળ સ્પષ્ટ થશે.

રાજા શ્રેણિક, મુનિના રૂપ, રંગ યૌવન વગેરેને દેખીનેજ આશ્ચર્યમાં પડ્યો હતો અને આશ્ચર્યાધીન બનીનેજ તેણે મુનિને આ પ્રશ્ન પણ કર્યો હતો, પરંતુ મુનિના ઉત્તરથી રાજાનું આશ્ચર્ય ઘટવાને બદલે ઊલટું વધારે વધી ગયું. એ વિચારવા લાગ્યો કે, જેને દેખીને દુશ્મનનાં હૃદયમાં પણ આનંદ થાય તે અનાથ કેવી રીતે હોઇ શકે? શું સંસારમાં ગુણગ્રાહક તેમજ સૌંદર્યઉપાસકનો અભાવ થઇ ગયો છે કે જે આવા સરળ, સુંદર અને ગુણવાન યુવકને નાથ કે મિત્ર ન મળ્યો, શું બુદ્ધિમાન તેમજ વિચારવાન લોકોની સંસારમાં કાંઇ ખોટ પડી ગઇ છે કે નાથ અથવા મિત્રના અભાવે આમને દીક્ષા લેવી પડી! આ પ્રમાણે મુનિના ઉત્તરથી આશ્ચર્યમાં પડીને:—

तओ सो पहसिओ राया, सेणिओ मगहाहिवो ।
एव ते इड्ढिमतस्स, कह णाहो न विज्जई ॥१०॥

"ભાવાર્થ —મુનિનો ઉત્તર સાંભળીને શ્રેણિક રાજા હસી પડ્યો અને મુનિને કહેવા લાગ્યો કે જે આ પ્રકારની ઋદ્ધિથી સંપન્ન છે, તેને નાથ ન હોય એ કેમ બની શકે?"

સંસારના ઘણા લોકો, ધન વૈભવાદિનેજ ઋદ્ધિ માને છે પરન્તુ પોતાને અનાથ કહેનાર આ મુનિની પાસે એક પૈસાની પણ સંપત્તિ નથી. બીજી તરફ રાજા શ્રેણિક

[illegible]

ઉદય થાય.

મુનિના ઉત્તરથી રાજા [illegible]. પણ રાજા બુદ્ધિમાન હોવાથી તેણે વિચાર કર્યો કે મુનિના પ્રત્યુત્તરમાં હું તેમની વાત કેમ ન કહું કે જેથી મારું આશ્ચર્ય પણ મટી જાય અને મુનિ દ્વારા અપાયેલ ઉત્તરનો અર્થ પણ ખુલી જાય. આ પ્રમાણે વિચારીને, રાજા શ્રેણિક એ મુનિ પ્રત્યે કહેવા લાગ્યા:—

होमि नाहो भयंताणं, भोगे भुंजाहि संजया ।
मित्तनाईपरिवुडो, माणुस्सं खु सुदुल्लहं ॥११॥

"ભાવાર્થ:—હે ભયત્રાતા સંયતિ! હું આપનો નાથ થાઉં છું. આ મનુષ્ય ભવ અતિ દુર્લભ છે. માટે જ્ઞાતિ મિત્ર સાથે મળીને ભોગ ભોગવો."

રાજા શ્રેણિક કહે છે કે હે સંયતિ! પહેલાં તો એ સંભવ ન હતો કે આપ જેવા ઋદ્ધિસંપન્નને કોઇ નાથ નહિ હોય. કદાચ આપનું કથન યથાર્થ હોય અને આપે અનાથ હોવાનાં કારણે સંયમ લીધો હોય, તો લ્યો, હું તમારો નાથ બનું છું. હવે તો આપ અનાથ રહેતા નથી, એટલા માટે ઊઠો, અને મારી સાથે ચાલો. આ દુર્લભ મનુષ્ય જન્મ આ રીતે સંયમમાં વિતાવવા માટે નથી, પણ પુણ્યથી મળેલાં ભોગોનો ઉપભોગ કરવા માટે છે, એટલા માટે સંસારના ભોગ ભોગવો. હું આપનો નાથ બની જવાથી આપને કોઇ પણ પ્રકારના ભોગોની તંગી રહેશે નહિ. હું આપને પરાધીન બનાવવા માટે આપનો નાથ નથી બનતો, પણ આપની અનુકૂળતા (સગવડ)ને માટે, આપનું દુઃખ મટાડવાને માટે અને આપને ભોગસામગ્રીઓ પૂરી પાડવાને માટેજ, આપનો નાથ બની રહ્યો છું. એટલા માટે આપ વિના વિલંબે મારી સાથે ચાલો. મને પણ આપના નાથ બનવામાં ખૂબ આનંદ થાય છે. દુઃખ તો એ છે કે આપ મને પહેલા ન મળ્યા. જો પહેલાંજ મળી ગયા હોત તો આપને સંયમ લેવોજ ન પડત.

રાજાના આ કથનમાં કાંઇક રહસ્યછે. "મારો કોઇ નાથ ન હતો, એથી હું સંયમમાં પ્રવર્જિત થયો."

એ પ્રમાણેની મુનિની, આ વાત પર રાજાને વિશ્વાસ આવ્યો નહિં. તેણે મુનિનાં કથનની યથાર્થતા જાણવા માટે, કોઇ બીજા ઉપાયને બદલે મુનિના નાથ બનવાના ઉપાયનું અવલંબન લેવાનું તેણે ઉચિત માન્યું. તેણે વિચાર્યું, કે જો મુનિનું કથન સત્ય હશે તો હું નાથ બનુંજ છું. મારા નાથ બનવાથી જો તે સંયમનો ત્યાગ કરી મારી સાથે આવશે તો મને એક અદ્વિતીય ઋદ્ધિસંપન્ન વ્યક્તિની પ્રાપ્તિ થશે. અને જો કદાચ આ મુનિએ માત્ર બહાનું બતાવવા માટે પોતાને અનાથ તરીકે ઓળખાવ્યા હશે, તો મારા આ કથનથી મારી ઉદારતાનું દિગ્દર્શન થતાંની સાથેજ, મુનિની વાતનું સાચું રહસ્ય પણ સ્પષ્ટ થશે. એ ઉપરાંત હું રાજા છું. કોઇ પોતાનું દુઃખ મારી સામે જાહેર કરે, તો તેનાં દુઃખને મટાડવું એ મારું કર્તવ્ય છે. આ મુનિએ અનાથતાનાં દુઃખથી દુઃખિત બનીને દીક્ષા લીધાની વાત કહી છે, એથી પણ જો હું તેનો નાથ ન બનું, એની અનાથતા ન મટાડું, તો પછી હું રાજાજ શેનો? જો વૃક્ષ, તાપથી પીડિત પ્રાણીઓને છાયા આપીને શાંતિ ન પહોંચાડી શકે તો તે વૃક્ષ શાનું? એટલા માટે 'હું તમારો નાથ બનું છું' એ પ્રમાણેનું મારે કહેવું, એ મારૂં કર્તવ્ય પણ છે. એ રીતે અનેક કારણોને દૃષ્ટિમાં રાખીનેજ રાજા શ્રેણિકે મુનિને આ કહ્યું કે 'હું તમારો નાથ બનું છું.'

રાજા શ્રેણિકે, ભોગોના ત્યાગી મુનિને ભોગ ભોગવવાને માટે આમંત્રિત કરીને એક પ્રકારની મુનિની આશાતના

કરી, છતાં પણ એ મુનિ રાજા પર ક્રોધાયમાન ન થયા, તેમ તેમણે રાજાની વાતથી કશુંયે દુઃખ પણ અનુભવ્યું નહિ. તે જાણતા હતા કે મેં જે અભિપ્રાયથી મને પોતાને અનાથ કહ્યો, તે અભિપ્રાયને રાજા જાણતો નથી એથી તે મારો નાથ બનવા તૈયાર થયો છે. અને મને ભોગોની લાલચ આપી રહ્યો છે. રાજાની વાતના ઉત્તરમાં મુનિએ રાજાને કહ્યું:—

अप्पणा वि अणाहोऽसि, सेणिया मगहाहिवा ।
अप्पणा अणाहो सन्तो, कस्स नाहो भविस्ससि ? ॥१२॥

ભાવાર્થ:—હે મગધાધિપ શ્રેણિક, તું પોતે પણ અનાથ છે. જ્યારે તુ પોતે પણ અનાથ છે, તો પછી મારો નાથ કેવી રીતે બની શકીશ?

મુનિની આ વાત સાંભળીને:—

एवं वुत्तो नरिंदो सो, सुसंभंतो सुविम्हिओ ।
वयणं अस्सुयपुव्वं, साहुणा विम्हयंनिओ ॥१३॥

ભાવાર્થ:—પૂર્વે કદી કોઈ પાસેથી સાંભળી ન હતી એવી વાત આ મુનિના મુખથી સાંભળીને, રાજા શ્રેણિકને એટલું તો આશ્ચર્ય થયું કે તેનું ચિત્ત ગભરાઈ ગયું.

રાજા શ્રેણિકને, એક તો મુનિના રૂપ રંગાદિથી તો આશ્ચર્ય થયું હતું, તે સાથે બીજું પણ એ આશ્ચર્ય થઈ રહ્યું હતું કે આવા રિદ્ધિમાન અનાથ કેમ! એટલામાંજ મુનિના આ કથને બીજું પણ આશ્ચર્ય ઉત્પન્ન કર્યું. તે વિચારવા લાગ્યો કે મે મારૂ સમાધાન કરવા, મારૂં આશ્ચર્ય

[illegible]

अस्सा हत्थी मणुस्सा मे, पुरं अंतेउरं च मे ।
भुंजामि माणुसे भोए, आणा इस्सरियं च मे ॥१४॥
एरिसे संपयग्गम्मि, सव्वकामसमप्पिए ।
कहं अणाहो भवइ, मा हु भंते मुसं वए ॥१५॥

ભાવાર્થ:—મારે ત્યાં હાથી છે, ઘોડા છે, માણસો છે, હું ગામ અને નગરોનો માલિક છું. અને મારે ત્યાં રાણીઓ અંતઃપુરની સાથે હું મનુષ્યોચિત ભોગ ભોગવું છું. એટલું જ નહિ, પણ મુખ્ય મુખ્ય સંપત્તિઓ પણ મારે ત્યાં છે, અને હું આજ્ઞાઓનો પણ ઇશ્વર છું; અર્થાત્ સર્વત્ર મારી આજ્ઞા વર્તાય છે. એ રીતે સર્વ કામનાઓને પૂર્ણ કરનાર એવી સંપત્તિઓનો હું સ્વામી હોવા છતાં પણ હે ભગવાન! હું અનાથ કેમ છું? હે ભગવાન! રખે આપ અસત્ય તો ન બોલતા હો !

રાજા શ્રેણિક, પોતાની અમુક સંપત્તિને કારણે, પોતાને સનાથ માની બેઠા છે, તે વિચારે છે કે મારી પાસે જેવી મેં સંપત્તિ છે, એવી જે સંપત્તિ બીજા કોઈ પાસે હશે તોપણ ભાગ્યે જ કે જેની રીતે મહારાજા મારા જેવા સનાથ છે. અથવા આ સંપત્તિને માટે મેં કોઈની પાસે જઈને યાચના પણ કરવી નથી, તેમ આ સંપદા મારી પાસે આવે એવી પ્રાર્થના પણ મેં કરી નથી. એમ હોવા છતાં પણ હું અનાથ શાથી? રાજા શ્રેણિકની દૃષ્ટિમાં અનાથ એ છે કે જેની પાસે કોઈ સંપત્તિનો થોડો પણ ભાગ ન હોય. આજે પણ, લોકો ઘણે ભાગે એનેજ અનાથ માને છે, જે ધનહીન, કુટુંબહીન, તેમજ મિત્રહીન હોય; પરન્તુ એવું સમજવું એ કેવી ભૂલ છે એ વાત અનાથી મુનિએ બતાવી છે.

રાજા શ્રેણિક વીર હતા. વીરપુરુષો હૃદયના ભાવોને દબાવી રાખતા નથી, પરન્તુ સ્પષ્ટ રૂપે તેને પ્રગટ કરી દે છે. રાજા શ્રેણિક અનાથ એનેજ માનતા કે જે દ્રવ્ય, કુટુંબ તેમજ મિત્ર વગરનો હોય, એટલા માટે મુનિની વાત તેને અસત્ય લાગી. મુનિની વાત સંબંધી તેને જે ભ્રમ થયો, તે ભ્રમને તેણે છુપાવી રાખ્યો નહિ, પણ તે વીર હતા, તેથી તેણે સ્પષ્ટ કહી દીધું કે મુનિએ અસત્ય તો ન બોલવું જોઈએ! વીર પુરુષો વિના બીજા કોઇ આ રીતે સ્પષ્ટ વાત કહેવાનું સાહસ કરી શકતા નથી. વીરોનું હૃદય સ્વચ્છ હોય છે, તેમનામાં સાહસ હોય છે, એથી તેઓ કોઈ પણ કારણથી કે ભયથી પોતાના હૃદયના

ભાવોને છુપાવતા નથી; પરન્તુ સ્પષ્ટ પ્રગટ કરી દે છે. એ સિવાય જેનાથી મનુષ્યો પોતાનો ભ્રમ દૂર કરવા ઇચ્છે છે, તેમની સામે પોતાના મનોગત ભાવોને છુપાવવા એ ઉચિત નથી. એમ કરવાથી ભ્રમનું નિવારણ મુશ્કેલ બની જાય છે.

રાજાની વાત સાંભળીને, અને વધુમાં રાજાએ મુનિ પર મૃષાવાદનો દોષ ચડાવ્યો એ ઉપરથી, એ મુનિને રાજા પ્રત્યે કિંચિત પણ ક્રોધ, ક્ષોભ કે તિરસ્કાર થયો નહિ. એ મુનિ જાણતા હતા કે રાજામાં મિથ્યાત્વ (અજ્ઞાન) છે, એથી એ ધન સંપતિ આદિ ન હોય તેમાંજ અનાથતા માની રહ્યો છે, અને એજ કારણે તે મારા 'તું પોતે પણ અનાથ છે' એ કથનને અસત્ય જાણી રહ્યો છે. જ્યારે તે અનાથતાનાં સ્વરૂપને સમજશે ત્યારે તે પોતેજ પોતાને અનાથ માની લેશે. અત્યારે તો તે પોતાના મતાનુસાર કહી રહ્યો છે અને હું મારા મતાનુસાર કહી રહ્યો છું. મારે મારો અભિપ્રાય એને સમજાવવો જોઇએ. એ પ્રમાણે વિચાર કરી તે મુનિ રાજા પ્રત્યે કહેવા લાગ્યાઃ—

न तुमं जाणसि अणाहस्स, अत्थं पुत्थं च पत्थिवा ।
जहा अणाहो भवई, सणाहो वा नराहिव! ॥१६॥
सुणेहमे महाराय, अव्वक्खित्तेण चेयसा ।
जहा अणाहो भवई, जहा मेयं पवत्तियं ॥१७॥

ભાવાર્થ:—હે પૃથ્વીપતિ, હે નરાધિપ, તમે નાથ શબ્દનો અર્થ અને તેની વ્યુત્પત્તિ જાણતા નથી, અને એ પણ જાણતા નથી કે

અનાથ અને સનાથ કેમ કહેવાય છે! એટલા માટે હે મહારાજ, અનાથ કોને કહે છે અને મેં આપને અનાથ કયા આશયથી કહ્યા છે એ એકાગ્ર ચિત્તે સાંભળોઃ—

મુનિએ રાજા શ્રેણિકને પૃથ્વીપતિ, નરાધિપ અને મહારાજા કહીને સંબોધન કર્યું છે. આ પ્રમાણેના સંબોધનોથી એ મુનિએ રાજા શ્રેણિક પાસે એ સ્પષ્ટ કર્યું કે તું રાજા છે, પૃથ્વી તેમજ મનુષ્યોનો સ્વામી છે, અને એ કારણથી તારી પાસે ધન વૈભવ પણ પુષ્કળ છે, એ હું જાણું છું. એમ જાણવા છતાં પણ મેં તને અનાથ કેમ કહ્યો? એ વાત મારી પાસેથીજ સાંભળ. અત્યારે તો તને મારી વાત અસત્ય લાગે છે. પરન્તુ 'નાથ' શબ્દનો અર્થ અને અનાથતા-સનાથતાનો ભેદ (નિર્ણય) જાણી લેવાથી તને મારી વાત સત્ય લાગશે. અનાથતા-સનાથતાનો ભેદ હું માત્ર વિદ્વતાની સહાયતાથીજ નહિ બતાવું, પણ અનુભવયુક્ત ભેદ બતાવીશ. અનાથતા કોને કહે છે અને તે કેવી હોય છે, એ હું મારા પોતાના પરથીજ બતાવું છું.

મુનિએ રાજા શ્રેણિકને સાવધાન કરવા માટે કહ્યું છે, કે તુ અવિચ્છિન્ન અથવા એકાગ્ર મનથી-ધ્યાનપૂર્વક મારી વાત સાંભળ! ખરી રીતે તો જ્યાં સુધી ચિત્ત સ્થિર ન હોય ત્યા સુધી કોઇ પણ વાત એ સમયે સમજાતી નથી. સ્થિર ચિત્તે સાંભળેલી વાતને બુદ્ધિ એજ પ્રમાણે જલદી ગ્રહણ કરી લ્યે છે કે જે પ્રમાણે સ્થિર જળ પ્રતિબિંબ બતાવવામા વિલંબ કરતુ નથી. ખળખળ વહી જતાં જળમાં, અનેક

[illegible]

[illegible]

कोसंबी नाम नयरी, पुराणपुरभेयणी ।
तत्थ आसी पिया मज्झ, पभूयधणसंचओ ॥१८॥

ભાવાર્થ:—કૌશમ્બી નામની નગરી [illegible] પણ પ્રાચીન હતી, પ્રાચીન [illegible] નગરીની [illegible] પણ [illegible] હતી, તે નગરીમાં મારા પિતા રહેતા હતા. તેમની પાસે પુષ્કળ ધન સંગ્રહ હતો (મારા પિતાનું નામ પ્રભૂતધનસંચય હતું).

કૌશમ્બી નગરીની પ્રાચીનતા બતાવવામાં, મુનિનો હેતુ એ નગરીની વિશેષતા બતાવવાનો છે. પ્રાચીન નગરીઓમાં જે વિશેષતા હોય છે, તે વિશેષતા નવીન નગરોમાં નથી હોતી. મુનિનું કથન છે કે એ કૌશમ્બી નગરી પ્રાચીનથી પણ પ્રાચીન હતી અને બધી તરફથી ઉન્નત (ઉદયમાન) હતી.

કૌશમ્બી નગરીની વિશેષતા બતાવવામાં પ્રાયઃ બે પ્રકાર છે. પહેલું કારણ તો રાજાનું અભિમાન ઘટાડવાનું છે. રાજા શ્રેણિક અત્યાર સુધી પોતાનાંજ રાજ્યના નગરોને પ્રગતિશીલ સમજે છે, પણ મુનિએ કૌશમ્બી નગરીની પ્રાચીનતાના વર્ણનથી રાજાને એ બતાવ્યું છે કે તું જે નગરોનો રાજા છે, તે નગરોથી પણ કૌશમ્બી નગરી

બધાં કે ઉત્તમ છે. બીજું આગળ આવનાર વર્ણનમાં પણ આ પ્રાચીનના તેમજ વિશેષણનો કેટલોક સુંદર પરિચય મળે.

પિતાના નિવાસસ્થાનનો પરિચય આપીને મુનિએ, પિતાના નિવાસસ્થાનના સંબંધથી કૌશમ્બી નગરીને પોતાનું જન્મસ્થાન પણ બનાવી દીધું. એક વાતમાં બીજી વાતનો સંબંધ બનાવનારને 'અર્થાપત્તિ અલંકાર' કહે છે. મુનિએ પોતાના જન્મસ્થાનનો પરિચય અર્થાપત્તિ અલંકાર દ્વારા આપ્યો છે. એ પ્રકારે પિતાને ધનિક બનાવીને મુનિએ પોતાને માટે પણ એ બનાવી દીધું કે હું ઘણો ધનવાન હતો. મુનિએ મા, ભાઈ, બહેન, સ્ત્રી આદિનું વર્ણન પણ એજ પ્રમાણે કર્યું છે. અને અર્થાપત્તિ અલંકાર દ્વારા પોતાના સાંસારિક જીવનનો પરિચય આપ્યો છે.

જન્મસ્થાન તેમજ પિતાનો પરિચય આપીને તે મુનિ હવે એ બતાવે છે કે, હું કેવી રીતે અનાથ હતો. સૌથી પહેલાં તો રાજાને પોતાની શરીર સંબંધી અનાથતા સંભળાવીને એ બતાવે છે કે, જે શરીરને તું ઘણું સુંદર બતાવે છે, જે યુવાવસ્થાને તું ભોગને યોગ્ય માને છે, એ શરીર તેમજ યુવાવસ્થા તરફથી હું કેવી રીતે અનાથ હતો એ જો. અને તું તારા પોતાનેજ માટે વિચાર કે મારીજ માફક તું પણ અનાથ છે કે નહિ! તે મુનિ કહેવા લાગ્યા—

पढमे वए महाराय, अतुला मे अच्छिवेयणा ।
अहोत्था विउलो दाहो, सव्वंगेसु पत्थिवा ॥१९॥

[illegible]

[illegible]

[illegible] પતિભક્ત હતી. અર્થાત્ યુવાવસ્થાની [illegible] સાધન પણ મોજુદ હતું; છતાં પણ હું યુવાવસ્થા [illegible] પણ કેવી રીતે અનાથ હતો!

યુવાવસ્થાના પ્રારંભમાં ઉત્પન્ન થયેલી આંખોની વે[illegible] કેવી હતી એ બતાવવા મુનિ કહે છે–

सत्थं जहा परमतिक्खं, सरीर विवरंतरं ।
पविसिज्ज अरी क्रुद्धों, एवं मे अच्छिवेयणा ॥२०॥

ભાવાર્થ:—કોપાયમાન થયેલો શત્રુ, શરીરનાં છિદ્રોમાં [illegible] શસ્ત્ર ઘોંચે અને એ વખતે જેવી વેદના થાય તેવી જ વેદના [illegible] આંખોમાં થઇ રહી હતી.

મુનિ કહે છે-રાજા, તારા કથનાનુસાર યુવાવસ્થામાં આંખો શ્રીસૌંદર્ય જોવા માટે હતી, પરન્તુ આંખોમાં એટલી બધી વેદના થઇ રહી હતી કે શ્રીસૌંદર્ય જોવાને બદલે હું એ કહેતો હતો કે આ આંખો છેજ શા માટે? આ પ્રમાણે યુવાવસ્થાને માટે પણ, હું એ કહેતો હતો કે સમજ નથી પડતી કે આવી નિભાંગી યુવાવસ્થા કેમ આવી, કે જેના આવવાથી જ મારી આંખોમાં આ પ્રકારની વેદના થવા લાગી. હવે રાજા તુંજ કહે કે હું એ તરફથી સનાથ રહ્યો કે અનાથ? જો હું એ તરફથી સનાથ હોત, તો એનાથી મને દુઃખ જ કેમ થાત? હું યુવાવસ્થા અને આંખો તરફથી સનાથ ન હતો. એ રીતે મારી તરફથી યુવાવસ્થા અને આંખો અનાથ હતી. હું તો એ નહોતો ઇચ્છતો કે આ યુવાવસ્થામાં આંખોને આ પ્રકારની પીડા થાય. હું તો એ ઇચ્છતો હતો કે આ યુવાવસ્થા અને આંખો દ્વારા સુખ મળે, એજ રીતે યુવાવસ્થા અને આંખો પણ સુખ જ ઇચ્છતી હતી, પરન્તુ ન તો મારૂં ધાર્યું થયું કે ન તો યુવાવસ્થા અને આંખોનું ધાર્યું થયું. આવી સ્થિતિમાં હું એમના તરફથી કઇ રીતે સનાથ રહ્યો અને યુવાવસ્થા તેમજ આંખો પણ મારી તરફથી કઈ રીતે સનાથ રહી?

હે રાજા, આંખોમાં આ પ્રકારની પીડા હતી; શરીર દાહથી બળી રહ્યું હતું, એના પર પણઃ—

तियं मे अन्तरिच्छं च, उत्तमंगं च पीडई ।
इंदासणि समा घोरा, वेयणा परमदारुणा ॥२१॥

ભાવાર્થ:—હૃદય, કમર તથા મસ્તકમાં એટલી બધી અસહ્ય તેમજ દારુણ વેદના થઇ રહી હતી, કે જેવી ઇંદ્રના વજ્રાઘાતથી ઘોર વેદના થાય છે.

મુનિ કહી રહ્યા છે કે મારી આ આંખોમાં જેમ શત્રુ તીક્ષ્ણ શસ્ત્ર ઘોંચતો હોય, તેજ રીતે શરીરમાં જેમ જવાળા લાગી હોય અને હૃદય, કમર તથા મસ્તકમાં જાણે ઇંદ્ર વજ્ર મારતો હોય, તેવી દારુણ પીડા થઇ રહી હતી. મુનિના આ કથનનો હેતુ રાજાને એ બતાવવાનો છે કે તું બાહ્ય શત્રુઓને જીતવા માટે સેનાબળ રાખે છે પરન્તુ જે શત્રુઓ શરીરની અંદર રહીનેજ આ પ્રકારની પીડા ઉપજાવે તેને જીતવાને માટે તારી પાસે શો ઉપાય છે! જે શત્રુઓ ચર્મ ચક્ષુથી દેખાય છે એનો તો તું કદાચ નાશ પણ કરી શકે, પરન્તુ જે શત્રુઓ પોતાના શરીરની અંદર રહેતા છતાં પણ દેખાતા નથી, એનો તું કેવી રીતે નાશ કરી શકે? આ ઉપરાંત વેદનાના સમયે, શરીર આંખો વગેરે શત્રુનું કામ કરી રહ્યાં હતાં કે મિત્રનું? જો મિત્રનું કામ કરી રહ્યાં હતાં, તો પછી વેદનાજ શાની હોય? અને જો શત્રુનું કામ કરી રહેલ હોય, તો પછી હું તેમના તરફથી સનાથ કેવી રીતે રહ્યો? રાજા, તું મારો નાથ બનવા તૈયાર થયો છે, પરન્તુ મારા કથન પરથી તું તારા પોતાને માટે પણ વિચારી લે, કે તું તારા શરીર તરફથી સનાથ છે કે અનાથ? સંસારમાં આત્માનો નિકટમાં નિકટ સંબંધી શરીર છે. આ નિકટ સંબંધી શરીર તરફથી પણ હું કેવી રીતે અનાથ હતો અને તું

ણુ કેવી રીતે અનાથ છે, તે જો. શું આ મનુષ્ય-શરીર ાગ રહિત છે? જો નથી તો, જે પોતે અનાથ છે-જે ાતે પોતાનીજ રક્ષા કરવામાં અસમર્થ છે-તે મારો ાથ કેવી રીતે બની શકે? કો રીતે શરીર પણ મારી ારફથી અનાથ કેવી રીતે રહ્યું? જો હું શરીરનો નાથ ાન, તો શરીરમાં વેદનાજ કેમ થવા દેત?

હે રાજા કદાચિત તું એમ કહી શકશે કે રોગોને ા ઔષધાદિથી નિર્મૂળ (નાશ) પણ કરી શકાય છે, તો ાંભળ:—

उवट्ठिया मे आयरिया, विज्जामत निगिच्छगा ।
अबीया सत्थ कुसला, मन्तमूलविसारया ॥२२॥

ભાવાર્થ:—મંત્ર અને જડીબુટ્ટીથી રોગ મટાડવામાં નિપુણ, ચિકિત્સાને માટે ઉપયોગી શાસ્ત્ર તેમજ શસ્ત્રના કુશળ વિદ્વાન આચાર્ય ચિકિત્સક મારી ચિકિત્સા કરવા માટે આવ્યા.

મુનિએ શરીરમાં રોગોત્પત્તિ બતાવીને, શરીર તરફની અનાથતા બતાવી હતી; પરન્તુ એના વિષયમાં શ્રેણિક રાજા એ કહી શકતો હતો કે રોગો તો કુશળ વૈદ્યો મારફત મટાડી દેવામાં આવે છે. રાજા શ્રેણિક દ્વારા કહેવામાં આવનારી વાતનું મુનિ પહેલેથીજ નિરાકરણ કરી દે છે. તે કહે છે કે હે રાજા, તું એમ ન સમજ, કે હું વૈદ્યો વગેરેના ઉપચારને અભાવે વેદના ભોગવી રહ્યો હતો. એ હું પહેલેથીજ કહી ચૂક્યો છું કે કૌશામ્બી નગરી પ્રાચીનથી પણ પ્રાચીન હતી. એની પ્રાચીનતાને

કારણ કે એમાં વૈદ્યોના ચાર આચાર્ય [illegible] હતા, તે વૈદ્ય શાસ્ત્ર, મંત્ર વિદ્યામાં પણ નિપુણ હતા. અને [illegible] વડે ઔષધ કરવામાં પણ કુશળ હતા. [illegible] એટલા તો વિચક્ષણ હતા કે તે રોગીનું [illegible] નિદાન કરી કે અને [illegible] ચાર [illegible] કે દવા આપવાથી તે રોગને મટાડી દે.

ते मे तिगिच्छं कुव्वंति, चाउप्पायं जहाहियं ।
न य दुक्खा विमोयंति, एसा मज्झ अणाहया ॥२३

ભાવાર્થ:—એ વૈદ્યાચાર્ય મને નિરોગી કરવા માટે રોગનું નિ કરવા ઔષધિ આપવા. પથ્ય (પરહેજ) પળાવવા અને નાસ કરાવવા લાગ્યા, અથવા વમન, જુલાબ, મર્દન અને સ્વેદન (પસીનો લાવવો તે) અથવા અંજન, બંધન, લેપન અને મર્દન એ ચા પ્રકારથી મારી ચિકિત્સા કરવા લાગ્યા, પણ મને દુઃખમુક્ત ન ક શક્યા. આ પ્રકારની મારી અનાથતા હતી.

મુનિ કહી રહ્યા—રાજા, આ પ્રકારે મારા માટે મો આચાર્યો દ્વારા ઔષધોપચાર થયા, પરન્તુ મારો રો ગયો નહિ. હવે બતાવ કે હું વૈદ્ય, ઔષધ આદિ તરફ પણ અનાથ હતો કે નહિ અને તે તરફથી તું પ અનાથ છે કે નહિ?

મુનિની વાત સાંભળીને, રાજા શ્રેણિક વિચારે છે વાસ્તવિક રીતે જો શરીરમાં રોગ થાય તો વધુમાં વધુ તે મટાડવાને માટે ઔષધોપચારાદિજ કરવામાં આવે છે બીજું શું કરવામાં આવે? છતાં જો ઔષધોપચારથી પણ

ાગ ન જાય, તો હું રાજા હોવા છતાં પણ શું કરી
ઉં? ઔષધાદિથી બધાના રોગ પણ જતા નથી, જે
ને જો કોઇ બહારથી શસ્ત્ર મારનો હોય, તો તેને
ાકવામાં આવે છે. પરન્તુ પોતાના શરીરની અંદરથી
ાસ્ત્ર મારનારને શી રીતે રોકી શકાય? એ તરફથી તો
ખરેખર હું પણ અનાથજ છું.

મુનિ કહે છે—રાજા, વૈદ્ય આદિ તરફથી તો હું અનાથ હતોજ, પણ ઔષધ મંત્રાદિનો આશ્રય લેનાર, તેના બળ ઉપર પોતાને સનાથ માનનાર એ વૈદ્ય પોતે પણ અનાથ ન હોત, તો ઔષધ મંત્રાદિનો આશ્રયજ કેમ લેત! એણે એ ઔષધ મંત્રનો આશ્રય લીધો છે તે ઔષધ મંત્ર તેને પોતાને પણ કષ્ટમુક્ત નથી કરી શકતાં. એ પ્રમાણે જ્યારે વૈદ્ય પોતે પણ અનાથ હતો, તો પછી તે મને કષ્ટમુક્ત કરીને સનાથ કેવી રીતે બનાવી શકે?

અહિં એ પ્રશ્ન થાય છે કે મુનિનાં શરીરમાં રોગ થયો એ પરથી તેમણે શરીર તરફથી અનાથતા સિદ્ધ કરી; પરન્તુ બધા લોકોના શરીરમાં તો એવો રોગ થતો નથી. ઘણા લોકો બિલકુલ સ્વસ્થ પણ હોય છે, એવી દશામાં, શરીર તરફથી સૌ અનાથ જ છે એમ કેમ કહી શકાય? એજ પ્રમાણે વૈદ્યની ઔષધાદિથી, મુનિનો રોગ ગયો નહિ તો તેથી શું થયુ? છતાં બીજા લોકોનો રોગ જતો પણ રહે છે એવું જોવામાં આવે છે, તો પછી વૈદ્ય અથવા ઔષધાદિ તરફથી પણ આ અનાથતા કેવી રીતે

[illegible]

[illegible] સિદ્ધ કરી છે. [illegible] રોગ [illegible]
[illegible] છે, [illegible] શકતું નથી, [illegible]
[illegible] પણ [illegible] છે [illegible]
[illegible] કેમ કરી શકે? [illegible] શરીર [illegible] છે, [illegible]
શરીર, ચૈતન્ય આત્માનો નાશ પણ શી રીતે કરી શકે?
એ પ્રમાણે જ્યારે આત્મા પણ શરીરનો નાશ [illegible] તો આત્મા
શરીરમાં રોગ શા માટે આવવા દે? આત્મા ક્યારે
ઇચ્છે છે કે શરીરમાં રોગ થાય? આત્માની ઇચ્છા

ગર જ શરીરને રોગ ઘેરી વળે છે; એથી સિદ્ધ થાય છે કે આત્મા તરફથી શરીર પણ અનાથ છે. એ પ્રમાણે મુનિના શરીરની તરફથી આત્માને અને આત્મા તરફથી શરીરને અનાથ કહેવું એ બિલકુલ યોગ્યજ છે. જે શરીર આ સમયે રોગી નથી, તે પણ અનાથજ છે; કેમકે હમણા રોગ ઉદયમાં ન આવ્યો તેથી શું? પણ શરીરમાં રોગ તો અવશ્ય છેજ. અને જો શરીરમાં રોગ છે, તો તે અવશ્ય ઉદયમાં આવશેજ. હુમલો ન કરનાર-ચૂપચાપ બેસી રહેનાર બલકે સ્વાધીનતા સ્વીકારનાર-શત્રુઓની વચ્ચે રહેનાર કોઈ માણુસ જેમ શત્રુ રહિત નથી કહેવાતો તેમ હમણા રોગ ઉદયમાં નથી આવ્યો તેથી શરીરને રોગ રહિત માની શકાતું નથી. શત્રુ રહિત તો એ કહેવાય કે જેને ગુપ્ત પ્રકટ, પ્રત્યક્ષ કે પરોક્ષ, બળવાન કે નિર્બળ-કોઈપણ શત્રુ નથી. એ પ્રમાણે જ્યાંસુધી શરીરમાં રોગ ગુપ્તપણે છે ત્યાંસુધી શરીર, રોગ રહિત નથી. અને જે શરીર પોતેજ રોગગ્રસ્ત છે, તે પોતેજ અનાથ છે, તે આત્માની અનાથતા કેવી રીતે મટાડી શકે? અને આત્મા પણ જ્યારે રોગોથી શરીરની રક્ષા નથી કરી શકતો, તો પછી તે શરીરનો નાથ કેવી રીતે બની શકે?

મુનિની દૃષ્ટિમાં, ઔષધમંત્રાદિ જાણવાની અને એ વડે બીજાના રોગ મટાડવાની પ્રવૃત્તિ કરનાર-અથવા રોગ મટાડનાર વૈદ્ય પણ અનાથ છે. કેમકે એવા લોકોને પોતાને પણ રોગોનો ભય છે, તથા જે ઉપચારો વડે તેઓ

બીજાને રોગ મુક્ત કરવા ઇચ્છે છે, એ ઉપચારો વડે તેઓ પોતે પોતાનો રોગ મટાડવામાં પ્રાયઃ અસમર્થ રહે છે. એ રીતે વૈદ્ય પોતે પણ અનાથ છે અને જે ઔષધમંત્રાદિનો તેમણે આશ્રય લીધો છે તે ઔષધમંત્રાદિ પણ અનાથ છે. જો ઔષધમંત્રાદિ અનાથ ન હોત, પણ સનાથ હોત, તો જે લોકોએ એનો આશ્રય લીધો છે, તેઓ અનાથ શા માટે રહેત?

આત્મા, સ્વયં અનાથ છે, એથી તે પોતાના નિકટ સંબંધી શરીરને પણ રોગાદિથી બચાવીને સનાથ નથી બનાવી શકતો. આમ છતાં પણ પોતાની અનાથતાનું લક્ષ છોડીને તે સનાથ બનવાને માટે વૈદ્યાદિને શરણે જાય છે, પરન્તુ વૈદ્યાદિ પોતે પણ અનાથ છે, એથી તે ઔષધાદિને શરણે જાય છે. આ પ્રમાણે પરંપરાથી એ બધા અનાથજ ઠરે છે, અને જે પોતાની અનાથતા મટાડી શકતાં નથી, તે બીજાને સનાથ કેવી રીતે બનાવી શકે?

આત્માનું શરીરમાં રહેવું, એ આત્માની પહેલી નિર્બળતા છે. શરીરમાં રહેવું એ આત્માની અનાથતાનુંજ કારણ છે. વળી પોતે પોતાને શરીરનો નાથ માનીને પણ શરીરમાં રોગ થવા દેવો, એ આત્માની બીજી નિર્બળતા છે પૂર્ણ બળવાન-સનાથ આત્મા શરીરમાં રહેતોજ નથી, તે તો શારીરિક બંધનથી મુક્ત થઇ જાય છે. એવા પૂર્ણ બળવાન આત્માની અપેક્ષાએ મધ્યમ દરજ્જાનો બળવાન આત્મા, શરીરમાં તો રહે છે, પરન્તુ શરીરમાં રોગ

વધા દેતો નથી. રોગ, નિર્બળ આત્માના શરીરમાંજ થાય છે, અને તે પણ તેની (આત્માની) નિર્બળતાને કારણે. આત્માને માટે ઉચિત તો એ છે કે જે નિર્બળતાને કારણે રોગ આવ્યો છે, તે નિર્બળતાનેજ નષ્ટ કરી દેવી, પરન્તુ એમ ન કરતાં વૈદ્યાદિને શરણે જવું, એ આત્માની નિર્બળતા છે. રોગ હોવા છતાં આત્મા, વૈદ્યાદિને શરણે ગયો અને ઔષધાદિના ઉપચારથી રોગ મટી પણ ગયો, ત્યારે પણ આત્માની નિર્બળતામાં વૃદ્ધિ થાય છે અને આત્મા વધારે અનાથતામાં પડી જાય છે; કેમકે પછી આત્મા એ સમજવા લાગે છે કે મારું અસ્તિત્વ વૈદ્ય-ઔષધાદિની કૃપાથીજ છે. આ રીતે આત્મા, પોતાનું બળ ગુમાવતો જાય છે અને વૈદ્ય ઔષધાદિને આધીન બનતો જાય છે. સારાંશ એ છે કે વૈદ્ય ઔષધાદિથી ભલે રોગ મટી પણ જતો હોય, પરન્તુ એથી આત્મા સનાથ નથી બનતો, પણ એની અનાથતા વધે છે. આત્માની અનાથતા મટીને, આત્મા સનાથ કેમ બની શકે છે, એ વાત આ મુનિએ આગળ બતાવી છે.

મુનિએ અવસ્થા, શરીર, વૈદ્ય અને ઔષધાદિની તરફથી તો આત્માની અનાથતા સિદ્ધ કરી દીધી, હવે તેઓ–કહે છે કે રાજન્, જો તું એમ ધારતો હોય તો વૈદ્યાદિ એ ધન ન મળવાને કારણે સારી રીતે ઉપચાર નહિ કર્યો હોય, અથવા ધનનો વ્યય ન કરી શકવાના કારણે સારી–સારી ઔષધીઓ તથા પરદેશની વસ્તુઓ નહિ મળી શકી

[illegible]

पिया मे सव्वसारं पि, दिज्जाहि मम कारणा ।
न य दुक्खा विमोयंति, एसा मज्झ अणाहया ॥२४॥

ભાવાર્થ:—મારા પિતા, મારા માટે-મને દુઃખ મુક્ત કરવા માટે-ઘરનું સર્વસ્વ આપી દેવા તૈયાર હતા, છતાં પણ તેઓ મને દુઃખ મુક્ત ન કરાવી શક્યા. આ પ્રકારે મારી અનાથતા હતી.

રાજન, એ હું પહેલેથીજ કહી ચૂક્યો છું કે મારા પિત અઢળક લક્ષ્મીના સ્વામી હતા. ઘણાના પિતાઓ એ પણ હોય છે કે જેઓ સંતાનો કરતાં દ્રવ્યને અધિ સમજે છે, સન્તાનને દુઃખી તેમજ મૃત્યુગત થતાં જો શકે છે, પણ ધનનો વ્યય થતો જોઈ શકતા નથી. પર મારા પિતા આવા ન હતા. તેઓ સંતાન કરતાં ધન તુચ્છ સમજતા હતા. મારી માંદગીને વખતે તે વધાર વધારે એટલું કરી શકતા હતા કે સારા સારા વૈદ્યો બોલાવી તેમની પાસે મારો ઉપચાર કરાવે, મારા ઉપચાર દ્રવ્યનો વ્યય કરે અને મારી ચાકરીનો પ્રબંધ કરે. મ પિતાએ આ બધું કર્યું. એમણે મોટા મોટા વૈદ્યાચાર્ય બોલાવી મારો ઉપચાર કરાવ્યો, બહુ મૂલ્ય ઔષધિ અપાવી, મને સાજો કરી દેવાના બદલામાં પોતાના ઘ સર્વસ્વ આપી દેવા તૈયાર થયા, મારી સેવામાં પણ કે પ્રકારની ખામી રહેવા ન દીધી, છતાં પણ તે મારૂં દુઃ મટાડી શક્યા નહિ. હે રાજન્, આવી દશામાં

તા અને ધન તરફથી પણ સનાથ કેવી રીતે રહ્યા?
રીતે મારી તરફથી પિતા પણ કેવી રીતે સનાથ
હ્યા? મારી તરફથી પિતા ત્યારેજ સનાથ થઇ શકત કે
જ્યારે મારા તરફથી તેમને સુખ પ્રાપ્ત થાત અને પુત્રના
કર્ત્તવ્યાનુસાર હું તેમનું દુઃખ મટાડત. પણ દુઃખ મટાડીને
સુખ દેવાને બદલે, હું પિતાને વધારે દુઃખી બનાવી રહ્યો
હતો, એની ચિંતા વધારી રહ્યો હતો, એમના ધનનો
વ્યય કરાવી રહ્યો હતો. અને એમના પર કામનો બોજો
નાખી રહ્યો હતો. જ્યારે જન્મ આપનાર પિતા પણ મને
સનાથ ન કરી શકયા, ન હું તેમને સનાથ બનાવી શકયો.
તો પછી હે રાજા, તું મારો નાથ બનીને મને સનાથ
કેવી રીતે બનાવી શકીશ, એનો વિચાર કર.

મુનિની વાત સાંભળીને, રાજા શ્રેણિક વિચારે છે કે, ખરેખર, આ વાત સાચી જ છે. હું મારા પુત્રો પર અભિમાન કરૂં છું, પરન્તુ એવી પરિસ્થિતિ ઉત્પન્ન થવાથી, હું પુત્રોની અને પુત્રો મારી રક્ષા કરવામાં કેમ સમર્થ બની શકે? કદાચ બાહ્ય શત્રુઓનુ આક્રમણ થવાથી હું તેમની અને તેઓ મારી રક્ષા કરવાની પ્રવૃત્તિ કરી પણ શકે છે, પરન્તુ મુનિનાં શરીરમા જે રીતે રોગરૂપી શત્રુઓ આક્રમણ કરતા હતા, તેજ રીતે મારા અથવા પુત્રોના શરીરમાં આક્રમણ કરે તો હું અથવા પુત્રો શું કરી શકિયે? વધુમા-વધુ વૈદ્યાદિદ્વારા ઉપચાર કરાવી શકિયે; પરન્તુ ઉપચારોથી ફાયદો ન થાય તો શું કરિયે?

અને જ્યારે હું પુત્રોનું, અને પુત્રો મહારૂં દુઃખ દૂર કરી શકે-સુખી ન બનાવી શકે-તો પુત્રોની તરફથી હું અને મારી તરફથી પુત્રો સનાથ કેમ રહે? એજ પ્રમાં હું મારી સંપત્તિ-લક્ષ્મી પર અભિમાન કરૂં છું, ધન કારણે હું મને પોતાને સનાથ માનું છું, પરન્તુ એ સમયમાં દ્રવ્યનું પણ રક્ષણ નથી કરી શકાતું. જો કદા દ્રવ્ય એવે વખતે રક્ષણ કરી શકત, તો આ મુનિને મ એટલો દ્રવ્ય કરવામાં આવ્યો, છતાં પણ તે સુખી કે ન થયા? મુનિનું મને અનાથ કહેવું બરાબર જ છે. સાચે હું અનાથ છું, અને જ્યારે હું પોતે પણ સનાથ ન ત્યારે આ મુનિનો નાથ કેમ બની શકું?

મુનિએ અવસ્થા, શરીર, વૈદ્ય, ઔષધાદિ, પિતા અ દ્રવ્ય તરફથી અનાથતા સિદ્ધ કરીને રાજાને એ બતા દીધું કે એ બધા તરફથી તું પણ અનાથ છે. હવે તે કહે છે-રાજન, તું કદાચ એમ કહે કે પિતા કરતાં માતા પુત્ર પર અધિક સ્નેહ હોય છે, તેથી તે પુત્રની અ ચાકરી કરી શકે છે, તમારે માતા ન હોય એટલા મ તમે રોગ મુક્ત ન થઈ શક્યા, પરન્તુ રાજન્, મારે મા પણ હતી. કેટલીક પુત્રોની માતાઓ પુત્રોને બાળક મૂકીને મરી જાય છે, પરન્તુ મારી માતા જીવતી હતી, અને:—

माया(वि) मे महाराय! पुत्तसोगदुहट्टिया ।
न य दुक्खा विमोयन्ति, एमा मज्झ अणाहया ॥२५॥

ભાવાર્થ:—જે અવસરે, મારી માતા, મારા દુઃખથી, દુઃખી [illegible] હતી. અને પણ તે મને [illegible] નહિ, [illegible]રી અનાથતા હતી.

મુનિ કહે છે—રાજન, કેટલાક લોકોની માન્યતા છે, કે [illegible] પુત્રો પ્રત્યે પ્રેમ બતાવતી નથી. કેટલીક માતાઓ એવી તો નિષ્ઠુર હોય છે કે પોતાના પુત્રને મારી પણ નાખે છે પરન્તુ મારી માતા એવી ન હતી. મારી માતા મારા પર સાચીજ કૃપા રાખતી, મારા પર હમેશાં દયા રાખતી. અને મને દુઃખી જોઈને તે દુઃખી થતી, તે દિવસ રાત મારી ચિન્તા કરતી, મારી ચાકરી કરતી, મારૂં દુઃખ મટાડવાને માટે-મને સુખી બનાવવા માટે પ્રત્યેક બનતા ઉપાય કરતી, છતાં પણ તે મારૂં દુઃખ ન મટાડી શકી. માતાની દયા, માતાની કૃપા, માતાની ચાકરી અને માતાનું મારા માટે દુઃખ કરવું, એ બધું મારા માટે કાંઈજ કામમાં ન આવ્યું બલ્કે માતાને દુઃખી દેખીને હું વધારે દુઃખી થતો હતો. હું વિચારતો હતો કે માતાને દુઃખી બનાવવાના કારણભૂત હું જ છું. એ પ્રમાણે માતાનું દુઃખી થવું મારે માટે દુઃખવર્ધક તો થયું, પણ મને દુઃખ મુક્ત ન કરી શકી. મારા શરીરમાં જે વેદના થઈ રહી હતી, તેને માટે કોઈ પણ રીતે મટાડી ન શકી. જો કદાચ કોઈ બાહ્ય શત્રુ મારા શરીર પર આઘાત કરતો હોત, તો મારી માતા પોતાનો પ્રાણ આપીને પણ એ શત્રુથી મારી રક્ષા કરત, શત્રુના આઘાતોને પોતાના ઉપર સહી લેત, પણ મારા શરીરમાંજ છુપાઈ રહેલા શત્રુના આઘાતોથી તે (મારી

માતા) રક્ષણ ન કરી શકી. તે પ્રમાણે હે રાજા, હું મારી માતા તરફથી પણ અનાથ હતો.

રાજન, માતાની તરફથી હું જ માત્ર અનાથ ન હતો, પણ મારી તરફથી માતા પણ અનાથ હતી. પુત્રનું કર્તવ્ય છે કે તે માતાને સુખી બનાવે, તથા તેનું દુઃખ દૂર કરે. મારી માતા સર્વ પ્રકારે સુખી હતી. તેને પુત્ર-વધુ હતી, બધા તેની આજ્ઞા માનતા હતા અને પિતા પણ તેના પર પ્રસન્ન રહેતા. ઘરમાં પણ કોઇ પ્રકારની ખોટ ન હતી. છતાં પણ મારી વેદનાને કારણે માતા દુઃખી બની ગઇ હતી, હું તેના સુખચંદ્રને ભક્ષ કરી જનારો રાહુ બન્યો હતો. તેને સુખ પહોંચાડવું તો દૂર રહ્યું પણ મારી વેદનાથી હું તેને વધારે દુઃખી કરી રહ્યો હતો. મારે લીધે તેનો સમસ્ત સુખી સંસાર દુઃખમય બની ગયો હતો તે મૃત્યુના દુઃખથી પણ અધિક દુઃખ અનુભવી રહી હતી.

હવે મુનિ, રાજા શ્રેણિકને એ બતાવે છે કે મારા પુણ્યથી મને ભાઇ પણ મળ્યો હતો. સંસારમાં જેટલું કઠિન ભાઇનું મીલન હોય છે એટલું કઠિન બીજા કોઇનું મીલન નથી, હા, જે લોકો ધન વૈભવને જ અધિક માને છે, તેમની દૃષ્ટિમાં તો ભાઇ વેરી સમાન હોય છે. તેઓ સમજે છે કે, ભાઇએ માતાના ઉદરમાં આવીને, મને માતાના દૂધથી વંચિત કરી દીધો, જન્મ લઇને મા[illegible] પિતાના સ્નેહમાં ભાગ પડાવ્યો, અ[illegible] થઇને

વહેંચી લીધું. આ પ્રકારના લોકો ભાઈને વૈરી માને છે, પરન્તુ એવા લોકોની ખોટ નથી કે જેઓ ભાઈને સર્વોત્કૃષ્ટ માને છે, તથા એમ સમજે છે કે સંસારમાં બીજા બધાનું મળવું સહેલ છે, પરન્તુ ભાઈનું મળવું મુશ્કેલ છે. તુલસીદાસજીએ રામાયણનાં લંકાકાંડમાં લક્ષ્મણના મૂછિત થવાથી, વિલાપ કરતા રામને કહ્યું.

"માત પિતા જગ હોતહ જાના, મિલઈ ન જગત સહોદર ભ્રાત." ॥

અર્થાત્-સંસારમાં માતા-પિતા તો વારંવાર મળે છે, પરન્તુ સગો ભાઈ મળતો નથી.

મુનિ કહે છે—

भायरो मे महाराय! सगा जिट्ठकणिट्ठगा ।
नय दुक्खा विमोयंति, एसा मज्झ अणाहया॥ २६॥

ભાવાર્થ:—હે મહારાજા, મારો સહોદર (એકજ ઉદરથી જન્મેલો) ન્હાનો અને મ્હોટો ભાઈ પણ મને દુઃખથી ન છોડાવી શકયો. એવી મારી અનાથતા હતી.

હે રાજા, સંસારમાં ભાઈની સમાન કોઈ સહાયક માનવામાં આવતો નથી, એટલા માટે તું એમ કહી શકે છે કે તમારે ભાઈ ન હોવાથી, તમને કોણ સહાય કરે? પણ રાજન, સાંભળ-મારે ભાઈ પણ હતા, અને તેય નાતજાતનાં નહિ, પણ સહોદર-સગા ભાઈ હતા. મારાથી વડીલ ભાઈ પણ હતો અને મારાથી ન્હાનો પણ હતો. ને મારા ભાઈઓ લોભી ન હતા. જો તે લોભી હોત

[illegible]

[illegible] મુનિ કહે છે—

भइणीओ मे महाराय ! सगा जिट्ठकणिट्ठगा ।
न य दुक्खा विमोयंति, एसा मज्झ अणाहया ॥२७॥

ભાવાર્થ:—હે મહારાજ, મારી સહોદરા (સગી) નાની અને મોટી બહેનો પણ મારૂં દુઃખ ન મટાડી શકી. એવી મારી અનાથતા હતી.

મુનિ કહે છે–રાજન્, મારે બહેનો પણ હતી, અને તે સહોદરા, (સગી) હતી. તેમાં એક નાની અને એક મોટી એમ બે બહેનો હતી. ઘણી બહેનો, પોતાના ભાઇથી માત્ર ત્યાંસુધીજ પ્રેમ રાખે છે કે જ્યાંસુધી ભાઇ સુખી હોય અને તેની તરફથી કાંઇ ને કાંઇ મળવાની આશા રહેતી હોય. મારી બહેનો એવી ન હતી. તેઓ મારા પ્રત્યે ખૂબ પ્રેમ ધરાવતી. મને પ્રાણોની જેમ પ્રિય સમજતી. મારૂં દુઃખ દેખીને તેઓ બહુ વ્યાકુળ રહ્યા કરતી. દિન

રાત મારી સેવા-સુશ્રૂષામાં લાગી રહેતી અને આ દુઃખ મટાડવાનો ઉપાય કર્યા કરતી, કિન્તુ તે બહેનો આ દુઃખ ન મટાડી શકી. એ રીતે હું બહેનો તરફથી પણ અનાથ હતો.

રાજા શ્રેણિકે, પોતાની અનાથતાનું કારણ બતાવતાં મુનિને એ પણ કહ્યું હતું કે મારે રાણીઓ છે. રાજાની આ વાતનો ઉત્તર આપવા માટે મુનિ કહે છે કેઃ-હે રાજા, કદાચ તું એમ કહીશ કે દુઃખમાં સ્ત્રી સમાન સહાયતા કરવાવાળું બીજું કોઈ હોતું નથી. તમારે સ્ત્રી નહિ હોય, તેથી તમારે કષ્ટ સહન કરવું પડ્યું હશે, પરન્તુઃ—

भारिया मे महाराय, अणुरत्त मणुव्वया ।
अंसुपुण्णेहिं नयणेहिं, उरं मे परिसिंचई ॥२८॥

ભાવાર્થ—હે મહારાજ, મારી પત્ની પતિવ્રતા હતી, અને મારા પર અનુરક્ત હતી. તે મારા દુઃખથી એ રીતે દુઃખી હતી કે સદા તે રોયા કરતી અને મારી છાતીને પોતાના આંસુઓથી ભીંજવ્યા કરતી.

अन्नं पाणं च ण्हाणं च, गंधमल्लविलेवणं ।
मए नायमनायं वा, सा बाला नोवभुंजइ ॥२९॥

ભાવાર્થઃ—એ નવયૌવનાએ, મને દુઃખમાં દેખીને અન્ન ખાવાનું પાણી પીવાનું, કેસર ચન્દનાદિ સુગંધી દ્રવ્યનાં લેપન કરવાનું, અને શૃંગારાદિ સજવાનું છોડી દીધું હતું એ વાત ન્હોતી કે કુલટાઓની જેમ પતિભક્તિ દેખાડવા માટે તે ઉપરોક્ત વસ્તુઓના ઉપભોગ મારી જાણમાં ન કરતી હોય અને પાછળથી કરતી હોય પણ ન તો ન પ્રત્યક્ષ એ વસ્તુઓનો ઉપભોગ કરતી, કે ન તો પરોક્ષ રીતે ન વસ્તુઓનો ઉપભોગ કરતી

खणंपि मे महाराय ! पासाओवि न फिट्टइ ।
न य दुक्खा विमोयंति, एसा मज्झ अणाहया ॥३०॥

ભાવાર્થ: હે [illegible] રાજા, એક ક્ષણને માટે પણ મારી પાસેથી દૂર ન જતી હતી પણ તે મને દુઃખમુક્ત ન કરી શકી. એવી મારી અનાથતા હતી.

આ કથનથી મુનિ, રાજા શ્રેણિકને બતાવી રહ્યા છે કે રાજા, તું તારી રાણીઓના ભરોસે, તને પોતાને અનાથ માની રહ્યો છે, પરંતુ મારી પત્નીએ મારે માટે જે કાંઇ કર્યું છે તેથી વિશેષ તારી રાણીઓ શું કરી શકશે? આવી પત્ની હોવા છતાં પણ હું જ્યારે અનાથ હતો તો, રાણીઓ હોવાથી તું સનાથ કેવી રીતે થઇ શકે છે?

રાજા, મારી પત્ની તરફથી હું અનાથ હતોજ, પરંતુ મારી પત્ની પણ મારા તરફથી અનાથ જ હતી. સંસાર વ્યવહાર અનુસાર મારી પત્ની પ્રત્યે મારૂં એ કર્તવ્ય હતું કે મારે તેને સુખ આપવું, દુઃખોથી તેનું રક્ષણ કરવું, પરંતુ હું તે કર્તવ્યનું પાલન કરવામાં અસમર્થ રહેવાની સાથેજ મારા દુઃખથી મારી પત્નીને પણ દુઃખી કરી રહ્યો હતો. આ રીતે તે પણ મારી તરફથી અનાથજ હતી.

“રાજન્ તું પોતે પણ અનાથ છે,” મુનિના આ કથનથી રાજા શ્રેણિકને આશ્ચર્ય થયું હતું અને તેણે મુનિના કથનને અસત્ય તરીકે ઓળખાવતાં કહ્યું હતું કે મારે હાથી, ઘોડા, નોકર-ચાકર, ગામ, નગર અને રાણીઓ છે છતાં હું અનાથ કેવી રીતે છું? તેના આ કથનથીજ મુનિએ

પોતાની અનાથતાના વર્ણન દ્વારા રાજા શ્રેણિકને એ બતાવી આપ્યું કે "આ પ્રકારે તું પણ અનાથ છે." પોતાની અનાથતાનું કારણ બતાવીને મુનિએ રાજા શ્રેણિકનેજ અનાથતા સિદ્ધ નથી કરી પરંતુ તેને એ પણ બતાવી આપ્યું કે જેને ભરોસે તું તને પોતાને સનાથ માને છે, તે પોતે પણ અનાથ છે. અર્થાત્ તુંયે સનાથ નથી અથવા તું જેનો નાથ બની રહ્યો છે તેય સનાથ નથી. જેઓ તારે ભરોસે પોતાને સનાથ માની રહી છે, તેઓ પણ એજ રીતે અનાથ છે, કે જે રીતે મારા ભરોસે પોતાને સનાથ માનનારા મારા માતા-પિતા, બહેન, સ્ત્રી અને ભાઈઓ અનાથ હતા.

મુનિ કહે છે, રાજા, જે પ્રમાણે તું મનુષ્યજન્મ અને યુવાવસ્થાને વિશેષ કરીને ભોગને અર્થે માને છે એજ પ્રમાણે હું પણ માનતો હતો. જેમ હાથી, ઘોડા, ધનાદિ હોવાથી તું તને પોતાને સનાથ માને છે, તેમ હું પણ મને પોતાને સનાથ માનતો; પરન્તુ જ્યારે મારા શરીરમાં વેદના થઇ, ત્યારે તે બધાની કસોટી થઇ, અને તે બધા સનાથ કરનારા નહિ પણ અનાથતા વધારનારાજ ઠર્યા.

રાજન, મારી પીડા કોઇ પણ રીતે ન મટી, ત્યારે, હું વિચારવા લાગ્યો કે જેમના કારણે હું મને પોતાને સનાથ સમજી રહ્યો છું. તેઓ મને દુઃખમુક્ત કેમ કરી શકતા નથી? વિચારતા વિચારતા મને માલૂમ પડ્યું કે એ માતા-પિતા, ભાઇ-બહેન સ્ત્રી અને વૈદ્યાદિ પોતેજ અનાથ છે, તો પછી એ મને સનાથ કેવી રીતે બનાવી

શકે? મેં મારાં દુઃખને એ બધાં પર ઘટાવીને જોયું, મારી માફક એ બધાનો સંબંધ પણ જોયો, તો મને જણાયું કે મારીજ માફક એ લોકો પણ અનાથતા વધારનારી વસ્તુને આધિન પડેલાં છે.

માતા–પિતાદિ સંબંધીનાં વર્ણન દ્વારા, મુનિએ પોતાના નીતિપૂર્ણ સામાજિક જીવનનો પણ પરિચય આપ્યો છે. એમણે એ પણ બતાવ્યું છે કે, તેમનું સામાજિક જીવન કેવું નીતિપૂર્ણ હતું. નીતિને અનુસરીને, માતા પિતાનું પુત્ર પ્રત્યે, ભાઈનું ભાઇ પ્રત્યે, બહેનનું ભાઇ પ્રત્યે અને સ્રીનું પતિ પ્રત્યે શું કર્ત્તવ્ય હોય છે, મુનિએ એનું પણ દિગ્દર્શન કરાવ્યું છે.

આધ્યાત્મિક જીવનનું મૂળ, નીતિપૂર્ણ સામાજિક જીવન છે. જો કે આત્મા સુખી તો અધ્યાત્મિક જીવનથી જ હોઇ શકે છે, તોપણ નીતિપૂર્ણ સામાજિક જીવનના અભાવમાં આધ્યાત્મિક જીવનને માટે ક્ષેત્ર તૈયાર નથી થતું. એ વાત જુદી છે કે નીતિપૂર્ણ સામાજિક જીવન થોડીજ વારનુ હોય, પણ આધ્યાત્મિક જીવનની ઉત્પત્તિને માટે તેનું અસ્તિત્વ જરૂરનું છે. મુનિનું સામાજિક જીવન નીતિ માટે તેનું અસ્તિત્વ જરૂરનું છે. મુનિનું સામાજિક જીવન નીતિ પૂર્ણ હતું, એથી તેમનામાં આધ્યાત્મિક જીવન ઉત્પન્ન થવામાં વાર ન લાગી.

મુનિનું કથન સાંભળીને રાજા શ્રેણિક તેમને કહેવા લાગ્યો કે આર્ય, હે સયંતિ, આપના વચનોએ મારા

હૃદયનો આ ગર્વ ઉતારી દીધો કે હું અનાથ છું. હવે હું આ વાતને બરાબર સમજી ગયો કે હું જે સંપત્તિ વૈભવપર અને પોતાને સનાથ માની બેઠો છું તે સંપત્તિ વૈભવ સનાથ બનાવનાર નથી; પણ અનાથતા વધારનારી છે હવે કૃપા કરીને એ બતાવો કે આપની જે વેદના એટલા ઉપાયો કરવાથી પણ ન્હોતી ગઈ, તે વેદના કેવી રીતે ગઇ અને વાસ્તવિક રીતે સનાથ બનવાનો ઉપાય કયો છે!

મુનિ બોલ્યાઃ— હે રાજા, જ્યારે તમામ પ્રકારના ઉપાયો કરવા છતાં મારા શરીરની વેદના ન મટી, ત્યારે હું એ વેદનામાં પડ્યો પડ્યો મને પોતાનેજ વિચારવા લાગ્યો કે આટલા ઉપચારો થવાથી પણ મારી પીડા કેમ ન મટી? જો આ પીડા ભૌતિક કારણોથી છે, તો ભૌતિક ઉપાયથી તેનું શમન (શાંત પાડી દેવું) પણ થવું જોઇએ! ભૌતિક ઉપાયોમાં કોઇ પ્રકારની ખામી ન રહેવાથી પણ મારા શરીરનો રોગ મટ્યો નહિ અને હું સુખી ન થયો, એથી સ્પષ્ટ છે કે આ વેદના ભૌતિક (પંચમહાભૂત સંબંધી, શારીરિક) કારણોથી નહિ, પણ આધ્યાત્મિક કારણોથી છે. આ રોગો થવામાં મારા પૂર્વ સંસ્કારોનો અવશ્ય સંબંધ છે. મારી સાથે પૂર્વના કોઇ એવા સંસ્કાર છે કે જેના કારણે મને રોગ ઘેરી રહ્યો છે. (પડી રહ્યો છે.) મેં મારા મનમાં એ નિર્ણય કર્યો કે આ રોગ આધ્યાત્મિક કારણોથીજ થયો છે, બાહ્ય કારણોથી નથી થયો. આ નિર્ણય પર આવતાંની સાથેજ, હૃદયમાં એ પ્રશ્ન થવા

લાગ્યો કે જો પૂર્વ સંસ્કારનાં કારણે આ રોગ થયો છે તો શું હું પહેલાં પણ હતો? જો હું પહેલાં ન હતો, તો એ પૂર્વ સંસ્કારો હોતજ કેમ? એથી અવશ્ય હું પહેલાં પણ હતો. છતાં જો હું પહેલાં પણ હતો, તો નથી ખબર કે આવાં કેટલાયે દુઃખ મારે સહન કરવા પડ્યા હશે, એ પ્રમાણે મારા મનમાં અનેક પ્રશ્નો થવા લાગ્યા અને હું પોતેજ તેનું સમાધાન કરવા લાગ્યો. અન્તમાં,

तोऽहं एवमाहंसु, दुक्खगाहु पुणो पुणो ।
वेयणा अणुभविउं जे, संसारंमि अणंतए ॥३१॥

ભાવાર્થ:—રોગ ન મટવાથી, વિચાર કરતાં મને વિશ્વાસ આવ્યો કે આ અનંત સંસારમાં પરિભ્રમણ કરતા, મેં આ પ્રકારની વેદના વારંવાર અનુભવી છે.

હે રાજન્, આ પ્રકારે વિશ્વાસ થવાથી, હું એમ વિચારવા લાગ્યો કે સંસારમાં ભ્રમણ કરવાનું અને વારંવાર એવું કષ્ટ ભોગવવાનું કારણ શું છે? આ પ્રશ્ન પર વિચાર કરતાં થકા, હું એ સિદ્ધાન્ત પર આવ્યો કે મોહને આધિન બનીને, આત્મા સાંસારિક પદાર્થો દ્વારા પોતે પોતાને સનાથ બનાવવા ઇચ્છે છે; પરન્તુ એ સાંસારિક પદાર્થોથી જેમ જેમ સંબંધ વધતો જાય છે, તેમ તેમ આ આત્મા અનાથ બનતો જાય છે, અને એ અનાથતાજ સંસારમાં ભ્રમણ કરાવનાર તેમજ એવા અથવા એથી પણ અધિક દુઃખનો અનુભવ કરવાના કારણભૂત છે.

કે. આ ભૌતિક સંપત્તિનો ત્યાગ કરીને, નિઃસ્વાર્થ ભાવથી બાંધવામાં આવે. માતા પિતા, આર્ય-અનાર્ય, કે વ્યક્તિઓને પોતાના ન માનતાં, સંસારના સમસ્ત પ્રાણીઓને પોતાના માનવામાં આવે, જે પ્રમાણે, કેવળ માતા-પિતાદિ વ્યક્તિના અથવા વધારે સમુદ્રના પાણી રહેવાને બદલે સંસારના પ્રાણી માત્રના બનીને રહેવામાં આવે, માત્ર પોતાનાનેજ પોતાને અનાથ ન માનતાં, સંસારના પ્રાણીમાત્રથી પોતાને સનાથ માનવામાં આવે. અને માત્ર પોતાનોજ નાશ ન રહેતાં, સંસારના પ્રાણી માત્રનો નાશ રહેવામાં આવે. ભૌતિક પદાર્થોનો વિશ્વાસ ન કરતાં, પોતાના આત્માનોજ વિશ્વાસ કરવામાં આવે, ભૌતિક પદાર્થો પરથી મમત્વ તોડી દેવામાં આવે, તો આ અનાથતા મટી શકે છે. પ્રાણી માત્રને પોતાનો નાથ બનાવવા માટે, તેમજ પ્રાણિ-માત્રના નાથ બનવા માટે, ક્રોધ, લોભ, ઇન્દ્રિય-લોલુપતા અને આંરભસમાંરભને ત્યાગવાની તેમજ ક્ષમા, ઇન્દ્રિય-નિગ્રહ, નિરારંભતા અને નિર્લોભતા વગેરેને અપનાવવાની (જીવનમાં વિકસાવવાની) આવશ્યકતા છે. જ્યાંસુધી એમ ન કરવામાં આવે ત્યાંસુધી અનાથતા મટી શકતી નથી. આ નિર્ણય પર પહોંચતાજ, મેં મારા મનમાં સંકલ્પ કર્યો કેઃ-

सइं च जइ मुच्चेज्जा, वेयणा विउला इतो ।
खन्तो दन्तो निरारम्भो, पव्वइए अणगारियं ॥३२॥

ભાવાર્થ:—જો હું એકવાર આ મહાન વેદનાથી મુક્ત બની જાઉં તો ક્ષમાવાન, ઇન્દ્રિયોનું દમન કરનાર, તેમજ નિરારંભી બનીને હું અણગાર ધર્મનો સ્વીકાર કરું.

एवं च चिंतइत्ताणं, पासुत्तो मि नराहिवा ।
परियत्तंतीए राईए, वेयणा मे खयं गया ॥३३॥

ભાવાર્થ:—હે નરાધિપ, આ પ્રકારનું ચિન્તન કરતાં કરતાં મને નિદ્રા આવી ગઈ, હું સૂઈ ગયો. રાત્રિ વ્યતીત થતાં જ્યારે હું જાગ્યો ત્યારે મેં જોયું તો મારી શારીરિક વેદના શાંત થઈ ગઈ છે, અને મારું શરીર પહેલાં જેવું થઈ ગયું છે.

મુનિ ફરી કહે છે-રાજન, અત્યારસુધી હું મોહની નિદ્રામાં સૂઈ રહ્યો હતો, જેથી આ રોગોએ મારે ત્યાં ચોરની જેમ પ્રવેશ કરી લીધો હતો. રોગ રૂપી ચોરોને ન તો હું ભગાડી શક્યો કે ન તો મારા માતા-પિતા, વૈદ્યાદિ ભગાડી શક્યા. રોગોને હું અથવા તો તેઓ ભગાડી પણ કેમ શકે? કારણકે હું અને મારી સાથેના તેઓ બધા પણ મોહની નિદ્રામાં પડેલા હતા. ઘરમાં ચોર ત્યાં સુધીજ રહી શકે છે, જ્યાં સુધી ઘરનો માલીક સૂઈ રહ્યો હોય. માલીકના જાગવાથી, ચોરો રહેવાનું સાહસ કરી શકતા નથી. હું જ્યારે મોહની નિદ્રામાંથી જાગ્યો, ત્યારે એ રોગ રૂપી ચોરોને ભગાડવામાં સમર્થ થઇ શક્યો. મોહ નિદ્રાનો ભંગ કરીને મેં જ્યારે રોગ રૂપી ચોરોને એમ કહ્યું કે તમે લોકો મારે ત્યાંથી નાસી જાઓ ત્યારેજ તે રોગ રૂપી ચોરો નાસી ગયા. તેઓ સમજી ગયા કે હવે ઘરનો માલીક જાગી ગયો છે, માટે અહિં રહેવામાં સાર (સલામતી) નથી. રાજન્ મોહ નિદ્રા દૂર કરીદેવાથી, રોગોને ભગાડવામાં મારે, માતા-પિતા કોઇની પણ સહાયતા

ન લેવી પડી. સહાયતા લઈએ પણ કોની? માતા-પિતાદિ પોતેજ મોહની નિદ્રામાં ફસાઇ પડ્યાં હતાં. જો કે હું એ રોગ રૂપી ચોરોને મારે ત્યાં પહેલાં પણ રહેવા દેવા ઇચ્છતો ન હતો, પરન્તુ પહેલાં હું મોહની નિદ્રાથી બેશુદ્ધ હતો, અને આથેજ અનાથ પણ હતો. સૂતેલા અશક્તનો ભય કોણ રાખે? એટલા માટે મારી ઇચ્છા ન હોવા છતાં પણ એ રોગ રૂપી ચોર, મારા શરીર રૂપી ઘરમાં પેસી રહ્યો. મોહનિદ્રાથી જાગીને પણ જો હું અશક્તજ બની રહેત, અને મને પોતાને સશક્ત ન બનાવત તો તે રોગ રૂપી ચોર ન ભાગત. કેમકે જાગતા રહેલા અશક્તની વાત કોણ માને છે? પણ જાગતાની સાથેજ મેં મને પોતાને સશક્ત બનાવી દીધો અને મારી શક્તિનું પ્રદર્શન કરતા થકા-અથવા તો એ કહેતા થકા, કે હું ક્ષમાવાન, ઇંદ્રિયોનું દમન કરનાર, તેમજ નિરારંભી બનીને અનગાર (સંયતિ) થઇશ.-મેં રોગ રૂપી ચોરોને દમદાટી દીધી, મારી દમદાટીની સાથેજ તેઓ નાસી ગયા.

રાજન્, વેદનાના જોરે, મને ઘણા દિવસોથી ઊંઘ આવી ન હતી, પરન્તુ મેં જેવોજ આ સંકલ્પ કર્યો કે વેદના મટી જવાથી હું અનગાર થઇશ, તેવીજ મને ઊંઘ આવી ગઇ. મને ઊંઘ આવેલી જાણીને, મારા માતા-પિતાદિને બહુજ પ્રસન્નતા થઇ. જે રોગીને ઊંઘ નથી આવતી તેનો રોગ અસાધ્ય મનાય છે. મને ઊંઘ ન્હોતી આવતી, એથી મારા ઘરવાળાઓ મારો રોગ અસાધ્ય માનીને દુઃખી થઇ

ા હતા. પરન્તુ મને ઊંઘ આવી જવાથી, મારા ઘરવાળાઓ
ણા ખુશી થયા. તેઓ એમ સમજવા લાગ્યા કે હવે
ારો પુત્ર, ભાઇ કે પતિ સ્વસ્થ (નિરોગી) થઇ જશે.
વખતે મારા ઘરના માણસોને કેટલો હર્ષ થયો હશે
ે હું કંઇ કહી શકતો નથી. મારા ઘરના માંણસો,
ને ઊંઘમાં સૂઇ રહેલો જાણતા હતા, પરન્તુ હે રાજા,
ારી આ નિદ્રા બીજાજ પ્રકારની હતી. એ બધા મને
ૂતેલા અને પોત-પોતાને જાગૃત સમજતા હતા, પણ
ારી સમજથી, હું જાગી રહ્યો હતો અને તે બધા
ૂઇ રહ્યા હતા.

પોતાની સુષુપ્તિ અને ઘરના માણસોની જાગૃતિ એ
ેમાં મુનિ જે અંતર બતાવી રહ્યા છે તે ગીતાના બીજા
અધ્યાયમાં નીચેના કથનાનુસાર છે.

या निशा सर्व भूतानां तस्यां जाग्रति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

અર્થાતઃ—બધા લોકો જેને રાત સમજે છે, એમાં સંયમી પુરુષ જાગતા રહે છે અને જેમાં આખું જગત જાગે છે, એને તત્વજ્ઞાની મુનિ રાત સમજે છે. મતલબ એ, કે સંસારમાં લપટાયલા લોકો જેને સત્ય સમજે છે તેને જ્ઞાની લોક અસત્ય સમજે છે. અને જે તત્વની વાત, સંસારમાં લપટાયલા લોકોથી છુપાયલી હોય છે તેને જ્ઞાની લોક સ્પષ્ટ દેખે છે.

મુનિ પણ આજ વાત કહી રહ્યા છે. તે કહે છે કે
રાજન્ ઘરના માણસો મને સૂતેલા અને પોતાને જાગતા

સમજતા હતા. પરન્તુ વાસ્તવિક [illegible] તો હું પોતે [illegible] હતો અને તેઓ [illegible] શકયા નહિ. [illegible] અનાથના સમજતા હતા તેને હું અનાથના [illegible] હતો. અને જેને હું [illegible] માની [illegible] લોકો તારીજ મારફ અનાથના માનતા હતા. પણ તું પોતાને પોતાનો અનાથ માનીને. મારો [illegible] તેથી થયો છે, પરન્તુ વાસ્તવિકતાએ તો પણ અનાથ જ [illegible] અનાથ નથી. તારી દૃષ્ટિમાં અમે (સાધુ) અનાથ છીએ અને તું જાગી રહ્યો છે. પણ અમારી તો અમે જાગી રહ્યા છીએ અને તું સૂતેલો છે.

હે રાજન, રાત્રી વ્યતીત થવાથી, અગાઉના સૂર્યોદય થવાથી મેં જોયું કે મારૂં શરીર તો એજ છે, પરન્તુ એમાં કિંચિત્ પણ વેદના નથી. આ જોઈને મને એ વાત પર વિશ્વાસ આવી ગયો કે રોગોને, મેંજ શરણે મૂકયા હતા, તેથી જ તેઓ રહ્યા હતા. પિતા, માતા, બહેન, ભાઈ, સ્ત્રી, ધન, વૈદ્યાદિ અને ઔષધ્યાદિથી સનાથ બનવાની મારી ભૂલ પણ મને સમજવામાં આવી; મને એ વાત પર સંપૂર્ણ વિશ્વાસ આવી ગયો કે, સર્વારંભને ત્યાગવાથી, ઇંદ્રિયોનું દમન કરવાથી અને ક્ષમાને અપનાવી અનગાર ધર્મમાં પ્રવર્જિત બનવાથી જ સનાથ બની શકાય છે. તેમજ પ્રત્યેક દુઃખ અનાથનેજ સતાવે છે, સનાથને સતાવતું નથી. શક્તિસંપન્ન મનુષ્યો આગળ રોગાદિ પ્રત્યેક દુઃખ, ભયગ્રસ્ત બનીને જ રહે છે.

અહિં પ્રશ્ન ઉદ્‌ભવે છે કે જો અનાથી મુનિનો રોગ, સંયમનું ચિન્તવન કરવાથી જ માત્ર ચાલ્યો ગયો, તો પછી સંયમી જીવોને કષ્ટ કેમ ભોગવવું પડે છે? ઉદાહરણ તરીકે-મુનિશ્રી ગજસુકુમારનું આગથી બળવું.

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે જેને સંસારના લોકો રાત સમજે છે, તે જ્ઞાનીઓને મન દિવસ છે, અને જેને સંસારના લોકો દિવસ સમજે છે તે જ્ઞાનીઓને મન રાત છે. એ પ્રમાણે સંસારના લોકો મુનિ શ્રી ગજસુકુમારજીનું આગથી બળવાનું માને છે, એને માટે કષ્ટ સમજે છે; પરન્તુ ગજસુકુમાર મુનિ એને કષ્ટ ન્હોતા સમજતા, પણ સુખ સમજતા હતા. અને માથા પર આગ મૂકનારને, પોતાના લક્ષ્ય (સાધ્ય બિંદુ) પર પહોંચાડનાર સહાયક માનતા હતા. એમને તો, શરીરને વહેલામાં વહેલી તકે ત્યાગી દેવાનીજ ઇચ્છા હતી. જો તેમની એ ઇચ્છા ન હોત, તો તેઓ સ્મશાનમાં કેમ જાત? અને પોતાના માથા પર અગ્નિ મૂકવાજ કેમ દેત? અગ્નિ મૂકયા છતાં પણ જો તેઓ અગ્નિથી કષ્ટનો અનુભવ કરતા હોત, તો ઇચ્છા કરવાથીજ માત્ર અગ્નિને શીતળ કરી શકતા હતા. એમનામાં એવી શક્તિ હતી, કે ચિંતવવાથીજ અગ્નિ શાંત થઇ જાય. આ શક્તિ હોવા છતાં પણ, એમણે અગ્નિને શીતળ કરવાની ઇચ્છા ન કરી; એનુ કારણ એ છે કે તેઓ અગ્નિથી દુઃખનો અનુભવ ન્હોતા કરતા, પણ એ વિચાર કરી સુખ માની રહ્યા હતા કે, હું મારા ધ્યેયની નજીક સત્વર

પહોંચી રહ્યો છું. આ પ્રમાણે જ્યારે અગ્નિથી બાળનાર મુનિજ બાળવામાં દુઃખ ન્હોતા માનતા, તો પછી એમ કહેવાય કે સંયમી ગજસુકુમાર મુનિને કષ્ટ થયું ! સંયમીને કોઇ પણ પ્રકારનું કષ્ટ હોતુંજ નથી. સંયમનો સ્વીકાર કરનારા, કષ્ટને જીતી લિયે છે. તેઓ પોતાને માટે કષ્ટોનું અસ્તિત્વ પહેલેથીજ દૂર કરી દે છે, ત્યાર પછીજ તેઓ સંયમ લિયે છે.

સનાથી મુનિનો રોગ, સંયમની ઉચ્ચભાવનાથી મટયો. મંત્ર ઔષધથી ન મટયો, કે માતા-પિતાદિની સેવા સુશ્રુષાથી કંઇ લાભ ન થયો. એ વાત ઠીક છે, પરન્તુ એનો એ અર્થ નથી કે ઔષધાદિથી રોગ મટતોજ નથી, અથવા વૈદ્ય રોગોને મટાડીજ શકતા નથી, એથી માતા-પિતા વૈદ્યાદિને સાંદાની માવજત કરવાની જ જરૂર નથી; જો ઔષધાદિથી રોગ મટતોજ ન હોય વૈદ્ય રોગીને સ્વસ્થ (નિરોગી) કરીજ શકતો ન હોય અથવા માતા, પિતા, ભાઇ, બહેન, સ્ત્રી આદિની બરદાસથી લાભ થતોજ ન હોત, તો તો કોઇ કોઇનો ઉપચાર પણ ન કરે, તેમ કોઇની સેવા બરદાસ પણ ન કરે. એનાથી પણ લાભ થાય છે, એનાથી પણ રોગ મટે છે, પણ એ ઉપાયોથી રોગ મટીજ જાય છે એ નિશ્ચિત (સિદ્ધ) વાત નથી. એથી કેટલાકને લાભ પણ થાય છે અને કેટલાકને લાભ નથી પણ થતો. એ સિવાય આ પ્રકારે મટી ગયેલ રોગ, હંમેશને માટે ગયો એમ પણ કહી શકાય નહિ

જેમ શારીરિક રોગ મટી જવાને કારણે આત્મા સનાથ જ બની જાય છે એમ પણ નથી સંયમની ઉચ્ચ ભાવનાથી મટી જનાર રોગ નિમિત્તરૂપે આવ્યો હોય છે તેને આત્મા પણ અનાથતામાંથી નીકળીને સનાથ બની જાય છે. તાત્પર્ય એ કે ઔષધ-પરિચર્યા આદિથી લાભ ન થવાને કારણે, કોઈની ઔષધાદિથી પરિચર્યા (સેવા) ન જ કરવી, એમ સમજવું ખોટું છે. ભલે રોગ જાય કે ન જાય, કષ્ટમાં પડેલાને લાભ થાય કે ન થાય, પણ જે મનુષ્ય, રોગી અથવા દુઃખીની ઔષધાદિ કે સેવા વડે સહાયતા કરે છે તેને અનુકંપાનો લાભ તો અવશ્ય મળે જ છે.

ઔષધાદિ દ્વારા તથા સંયમની ઉચ્ચ ભાવના દ્વારા, રોગ નષ્ટ થવામાં જે મહાન અંતર છે, તે આત્માની અનાથતા તેમજ સનાથતા છે. એટલે એકથી આત્મા અધિક અનાથ થાય છે, અને બીજાથી સનાથ થાય છે. બલ્કે મંત્રદ્વારા નિરોગી બનેલાનો આત્મા ઔષધદ્વારા નિરોગી બનેલાના આત્માની અપેક્ષાએ અધિક પરાધીન બની જાય છે કેમકે ઔષધ પર ભલે વિશ્વાસ મૂકવામાં આવે કે ન આવે, પણ ઔષધનો પ્રયોગ પોતાનો સારો કે ખોટો પ્રભાવ કોઈ કોઈવાર દેખાડેજ છે, પરન્તુ યંત્ર-મંત્રનો પ્રભાવ તો ત્યારેજ જણાય, કે જ્યારે તેના પર પૂર્ણરીતે વિશ્વાસ મૂકવામાં આવે. દાખલા તરીકે:— મેસ્મેરિઝમનો પ્રભાવ, ભોળા-ભદ્રિક માણસો પરજ વધારે પડે છે કે જેમનામાં અંધ વિશ્વાસની માત્રા વધારે હોય.

જેમને મેસ્મેરિઝમ પર વિશ્વાસ નથી, જેઓ એના પ્રભાવને માનતા નથી, તેમના પર મેસ્મેરિઝમનો કોઈ પ્રભાવ પડતો નથી. કે જેટલો પ્રભાવ તેના વિશ્વાસ કરનારાઓ પર પડે છે. એ પ્રમાણે ઔષધની આશાએ, સંયમથી નિરોગી બનનારને આત્મવિશ્વાસ બિલકુલ ગુમાવી દેવો પડે છે. સંયમની ઉચ્ચ ભાવનાથી રોગ જવામાં, આ વાત નથી. એમાં આત્મા પરાધીન નથી બનતો, પણ સ્વાધીન બને છે. એ રીતે રોગ જવામાં આત્મવિશ્વાસ વધે છે–ઘટતો નથી. ઉચ્ચ ભાવના વડે–જતો રહેલો રોગ કદાચ ફરીથી આવી પણ ગયો, તોપણ આત્મવિશ્વાસને કારણે આત્માની ભાવના વધારે ઉચ્ચ થશે, અને એ પ્રમાણે આત્મવિશ્વાસ પણ વધશે.

અનાથી મુનિ કહે છે–રાજા, વૈદ્ય તેમજ ઔષધાદિથી મારો રોગ ન ગયો તે સારૂંજ થયું. જો એનાથી મારો રોગ ચાલ્યો જાત, તો હું અનાથતામાં વધારે ફસાઈ જાત, અનાથતામાંથી નીકળી ન શકત. મારામાં આત્મ-વિશ્વાસ ઉત્પન્ન ન થાત, પણ વૈદ્ય, ઔષધાદિ પર જ વિશ્વાસ કરવા લાગત અને એ રીતે હું મારી પરતંત્રતાને વધારે વધારી દેત. જોકે મારો ઉપચાર તેમજ મારી બરદાસ કરનાર–મારા દુઃખથી દુઃખી થનાર-ની ભાવના ઉપકારની જ હતી, તેઓ પોતાની તરફથી મારા પર દયાજ કરતા હતા અને હું જાણતો હતો ત્યાં સુધી તે દયા મને સુખપ્રદ પણ લાગતી હતી, પરન્તુ હવે મને જ્ઞાન થવાથી

હું એમને બંધનકારક સમજવા લાગ્યો છું અને મને તેઓની દયા મારી પરમાર્થના વધારનારી દેખાય છે.

રાજન્! મારા શરીરમાં રોગ પ્રવેશ્યો, એ પણ સારું જ થયું. જો મારું શરીર રોગી ન થયું હોત અને સ્વસ્થ હોત, તો હું અનાથ જ બની રહેત, સનાથ ન બનત. એ રોગોએ મારામાં સનાથ બનવાની ભાવના ઉત્પન્ન કરી, એથી હું એ રોગોને મિત્ર માનું છું. અત્યારે પણ જો મને કોઇ રોગ હોય, તો હું તેને દુ:ખદાતા ન માનું, પણ સુખદાતા માનું. અને સમજું કે મારામાં કોઇ પ્રકારની ખામી આવી છે, મારી ઉચ્ચ ભાવનામાં કોઇક ન્યૂનતા આવી ગઇ છે, એથી જ આ મારો પૂર્વ પરિચિત મિત્ર મને સાવધાન કરવા માટે આવ્યો છે.

રાજન્! પ્રાતઃકાળે મને વેદના રહિત દેખીને, મારા ભાઇ, બહેન, માતા, પિતા, સ્ત્રી વગેરે ખૂબ આનંદ પામ્યા. મને જાગૃત થયેલો જાણીને, બધા માણસો મારી પાસે આવ્યા. એ વખતે એ સઘળા ઘણા જ આનંદિત હતા. તે બધા બોલતા હતા કે અમારું પુણ્ય પ્રબળ છે, જેથી અમારો પુત્ર-ભાઇ અથવા પતિ સારો થઇ ગયો બધા માણસો પોત પોતાના ભાગ્યની બડાઇ કરવા લાગ્યા. અને મને પૂછવા લાગ્યા કે તમારા શરીરની વેદના એકદમ કેવી રીતે શાન્ત થઇ ગઇ? હવે તો શરીરમાં વેદના નથી ને? વગેરે વગેરે મે તેમને કહ્યું કે હવે હું સારો થઇ ગયો હવે મારા શરીરમાં લગાર માત્ર પણ વેદના નથી. તેઓ

બધા કહેવા લાગ્યા કે તમને સારૂં થઇ જવાથી, અમને જે આનંદ થયો છે તે આનંદ, ત્રણ લોકની સંપત્તિ મળવાથી પણ ન થાય. હવે એ કહો, કે જે વેદના આટ-આટલા ઉપાય કરવા છતાં પણ ન ગઇ, તે વેદના આમ આપોઆપ કેવી રીતે મટી ગઇ અથવા કયા ખાસ કારણે તે વેદના ચાલી ગઇ? હું તેમને કહેવા લાગ્યો કે એટ-એટલા ઉપચાર કરવાથી પણ જે વેદના ન્હોતી ગઇ, અને જે વેદના ન મટવાને લીધે હું તમને અને તમે મને સુખી ન્હોતા કરી શકયા, તે વેદનાને મટાડવાને માટે મેં એક શક્તિનું સ્મરણ કર્યું. એ શક્તિનું સ્મરણ કરતાં જ મને ઘણા દિવસોથી ઉડી ગયેલી નિદ્રા આવી ગઇ અને હું સૂઇ ગયો. અત્યારે જાગીને, હું શરીરને રોગ રહિત--સ્વસ્થ-દેખું છું. આ બધું એ શક્તિનું સ્મરણ તેમ જ તેની કૃપાનો પ્રતાપ છે.

મારી વાત સાંભળીને, મારા ઘરના બધા માણસો એ શક્તિની આનંદપૂર્વક પ્રશંસા કરવા લાગ્યા. અને કહેવા લાગ્યા કે એ શક્તિ કયાં રહે છે અને કોણ છે કે જેણે આવે સમયે તમારી અને અમારા બધાની આવી રીતે સહાયતા કરી, અમે એ શક્તિને ક્રોડ ક્રોડ નમસ્કાર કરીએ છીએ અને એને ધન્યવાદ આપીએ છીએ.

રાજન્ ! એ બધાના પ્રશ્નના ઉત્તરમાં મેં કહ્યું કેઃ-એ શક્તિ બીજે કયાંઇ નથી રહેતી, પણ હૃદયમાં જ રહે છે. હું એ શક્તિને ભૂલી ગયો હતો, એથી આટલું દુઃખ વેઠી

રહ્યો હતો. દુઃખથી મુક્ત થવાના બધા ઉપાયો નિષ્ફળ નીવડવાથી, મેં એ શક્તિનું સ્મરણ કરીને તેને કહ્યું કે જો હું એક વાર દુઃખમુક્ત થઈ જાઉં તો તારે શરણે આવીશ. એમ કહેતાં જ, મને નિદ્રા આવી ગઈ, મારી વેદના ઓછી થઈ ગઈ અને અત્યારે હું મને પોતાને રોગ રહિત સ્વસ્થ દેખું છું.

મારી આ વાત સાંભળીને, એ લોકોનું કુતુહલ (જિજ્ઞાસા) વધી ગયું. પછી તેઓ એ શક્તિનું નામ જાણવા માટે વધારે ઉત્સુક બન્યા. તેમની ઉત્સુકતા જોઈને, મેં કહ્યું કે વિભાગથી તો એ શક્તિનું ક્ષમા, સત્ય, અહિંસા, વગેરે પૃથક પૃથક નામ છે, પરંતુ સમુચ્ચયે તે 'સંયમ'ની શક્તિ છે. સંયમની શક્તિથી જ હું રોગ મુક્ત થયો છું. હવે હું, તે સંયમની શક્તિ પાસે કરેલી પ્રતિજ્ઞા મુજબ, તેને શરણે જવા ઇચ્છું છું. માટે આપ બધા મને અનુમતિ આપો.

'યમ, ઉપરમે' ધાતુ પરથી 'સંયમ' શબ્દની ઉત્પત્તિ છે. એનો અર્થ 'સમસ્ત વિકારોથી દૂર રહેવું' એવો થાય છે.

મારું આ કથન સાંભળીને. મારા ઘરના માણસોને મારા વિયોગનું સ્વાભાવિક દુઃખ થયું. બધા માણસો, અરસપરસ એક બીજાની સામે જોવા લાગ્યા, અને પોતપોતાની આંખોમાંથી આંસુ ટપકાવવા લાગ્યા. હું તેઓને બહુ જ પ્રિય હતો. તેથી તેમને મારી આ વાત સાંભળીને દુઃખ થયું. એ બધાને દુઃખી દેખીને, મેં તેમને કહ્યું કે તમે દુઃખી કેમ થાઓ છો? હું જ્યારે વેદનાથી પીડાતો હતો. તે વખતે જો મારું મૃત્યુ થયું

[illegible] હું વેદનાથી મુક્ત [illegible] અનુમતિ આપો. આ પ્રકારે [illegible] થવાથી (બોધ આપવાથી) [illegible] મને સંયમ લેવાની રજા આપી.

तओ कल्ले पभायंमि, आपुच्छित्ताण बन्धवे ।
खन्तो दन्तो निरारम्भो, पव्वइओ अणगारियं ॥३४॥

ભાવાર્થઃ—પ્રાતઃકાળે વેદના શાંત થવાથી, મેં મારા બંધુઓ પાસેથી અનુમતિ લીધી, અને ક્ષમાવાન, ઇન્દ્રિયનિગ્રહી તેમજ નિરારંભી બનીને અણગારધર્મ સ્વીકારી લીધો.

तोऽहं नाहो जाओ, अप्पणो य परस्स य ।
सव्वेसिं चेव भूयाणं, तस्साणं थावराण य ॥३५॥

ભાવાર્થઃ—સંયમ લઇને, હું મારા પોતાનો તથા બીજા બધા ત્રસ તેમ જ સ્થાવર જીવોનો નાથ બની ગયો.

અનાથી મુનિ કહે છે—હે રાજન્! હવે મને કોઇ પણ પ્રકારના રોગ શોકનો ભય નથી. હવે હું 'સનાથ' છું. એથી કોઇ પ્રકારનું દુઃખ મારી નજીક આવી શકતું નથી. જો કદાચ કોઇ રોગ કે દુઃખ આવ્યું તો પણ હું પોતે

તેને મહાત્મા સમર્થ છું. પણ કોઈ રાજાઓને, કોઈ બીજાને શરણે જવાની જરૂર પડશે નહિ. મારી જીવન ગાથા સાંભળીને હે રાજા! તું સમજી જઈશ કે હું કેવો અનાથ હતો અને અત્યારે કેવી રીતે સનાથ છું? મારા કથન પછી, તું તારે પોતાને માટે વિચારી લે કે તું સનાથ છે કે અનાથ? અને બીજાનો નાથ બનવામાં સમર્થ છે કે નહિ?

રાજા! તને એ તો માલૂમ પડી જ ગયું હશે કે જ્યાં-સુધી કોઈ, કોઈપણ જીવ કે પદાર્થ પર પોતાનું આધિપત્ય (અધિકાર) રાખે છે, પોતાને શાસક અને તેને શાસિત માને છે, ત્યાંસુધી તે પોતાનો પણ નાથ નથી, અને બીજાનો પણ નાથ નથી. જે બીજાને, પોતાને આધીન રાખવા ઇચ્છે છે તે પોતે જ બીજાને આધીન બની જાય છે. આ અટલ સિદ્ધાન્ત છે. એજ પ્રમાણે જે બીજા શાસકને આધીન છે, તે તો અનાથ છે જ. તે સનાથ ત્યારે જ થઇ શકે, કે જ્યારે પોતે પણ બીજાને આધીન ન રહે; તેમ કોઇ બીજાને પણ પોતાને આધીન ન રાખે, એ રીતે સનાથ બનનાર પોતે પોતાને જ નાથ નથી રહેતો પણ પ્રાણી માત્રનો નાથ બની જાય છે. તું એમ ન સમજ કે પછી તો પ્રાણી માત્ર પર પોતાનું આધિપત્ય થયું. આ પ્રકારથી પ્રાણીમાત્રના નાથ બનવામાં આધિપત્ય અથવા અધીનતાને તો સ્થાન જ નથી. એમાં તો કેવળ મિત્-તાને સ્થાન છે સંયમનો અર્થ જ વિકારોથી દૂર રહેવાનો

છે. જો સંયમ સ્વીકાર્યો તો પછી ન્હાના મોટા, શાસક-શાસિત અથવા અધિપતિ-અધીન આદિ વિચાર રહ્યો જ ક્યાં? પછી તો મૈત્રી ભાવના જ વિકસિત થાય છે. પોતે પોતાનો નાથ બનેલ વ્યક્તિ મિત્રતાના બળે પ્રાણિમાત્રનો નાથ બને છે.—સામ, દામ, દંડ અને ભેદ આદિ સાંસારિક નીતિના બળ પર નહિ. જો તું મારો નાથ બનવાનો ઇચ્છુક છે, તો તારે અધીન રહેલા લોકોપરથી તારૂં આધિપત્ય ઉઠાવી લે, ભૌતિક પદાર્થો પર વિશ્વાસ કરવો છોડી દે અને તારા પોતા પર વિશ્વાસ કર. બસ પછી તું માત્ર મારોજ નહિ, પણ પ્રાણીમાત્રનો નાથ બની જઇશ.

રાજા! તું તને પોતાને, હાથી ઘોડા વગેરે હોવાથી સનાથ માને છે, પણ તેં હાથી, ઘોડા કેમ રાખ્યા છે? તું આ વિષયમાં બરાબર અને એક એક પર અલગ અલગ વિચાર કર. જો તું પગે ચાલી શકતો હોત, તો ઘોડા કેમ રાખત? પગે નથી ચાલી શકતો તેથી જ તેં ઘોડા રાખ્યા છે કે નહિ? તારાથી જે કામ ન થઇ શક્યું, જે કરવાની તારામાં શક્તિ ન હતી, તે કામ કરવા માટે જ તેં ઘોડા રાખ્યા હતા, ખરૂં કે નહિ? પછી તેમાં વિશેષતાની વાત શી રહી? આ તો વધારે કમજોરી (નિર્બળતા) થઇ! જો કદાચ ઘોડાઓ, તને બેસાડીને ચાલવાનો ઇન્કાર કરે, તો તું કેમ ચાલી શકીશ? ઘોડાએ તારી નિર્બળતા ઉપર કૃપા કરી છે, કે જે તારૂં વજન ઉઠાવીને ચાલે છે. આવી દશામાં તું એ ઘોડાનો નાથ કેવી રીતે રહ્યો? હા, લોકોક્તિથી

[illegible]
[illegible] છે. [illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] સનાથ બનવું છે, તો સંસારની [illegible]
[illegible] અધિકાર [illegible], આ [illegible]
અહીં જ, પછી તું તારા પોતાનો પણ નાથ બનીશ અને
બીજા તથા પ્રાણિમાત્રનો પણ નાથ બનીશ. જો કદાચ તું
એકદમ આ પ્રમાણે ન કરી શકે તો ધીરે ધીરે કર.
અનાથતા દેનારી વસ્તુઓને, ધીરે ધીરે ત્યાગવાથી પણ
જેટલે અંશે જે વસ્તુઓને ત્યાગીશ, એટલે અંશે પણ
સનાથ બનતો જઈશ અને જ્યારે અનાથતા દેનારી
વસ્તુઓને સર્વથા ત્યાગીશ ત્યારે સર્વાંશે તું સનાથ
બની જઈશ.

હે રાજા! એટલું કષ્ટ ભોગવીને, અનાથતા ત્યાગ્યા પછી એ રીતે નાથ બન્યા પછી, હું આ સિદ્ધાંત પર પહોંચ્યો છું:—

अप्पा नइ वेयरणी, अप्पा मे कूडसामली ।
अप्पा काम दुहा धेणू, अप्पा मे नन्दणंवण ॥३६।

ભાવાર્થ:—મારો આત્મા જ વૈતરણી નદી છે. મારો આત્મા જ કૂટશાલ્મલી વૃક્ષ છે. મારો આત્મા જ ઇચ્છિત ફળ આપનાર કામધેનુ છે અને મારો આત્મા જ નંદનવન છે.

શાસ્ત્રકારોએ પુણ્ય અને પાપનાં ફળને માટે સુખ અને દુઃખ એ બે ભેદ દર્શાવ્યા છે. અર્થાત એ બતાવ્યું કે પુણ્યથી સુખ પ્રાપ્ત થાય છે અને પાપથી દુઃખ પ્રાપ્ત થાય છે. આ સુખ દુઃખથી ધર્મનું ફળ ભિન્ન છે; કેમ ધર્મનું ફળ મોક્ષ છે. મોક્ષ પ્રાપ્ત થવાથી. કર્મજનિત સુખ પણ નથી. દુઃખ અને સુખ પણ નથી. જો મોક્ષ કર્મજનિત સુખ માનવામાં આવે તો પછી ત્યાં દુઃખ પણ અસ્તિત્વ માનવું પડે. કેમકે, જ્યાં એક પક્ષ હો ત્યાં બીજો પક્ષ પણ હોય જ. પણ મોક્ષમાં કર્મજનિ દુઃખનું નામ પણ નથી, એટલા માટે કર્મજનિત સુખ [illegible] નથી. દુઃખ અને સુખ તો ત્યાંસુધી જ હોય છે કે જ્યાંસુ મોક્ષ પ્રાપ્ત ન થયો હોય. એથી ધર્મનું ફળ—મો સુખ દુઃખ રહિત છે.

શાસ્ત્રકારોએ પાપનું ફળ દુઃખ બતાવ્યું છે. દુઃખમાં વૈતરણી નદી તેમ જ કૂટશાલ્મલીના વૃક્ષનું દુઃખ વિ છે, શાસ્ત્રકારોનું કથન છે કે નારકીના જીવોને વૈતરણી દ્વારા મોટાં મોટાં કષ્ટ ભોગવવાં પડે છે. તેઓને તેમા ડુ[illegible] વામાં કે ઉતારવામાં આવે છે, તેમાં રહેનારા અનેક [illegible] તેમને કાપીને ખાય છે. એ રીતે વૈતરણી નદી દ્વારા [illegible] કીને ઘણાં જ દુઃખો ભોગવવાં પડે છે.

નારકીના જીવોને નરકમાં કૂટશાલ્મલી વૃક્ષથી પણ ઘણું જ દુઃખ થાય છે. કૂટશાલ્મલી વૃક્ષનાં પાંદડાંઓ તીક્ષ્ણ હોય છે. તે પાંદડાંઓ નારકીનાં શરીર પર પડીને તેમનાં શરીરને છેદ્યાં કરે છે, જેનાથી નારકીને અપાર કષ્ટ થાય છે. શાસ્ત્રકારોનાં કથનાનુસાર નરકમાં મુખ્યત્વે કરીને એ વૃક્ષની મારફત દુઃખ થાય છે.

શાસ્ત્રકારોએ પુણ્યનું ફળ સુખ બતાવ્યું છે. પુણ્યથી પ્રાપ્ત થતું સુખ બહુધા ઇચ્છિત વસ્તુ આપનારી કામધેનુ અને નંદનવન દ્વારા પ્રાપ્ત થાય છે. કામધેનુ એ એક એવી ગાય હોય છે કે જેનાથી ઇચ્છિત બધી વસ્તુઓ મળે છે. તેના અંગોપાંગ વિશેષતા યુક્ત છે તેનું દૂધ તો લાભદાયક છે જ, પણ ગોબર (છાણ) અને મૂત્રમાં પણ આંધળાંની આંખો દેખતી કરવાનો ગુણ હોય છે. એજ પ્રમાણે નંદનવન એક એવો બાગ છે કે જેનાથી સ્વર્ગીય દેવોને ઘણો આનંદ મળે છે, એ બાગમાં પહોંચતાં જ તે લોકો ચિન્તા-શોક-રહિત બની જાય છે.

સનાથી મુનિ, સુખ અને દુઃખ એ બન્ને વિષયો લઇને કહી રહ્યા છે કે વધારેમાં વધારે સુખ આપનાર કામધેનુ ગાય તથા નંદનવન મનાય છે અને વધારેમાં વધારે દુઃખ આપનાર વૈતરણી નદી અને કૂટશાલ્મલી વૃક્ષ મનાય છે, પરન્તુ કામધેનુ, નંદનવન, વૈતરણી નદી અને કૂટશાલ્મલી વૃક્ષ કોઇ બીજાં નથી, પણ આપણો આત્મા જ છે

અનાથી મુનિ, સુખ અને દુઃખની અંતિમ સીમા (હદ) ને લઇને કહી રહ્યા છે કે સંસારમાં સુખ અને દુઃખનો દાતા બીજાને માનવામાં આવે છે. કોઇ કહે છે કે, મને ધન સુખ આપે છે. કોઇ કહે છે કે સ્ત્રી સુખ આપે છે. કોઇ કહે છે કે પુત્ર યા મિત્ર સુખ આપે છે, કોઇ કહે છે હાથી, ઘોડા, રાજપાટ અથવા કામધેનુ સુખ આપે છે. કોઇ કહે છે કે સુખ તો સ્વર્ગમાં જ મળી શકે છે, અને મુખ્યતઃ નંદનવન જ સુખપ્રદ છે. એજ પ્રમાણે કોઇ કહે છે કે શરીર દુઃખ દે છે કોઇ કહે છે કે શત્રુ દુઃખ દે છે. કોઇ કહે છે કે દુઃખ તો નરકમાં છે અને નરકમાં પણ પ્રાયઃ વૈતરણી નદી તેમજ કૂટશાલ્મલી વૃક્ષ વધારે દુઃખ દે છે. આમ લોકોએ બીજાઓને સુખ કે દુઃખ દેનાર માની લીધા છે. કોઇ કોઈ એથી આગળ વધીને કહે છે કે, સુખ દુઃખ આપનાર કર્મ જ છે. શુભ કર્મ સુખ આપે છે, અને અશુભ કર્મ દુઃખ આપે છે. શુભ કર્મ શુભદાયક કામધેનુ અથવા નંદનવન મેળવી આપે છે અને અશુભ કર્મ નરક પ્રાપ્ત કરાવે છે, કે જ્યાં દુઃખદાયક વૈતરણી નદી અને કૂટશાલ્મલી વૃક્ષ છે. કોઇ કોઇ માણસો 'કાળ'ને સુખદુઃખનો દાતા કહે છે, કોઇ 'સ્વભાવ'ને કહે છે અને કોઇ 'ઈશ્વર'ને કહે છે. પરન્તુ વસ્તુતઃ સુખ દુઃખ આપનાર બીજો કોઇ નથી, પણ પોતાનો આત્મા જ પોતાને સુખ યા દુઃખ આપનાર છે. જે લોકો બીજાને સુખ દુઃખના દેનાર માને છે, તેઓ એવીજ જાતની ભૂલ કરે છે કે જેવી

ભૂલ કૂતરાંઓ કરે છે. કૂતરાને જો કોઈ લાકડીથી મારે છે, તો તે કૂતરો તે લાકડીના મારનારને પકડતો નથી. પણ લાકડીને પકડે છે. તે જાણે છે કે મારનાર તો આ લાકડી જ છે. એ કે તે લાકડી તો નિમિત્ત માત્ર છે, મારનાર તો બીજો જ છે, કિંતુ અજ્ઞાનને વશ કૂતરો એ સમજતો નથી. એજ રીતે સુખદુઃખને આપનાર બીજાઓ છે એમ માનનાર લોકો પણ ભૂલ કરે છે બીજાઓ તો નિમિત્તમાત્ર છે સુખ દુઃખને દેનારા બીજાઓ કદાપિ ન હોઇ શકે. સુખ અથવા દુઃખને દેનાર કોણ છે, એ વાતને સિંહની જેમ જોવાની જરૂર છે. સિંહ પર જ્યારે કોઇ માણસ ગોળી અથવા તીર છોડે છે, ત્યારે સિંહ તે ગોળી અથવા તીરને નથી પકડતો, પણ ગોળી કે તીર છોડનાર પર ધસે છે. તે સમજે છે કે આ ગોળી અથવા તીર પોતે પોતાની મેળે આવેલ નથી, પણ બીજાએ તે છોડવાથી આવેલ છે. એજ પ્રમાણે સુખ દુઃખ દેનાર—વૈતરણી નદી, કૂટશાલ્મલી વૃક્ષ, કામધેનુ અને નંદનવન વગેરે—બીજા કોઇને ન માનો, પણ એ જુઓ કે સુખદુઃખ કોણે બનાવ્યુ છે? અને પ્રાપ્ત કરનાર કોણ છે? એ સુખ-દુઃખ ક્યાંથી આવે છે અને કોણે મોકલેલું આવે છે? આ વાતનો સિંહની જેમ વિચાર કરવાથી અંતમાં એ સ્પષ્ટ થાય છે કે પોતાનો આત્મા જ વૈતરણી નદી, કૂટશાલ્મલી વૃક્ષ, કામધેનુ અને નંદનવન છે. એ પ્રમાણે શત્રુ, મિત્ર, અનુકૂળ, પ્રતિકૂળ, સ્વપક્ષી, વિપક્ષી આદિ પણ પોતાના આત્માથી જ બને છે.

સનાથી મુનિ જે વાત કહી રહ્યા છે તે વાત ગીતાના છઠ્ઠા અધ્યાયમાં પણ આ પ્રમાણે કહી છે:—

उद्धरेदात्मनाऽऽत्मानं, नात्मानमवसादयेत्।
आत्मैव ह्यात्मनो बन्धु, रात्मैव रिपुरात्मनः॥

અર્થાત્:—પોતાના આત્માથી જ પોતાના આત્માનો ઉદ્ધાર કરો, પડવા ન દ્યો. આત્માનો શત્રુ કે મિત્ર, આત્મા પોતેજ છે. બીજો કોઇ ઉત્થાન (ઉદ્ધાર) કે પતિત કરનાર નથી.

સનાથ મુનિ કહે છે કે:—

अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य।
अप्पा मित्तममित्तं च, दुप्पट्ठिय सुपट्ठिओ॥३७॥

ભાવાર્થ:—સુખ અને દુઃખનો ઉત્પાદક તેમજ વિનાશક (કર્તા-કર્તા) આત્મા જ છે. આત્મા જ મિત્ર, શત્રુ, દુષ્પ્રતિષ્ઠ (દુઃખ-પાત્ર) તેમજ સુપ્રતિષ્ઠ (સુખ-પાત્ર) છે.

સનાથી મુનિ કહે છે, કે ન્હાનાથી લઇને વૈતરણી નદી અને કૂટશાલ્મલી વૃક્ષ સુધીનાં મહાન દુઃખ આત્માથી જ નીપજેલાં છે, અને આત્મા જ તેને નષ્ટ કરી શકે છે. એજ રીતે ન્હાનાથી લઇને કામધેનુ તેમજ નંદનવન સુધીનાં મહાન સુખ પણ આત્માથી જ નીપજેલાં છે, અને આત્મા જ એ સુખોને નષ્ટ કરી શકે છે. સમસ્ત સુખદુઃખનો કર્તા આત્મા જ છે, બીજો કોઇ નથી.

ભ્રમવશ આત્મા, પોતાને સુખદુઃખ દેનાર કે કરનાર કોઇ બીજો જ માને છે. એ વાતને તો ભૂલી જ જાય

છે કે સુખદુઃખ મારાં જ કરેલાં છે, એથી હું તેને ભોગવી રહ્યો છું અને જો હું ધારૂં તો એનાથી નીકળી પણ શકું છું. આ વાતને આત્મા કેવી રીતે ભૂલ્યો છે એ વાત એક દૃષ્ટાંત દ્વારા સમજાઇ જાય છે.

"એક મહેલમાં એક કુતરો પેસી ગયો. એ મહેલમાં ચારે તરફ પ્રતિબિંબ દેખાડનાર કાચ લગાવેલા હતા. કુતરાને એ ચારે તરફ લગાડેલા કાચોમાં પોતાનું પ્રતિબિંબ દેખાવા લાગ્યું. પોતાનું પ્રતિબિંબ દેખીને કુતરો માનવા લાગ્યો કે આ બીજા કુતરા છે. તે જ્યાં જ્યાં દેખતો ત્યાં ત્યાં તેનાજ જેવો બીજો કુતરો દેખાતો. એ કે કાચમાં દેખાતો કુતરો બીજો ન હતો, પણ તેજ કુતરાનું પ્રતિબિંબ હતું અને કાચ માંહેના કુતરા આજ કુતરાએ બનાવ્યા હતા, પરન્તુ કુતરો આ વાતને સમજતો નથી અને કાચમાં બીજા ઘણા કુતરાઓ સમજીને ભસે છે. આ કુતરો જે પ્રમાણે પોતેજ મ્હોં બતાવીને ભસી રહ્યો છે, તેજ પ્રમાણે કાચમાં રહેલા કુતરા પણ મ્હોં બતાવીને ભસી રહ્યા છે. આ જોઇને તથા પોતાનો જ પ્રતિધ્વનિ (સામો અવાજ) સાંભળીને કુતરો હેરાન થાય છે અને સમજે છે કે આ બધા કુતરાઓએ મને ચારે તરફથી ઘેરી લીધો છે, તથા મારા પર હુમલો કરવા માટે ભસી રહ્યા છે. એ પ્રમાણે તે પોતાના ભ્રમથી જ પોતે દુઃખી થઇ રહ્યો છે, દુઃખ આપનાર બીજું કોઇ નથી."

બરાબર એજ રીતે આત્મા પોતે પોતાએ ઉત્પન્ન કરેલ દુઃખ ભોગવે છે, કોઇ બીજો દુઃખ આપી રહ્યો નથી

[illegible]

ભલે સ્વર્ગનું સુખ હોય કે નરકનું દુઃખ હોય, એ સુખ દુઃખનો કર્તા આત્મા જ છે, આત્માએ જ સ્વર્ગ કે નરકમાં જવા યોગ્ય કાર્ય કર્યું છે. કોઈ બીજાએ કરેલાં કાર્યોને કારણે, પોતાનો આત્મા સ્વર્ગ કે નરકમાં નથી જઈ શકતો. આત્માને પોતાના કર્મયોગથી જ સ્વર્ગ નરક પ્રાપ્ત થાય છે. સુખ દુઃખના દેનાર બીજાઓને માનનાર લોકો ઉપાદાન અને નિમિત્તને નથી સમજતા, એથી એમને એ ભ્રમ રહે છે કે સુખદુઃખનો દેનાર બીજો છે.

કારણ વિના કાર્ય નથી હોતું. ભલે સ્વર્ગનું સુખ હોય, કે નરકનું દુઃખ હોય, પણ તે કારણોથી જ પ્રાપ્ત થાય છે. એ કારણોનો ઉત્પાદક સ્વયં આત્મા જ છે. આત્મા જ સ્વર્ગ કે નરકની પ્રાપ્તિનું કાર્ય કરે છે. કર્મ કર્યા વગર સ્વર્ગે કે નરકે નથી જતો, કે સુખ દુઃખ નથી પામતો. નરક કે સ્વર્ગનું આયુષ્ય બાંધવામાં કર્મ-બંધની પ્રાધાન્યતા છે. અધ્યવસાયથી કર્મ-બંધ થાય છે, અને અધ્યવસાય આત્માને આધીન છે એટલા માટે આત્મા જ સુખદુઃખનો કર્તા, ભોક્તા તેમજ હર્તા છે.

કેટલાક લોકો 'કાળ'ને નરક, સ્વર્ગ અથવા સુખ, દુઃખ દેનાર કહે છે. કેટલાકનું કહેવું છે કે, 'સ્વભાવ'થી જ નરક અથવા સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. કોઇ સુખ દુઃખનો દેનાર 'ભાગ્ય'ને માને છે, અને કેટલાક લોકો કહે છે કે બધું 'ઇશ્વર'ને આધીન છે. તે જેમ ધારે છે તેમ થાય છે.

કાળવાદી કહે છે કે કર્ત્તા-હર્ત્તા 'કાળ' જ છે. તે લોકો પોતાના કથનની પુષ્ટિમાં કહે છે કે "કાળ આવવાથી જ જુવાની આવે છે, અને કાળ આવવાથી જ વૃદ્ધાવસ્થા આવે છે. કાળ આવવાથી જ સ્ત્રીઓ બાળકો પ્રસવે છે, અને વૃક્ષો-ફૂલે-ફલે છે. કાળ આવવાથી જ ગરમી, શરદી અને વર્ષા પણ થાય છે. એ પ્રમાણે પ્રત્યેક કાર્ય કાળથી જ થાય છે. કાળ વગર કંઈ જ થતું નથી. એ પ્રમાણે કાળ થવાથી આત્માને સ્વર્ગમાં જવું પડે છે અને કાળ થવાથી નરકમાં જવું પડે છે. કાળ થવાથી સુખ મળે છે અને કાળ થવાથી દુઃખ મળે છે. તાત્પર્ય એ કે, બધું કાળ જ કરે છે અને કાળથી જ બધું થાય છે."

સ્વભાવવાદી કહે છે કે "કાળ કર્ત્તા નથી પણ 'સ્વભાવ' કર્ત્તા છે. જે કાંઇ થાય છે તે સ્વભાવથી જ થાય છે. કાળ આદિ કોઇનાં કર્યાથી કાંઇ પણ થતું નથી. જો કાળ જ કર્તા છે, કાળથી જ બધું બને છે, તો કાળ તો બધા પર વર્તે છે છતાં એકનું કામ થાય છે અને બીજાનું કામ શા માટે નથી થતુ ? કાળ થવાથી જ એક સ્ત્રીને બાળક થાય છે અને બીજી સ્ત્રીને કેમ નથી થતું ? એક જ

બાગમાં કેટલાક વૃક્ષો ફળે છે અને કેટલાક [illegible] છતાં પણ કેમ ફળતાં નથી? [illegible] થાય છે. બીજાં વૃક્ષો લીંબુ કેમ થાય છે? [illegible] કેરી કેમ નથી થતી? કાળ તો બધા પર સમાનતાથી વર્તે છે છતાં આ પ્રકારની વિષમતા કેમ? આ વાતો પર વિચાર કરવાથી કાળ કર્તા નથી [illegible] સ્વભાવ કર્તા છે કે જે કાંઈ બને છે તે સ્વભાવથી જ બને છે. સ્વભાવ હોવાથી જ સ્ત્રીને બાળક થાય છે. ને વૃક્ષને ફળ લાગે છે. જે રીતે જે વૃક્ષમાં કેરીનું ફળ થવાનો સ્વભાવ હોય છે તેમાં કેરીનું ફળ થાય છે અને જેમાં લીંબુનું ફળ થવાનો સ્વભાવ હોય છે તેમાં લીંબુનું ફળ થાય છે. જેમાં નરકનો સ્વભાવ હોય છે તે નરકે જાય છે. જેનામાં સુખનો સ્વભાવ હોય છે તે સુખ પામે છે અને જેનામાં દુઃખનો સ્વભાવ હોય છે તે દુઃખ પામે છે. એ પ્રમાણે બધું સ્વભાવથી જ થાય છે. સ્વભાવ જ પ્રત્યેક કાર્યનો કર્તા છે. કાળ આદિ કોઈ પણ કર્તા નથી."

કર્મવાદી (ભાગ્યવાદી) કાળ તથા સ્વભાવ આદિને અર્થશૂન્ય બતાવી કહે છે કે "જે કાંઈ થાય છે તે ભાગ્યથી જ થાય છે. 'ભાગ્ય'જ કર્તા છે, બીજો કોઈ પણ કર્તા નથી. સ્વભાવવાદીએ કાળવાદીને જૂઠો ઠરાવી, સ્વભાવને કર્તા ઠરાવ્યો છે, પરન્તુ સ્વભાવ પણ કર્તા નથી, કર્તા તો ભાગ્ય જ છે. જો સ્વભાવ જ કર્તા હોય તો બે સ્ત્રીમાંથી એકને તો પહેલાં બાળક થયું અને બીજીને ઘણા વખત

[illegible] આત્મથીજ થાય છે.”

ઈશ્વરને કર્તા માનનારા લોકો કહે છે કે “જે કાંઈ થાય છે તે બધું ઈશ્વરના કરવાથીજ થાય છે. રાજા, રંકભાવ અથવા બાહ્ય કર્તા નથી, પણ ‘ઈશ્વર’ કર્તા છે. અર્થાત્ જ્ઞાન, ઈશ્વરના કરવાથીજ થાય છે. તે રુચે છે તો સ્વર્ગમાં મોકલી દે છે અને તે રુઠે છે તો નરકમાં મોકલી દે છે. એ ધારે છે તો દુઃખ આપે છે અને એ ધારે છે તો સુખ આપે છે. એ ધારે છે તો સ્ત્રી બાળક જન્મે છે અને એ નથી ધારતો, તો સ્ત્રી પ્રસવ કરતી નથી. એ રીતે બધું ઈશ્વરનાજ કરવાથી બને છે. કોઈ બીજાનું કરેલું કાંઈ પણ બનતું નથી.”

એ પ્રમાણે ભિન્ન ભિન્ન મતના લોકોએ સંસારને ચક્કરમાં નાખી દીધો છે. પરન્તુ અનાથી મુનિ કહે છે કે આત્મા જ કર્તા, હર્તા અને ભોક્તા છે. બીજો કોઈ કર્તા નથી, હર્તા નથી, તેમજ કરાવનાર અથવા ભોગવનાર નથી.

જો કે જૈનશાસ્ત્ર આત્માનેજ કર્તા બતાવે છે, પરન્તુ ઉપર કહેલા મતવાદીઓની યુક્તિનો, યુક્તિયુક્ત ઉત્તર આપ્યા વિના, સાધારણ લોકોની સમજણમાં આ વાત

નથી આવી શકતી કે 'આત્મા' કર્ત્તા-હર્ત્તા કેવી રીતે છે? એટલા માટે યુક્તિદ્વારા મતવાદીઓની યુક્તિનું ખંડન કરવામાં આવે છે.

સૌથી પહેલાં, અમે કાળવાદીને પૂછીએ કે કાળ જડ છે કે ચૈતન્ય? કાળ, ચૈતન્ય તો ન હોઇ શકે—કેમકે સમયનું નામ 'કાળ' છે—આટલા માટે કાળ જડ ઠરે છે. કાળ જડ છે અને આત્મા ચૈતન્ય છે. જડ કાળ જ્યારે પોતે પોતાને જ ઓળખતો નથી, તો તે ચૈતન્ય એવ આત્માના વિષયમાં કાંઇ પણ કરી શકવા માટે સમર્થ કે થઇ શકે? ચૈતન્ય આત્માને જડ કાળને આધીન સમજવો ચૈતન્ય આત્માને માટે જડ કાળને કર્તા માનવો એમાં ક જાતની બુદ્ધિમતા છે? જડ કાળને આધીન ચૈતન આત્માને માનવો, એ તો ચૈતન્યને જડ બનાવવા જેવું છે આ કારણે કાળ કદાપિ કર્ત્તા ન માની શકાય.

કાળની માફક જ, સ્વભાવને માટે પણ એજ પ્ર થાય છે કે 'સ્વભાવ' જડ છે કે ચૈતન્ય? જો કહો કે જ છે તો પછી કાળની જ જેમ સ્વભાવ પણ ચૈતન્ય આત્માં કર્ત્તા કેમ બની શકે? અને ચૈતન્ય આત્માને જડ સ્વભાવ આધીન કેમ માની શકાય? જો કહો કે સ્વભાવ ચૈત છે તો તે આત્માથી ભિન્ન છે કે અભિન્ન? જો અભિન્ન ત્યારે તો પછી આત્મા જ કર્ત્તા ઠરે છે. સ્વભાવ કર્ત્તા ક ક્યાં? સ્વભાવ આત્માને આધીન છે. આત્મા પોતાના સ્વ ભાવને પોતાની ઇચ્છાનુસાર બનાવી શકે છે. ક્ષમાવાનમાં

ક્રોધી, ક્રોધીમાંથી ક્ષમાવાન, ચોરમાંથી શાહુકાર અને શાહુકારમાંથી ચોર થતાં જોવાય છે. એ પ્રમાણે સ્વભાવમાં પરિવર્તન થાય છે, જે સર્વથા આત્માને આધીન છે. એટલા માટે સ્વભાવ કર્તા નથી થઈ શકતો. એ વાત જુદી છે કે આત્માને આધીન રહીને, સ્વભાવ કર્તૃત્વમાં પણ ભાગ લેતો હોય, પણ એથી સ્વભાવ કર્તા ન કહેવાય. કર્તા તો એ કહેવાય કે જેની કર્તૃત્વમાં પ્રધાનતા હોય. (છે.)

હવે રહી ભાગ્ય (હોનહાર)ની વાત. પરન્તુ ભાગ્ય તો કાંઇ છે જ નહિ. ભાગ્યને કર્તા માનવો, એ અસત્ ને સત માનવા જેવું છે. અમે ભાગ્યવાદીને પૂછીએ છીએ કે એક રસોઇ બનાવનાર રસોઇ બનાવવાની બધી સામગ્રી લઇને બેસી રહે, રસોઇ ન બનાવે, પણ એમજ માને અથવા કહે, કે 'રસોઇ બનવાની હશે તો બનશે.' તો શું એ પ્રમાણે બેસી રહેવાથી રસોઇ બની જશે? જો વગર બનાવ્યે રસોઇ નથી બનતી, તો પછી ભાગ્યને કર્તા માનવો તથા તેને ભરોંસે બેસી રહેવું, એ કઇ રીતે ઉચિત છે? જો બનનાર કાર્યને જ ભાગ્ય કહેવામાં આવે તો તે બનાવનાર કાર્યનો કર્તા તો આત્મા જ રહ્યાં ને? જ્યારે આત્મા જ કર્તા છે, તો પછી ભાગ્યને કર્તા કેમ માની શકાય?

હવે ઇશ્વરને કર્તા માનનાર લોકોને અમે પૂછીએ છીએ કે ઇશ્વરનુ અસ્તિત્વ આત્માને અંતર્ગત જ છે કે ભિન્ન? જો આત્માનૂ અંતર્ગત જ ઇશ્વરનું અસ્તિત્વ છે, ત્યારે તો પછી ભલે ઇશ્વરને કર્તા કહો કે આત્માને કર્તા કહો એ

એકજ વાત છે. પછી તો કોઇ મતભેદ જ નથી. પરંતુ જો એમ કહો કે ઇશ્વરનું અસ્તિત્વ આત્માથી ભિન્ન છે, ઇશ્વર એક વિશિષ્ટ વ્યક્તિ છે અને જે કાંઇ કરે છે તે તેજ કરે છે, આત્માનું કરેલું કાંઇ થતું નથી. તો એનો અર્થ તો એ થયો કે આત્મા એક મશીન છે, અને ઇશ્વર તેનો સંચાલક છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે આત્મા એક માટીનું ઢેફું છે, અને ઇશ્વર તે માટીના ઢેફાના વાસણ બનાવનાર કુંભાર છે; અથવા એમ કહી શકાય કે આત્મા વાનર (વાંદરૂં) છે અને ઇશ્વર મદારી છે. ઇશ્વર રૂપી મદારી, આત્મા રૂપી વાંદરાને જેમ શીખવે છે અથવા નચાવે છે તે પ્રમાણે તેને નાચવું પડે છે. ઇશ્વરને આ પ્રકારનો કર્ત્તા માનવામાં તો મોટી ગુંચવણ થાય છે. સંસાર અનાવસ્થાના દોષથી પરિપૂર્ણ થઇ જાય છે, પછી તો ધર્મ કરવાની પણ જરૂર નથી રહેતી. કેમકે ભલે ધર્મ કરો કે પાપ કરો, પરન્તુ ઇશ્વર જે ધારશે તેજ થશે. ધર્મ કરવાથી કાંઇ લાભ થશે નહિ; એ રીતે એમ પણ માનવું પડશે કે આત્મા જે ધર્મ કરે છે, તે ઇશ્વરની પ્રેરણાથી, અને પાપ કરે છે તે ઇશ્વરની પ્રેરણાથી. સારૂં નરસું ઇશ્વરની પ્રેરણાથી જ કરે છે-બધું ઇશ્વર જ કરે-કરાવે છે. પરન્તુ જો એમ છે તો એ પ્રશ્ન થાય છે કે આત્માને નરકાદિના દુઃખો કેમ ભોગવવાં પડે છે? આત્માએ પોતે તો કાંઇ કર્યું નથી, જે કાંઇ કર્યું તે તો ઇશ્વરના કરાવવાથી કર્યું, તો પછી વગર કર્યાનું ફળ આત્માને કેમ

એમજ તું પહેલે ઈશ્વરની આજ્ઞાનુસાર, [illegible] કરી જોયો, [illegible] અધિકારી છે. પોતે કાંઈ કામની કઠિન [illegible] પણ એ ઈશ્વર તેને નરકમાં મોકલે છે, તો તો ઈશ્વર અન્યાયી ઠર્યો. કેમકે પોતેજ આત્માને બૂરું કામ કરાવ્યું અને છતાં પણ તેને નરકમાં મોકલી દીધો. ઈશ્વરથી વધારે અન્યાય બીજો કર્યો હોય? એવો અન્યાય તો મનુષ્ય પણ નથી કરતો. મનુષ્ય પણ પોતાના નોકર દ્વારા કરાવેલ આવાં નરસાં કામનું ફળ પોતે જ ભોગવે છે. નોકર પર નથી નાખતો. એક વ્યાપારીનો મુનિમ, જો નુકશાનનો સોદો કરી બેસે, તો તે નુકશાનને પણ વ્યાપારી જ ભોગવી લે છે, છતાં જો ઈશ્વર પોતે જ આત્માને પાપ કરાવે તો. આત્માને નરકમાં મોકલે, એ કેટલું ન્યાયયુક્ત છે? ઉચિત તો એ છે કે ઈશ્વરે પ્રત્યેક આત્માને કાંઈ ને કાંઈ ઈનામ જ આપવું જોઈએ, પછી ભલેને આત્મા દ્વારા ખોટું જ કામ કેમ ન કરવામાં આવ્યું હોય? કેમકે ખોટું કામ કરીને પણ, આત્માએ ઈશ્વરની આજ્ઞાનું પાલન જ કર્યું છે, અને આજ્ઞાનું પાલન કરવાના કારણે, આત્મા તો પુરસ્કાર (ઈનામ) ને જ લાયક છે

જો ઈશ્વરજ, આત્માથી બધું કરાવે છે, આત્મા કાંઈ પણ અધિકાર ન રાખતો હોય, ત્યારે તો પછી સંસારમાં કોઈ પણ પ્રકારનો સદુપદેશ આપવો અથવા ધર્મનો પ્રચાર કરવો, વગેરેની પણ આવશ્યકતા રહેતી નથી.

[illegible]

[illegible]

[illegible] ના વિષયમાં [illegible] આવવાથી બ્રહ્માંડમાં અવ્યવસ્થા [illegible] પાપનું ફળ [illegible] શકી, પોતે શિક્ષા ભોગવવા [illegible] નથી, પોતાને જેલમાં જવું એ કોઈને પણ પસંદ નથી. [illegible] કોઈ પણ દુઃખ સહન કરવા તૈયાર નથી. બધા સુખને જ ઇચ્છે છે. એટલા માટે જેમ રાજાના અભાવે અન્યાય, અપરાધ વધી જાય, અપરાધીઓને દંડ અને સારાં કામ કરનારને ઇનામ દેનાર કોઈ ન રહે, જેથી વ્યવસ્થામાં ગરબડ થાય અને અશાન્તિ વધી જાય; તેમ જો ઈશ્વર ન હોય તો પાપ પુણ્યનું ફળ કોણ આપે? ઈશ્વર કર્તા છે ત્યારે જ પાપીઓને શિક્ષા અને પુણ્યાત્માઓને સુખ મળે છે. જો ઈશ્વર કર્તા ન હોય તો એ વ્યવસ્થા રહે નહિ.”

સ્વેચ્છાથી ? જો ઈશ્વરની પ્રેરણાથી કરી રહ્યો છે ત્યારે તો એમ થયું કે ઈશ્વર પાપ કરાવે છે અને પોતે પાપ કરાવીને પણ પાપની શિક્ષા આપે છે. જો એમ કહેવામ આવે કે પાપ કરવાને માટે આત્મા સ્વતંત્ર છે, એટલે માટે તે પોતાની ઈચ્છાએ પાપ કરી રહ્યો છે તો પણ પ્રશ્ન ઉઠે છે કે પાપ થઇ ગયા પછી તેની શિક્ષા (દં આપવાને બદલે ઈશ્વર પાપ કરનારને પાપ કરતી વખ જ કેમ નથી રોકતો ? પાપ કરવા દઈને પછી દંડ આપ વાથી ઈશ્વરને શો લાભ ? એ દયાળુ કહેવાય છે, છતાં કોઈ દુઃખમાં પડવા અથવા કોઈની પાસે દુઃખ રહેવા કેમ દે છે

ઈશ્વરને કર્તા સિદ્ધ કરવા માટે આપવામાં આવનાર બધી દલીલો આ પ્રમાણે લુલી ઠરે છે. હા ઈશ્વર નિમિત્તરૂપ કર્તા તો જૈન-શાસ્ત્ર પણ માને છે, પરં ઈશ્વરને ઉપાદાન (બનાવનાર) કર્તા તેમજ આત્માને (પ્રત્યક્ષ જ કર્ત્તા ભોકતા છે) અકર્તા માનવાનું કાંઇ કાર નથી. જો આત્માને જ શુદ્ધ-પ્રરૂપણા અનુસાર ઈશ્વ માનવામાં આવે ત્યારે તો ઈશ્વરને કર્તા માનવામાં કાં હરકત નથી, પરન્તુ ઈશ્વરને વિશિષ્ટ વ્યકિત અને આત્માથી ભિન્ન માનીને કર્તા માનવો એ ઠીક નથી.

ગીતાના ૫ માં અધ્યાયમાં પણ કહ્યું છે કે :—

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ॥

અર્થાત્—ન તો ઈશ્વર સંસારનાં કર્તૃત્વમાં છે, કે ન તો કર્મોની સૃષ્ટિ કરવામાં છે.

ે પ્રમાણે રાજાનું ઉદાહરણ આપીને, ઈશ્વરનું કર્તા-
સિદ્ધ કરે છે. પરન્તુ આ દલીલ પર પણ ઘણા
થાય છે. સૌથી પહેલો એ પ્રશ્ન થાય છે કે જ્યારે
ર જ આત્માવડે પુણ્ય-પાપ કરાવે છે ત્યારે તેનું ફળ
મા શા માટે ભોગવે? બીજો પ્રશ્ન એ થાય છે કે
. જ્યાંએ રાજા નથી હોતો, રાજા વગર પણ કામ
ે છે, તો શું એ પ્રમાણે કોઇ કોઇ સ્થળે ઈશ્વર વગર
કામ ચાલે છે? ત્રીજો પ્રશ્ન એ છે કે ક્યાંક ક્યાંક
તનું અસ્તિત્વ જ નાબુદ થયું છે અને સંભવ છે કે
ી જગ્યાએથી અસ્તિત્વ નાબુદ થાય; તો શું એવું
વરને માટે પણ થઇ શકે છે? ચોથો પ્રશ્ન એ છે કે,
ઓનું પરિવર્તન પણ થયા કરે છે, અને તેના નિયમો
મુ બદલાયા કરે છે. તો. શું એવા જ ઈશ્વરનું તેમજ
ના નિયમોનું પરિવર્તન થાય છે? સૌથી મોટો પ્રશ્ન એ
ાય છે કે એક માણસ ચોરી કરી રહ્યો છે; આ ચોરીનું
પાપ તે માણસ પૂર્વ-પાપની શિક્ષારૂપે કરી રહ્યો છે કે
નવું પાપ કરી રહ્યો છે? જો એમ કહો કે પૂર્વ પાપની
શિક્ષા રૂપે કરી રહ્યો છે, ત્યારે તો એ અર્થ થયો કે ઈશ્વર
પાપની શિક્ષા આપવાને માટે પાપ કરાવે છે, પછી તો
કોઇની 'ચોરી ન કરો' એવો ઉપદેશ ઈશ્વરીય વ્યવ-
સ્થામાં હસ્તક્ષેપ કરવા જેવું—અપરાધ કરવા જેવું-ગણાશે.
કદાચ એમ કહેવામાં આવે કે તે ચોરી કરનાર નવું પાપ
કરી રહ્યો છે, તો ઈશ્વરની પ્રેરણાથી કરી રહ્યો છે કે

સાકરની જેમ કર્મમાં પણ સારાં-નરસાં ફળ ભોગવવાની શક્તિ છે, એટલા માટે કર્મફળ ભોગવાવવાને માટે ઈશ્વરની આવશ્યકતા નથી.

હવે એ બાબત રહી કે, પછી આત્મા સ્વર્ગ કે મોક્ષમાં કેમ નથી ચાલ્યો જતો? એનો ઉત્તર એ છે કે જૈન શાસ્ત્રોની દૃષ્ટિએ સ્વર્ગ એ ખાસ મહત્વનું સ્થાન નથી. જૈન-શાસ્ત્ર, સ્વર્ગને પણ કર્મ-ફળ ભોગવવાનું એવુંજ એક સ્થાન માને છે કે જેવું નરકનું સ્થાન હોય છે. હા, એટલું અંતર જરૂર માને છે કે સ્વર્ગમાં શુભ કર્મોનું ફળ ભોગવાય છે અને નરકમાં અશુભ કર્મોનું ફળ ભોગવાય છે. શુભ કર્મ ભોગવવા માટે, આત્માને સ્વર્ગમાં જવું પડે છે. એટલી જ કે આત્મા સ્વર્ગમાં ચાલ્યો પણ ગયો, તોપણ તેમાં ખાસ વિશેષતા નથી. હવે માત્ર મોક્ષે જવાની વાત રહી. પરંતુ જ્યાંસુધી આત્માની સાથે કર્મ છે ત્યાંસુધી આત્મા મોક્ષમાં જઈ પણ શી રીતે શકે? અને કર્મ રહિત થએલા આત્માને મોક્ષથી રોકનાર પણ કોણ છે? કર્મ રહિત આત્માનું નામજ 'મુક્તાત્મા' છે. આત્માની સાથે કર્મ [illegible] જો આત્મા પોતાના [illegible] છે.”

[illegible] અને [illegible] થી [illegible] મા [illegible] ણુ

પોતાનું ફળ પોતે જ ભોગવાવી આપે છે. એટલા માટે આત્મા જ કર્ત્તા, હર્ત્તા અને ભોક્તા છે.

કેટલાક લોકો કહે છે કે, જે કાંઇ થાય છે તે કર્મથી થાય છે. એ પ્રમાણે તેઓ બધી ભલાઈ અને બુરાઈ કર્મ પરજ ઢોળી દે છે, પરન્તુ એમ નથી વિચારતા, કે એ કર્મો કોણે કર્યાં છે? કર્મનો કરનાર કર્તા કોણ છે? આત્માએ કર્યા વગર કર્મો સ્વયં-પોતાની મેળે આવ્યાં નથી. આત્માએ કરવાથી જ આવ્યાં છે. જ્યારે આત્માએ કરવાથી જ કર્મ આવ્યાં છે, અને પોતાનું સારૂં નરસું ફળ આપે છે, ત્યારે કર્મનો કરનાર (કર્તા)-આત્માને છોડીને કર્મને દોષ દેવાથી શો લાભ? એ તો પેલા કુતરા જેવી વાત થઇ, જે લાકડી મારનારને ન પકડતાં, લાકડીને પકડે છે. કર્મ તો આત્માએ કરેલાં છે, અને આત્મા એ કર્મોને નષ્ટ કરવાની શકિત પણ ધરાવે છે. એ બિચારાઓની શી શકિત! કે જે આત્માએ કર્યા વગર જ આત્માને સારાં-નરસાં ફળો ભોગવાવે! કોઇ માણસ પોતાના મ્હોંમાં મરચું મૂકે, અને જ્યારે મ્હોં બળવા માંડે, ત્યારે મરચાંને દોષ આપે, તો એવા માણસનો, મરચાંને દોષ દેવો, એ મૂર્ખતા નહિ તો બીજું શું? મરચાંની જ માફક કર્મોનો તો શુભાશુભ ફળ આપવાનો સ્વભાવ જ છે જો આત્મા, કર્મથી લેપાયલો ન હોય, તો તે કર્મ, શુભાશુભ ફળ આપી જ કેવી રીતે શકે? એ પ્રમાણે બિચારૂં કર્મ નિર્દોષ છે.

તાત્પર્ય એ કે વૈતરણી નદી તેમ જ કૂટશાલ્મલી વૃક્ષ જેવાં દુઃખો આપનાર, તથા કામધેનુ અને નંદનવન જેવાં

સુખ આપનાર આત્મા જ છે. આજ વાત અનાથતા અને સનાથતાને માટે પણ છે. આત્મા, અનાથ પણ પોતાની મેળે જ થાય છે અને સનાથ પણ પોતાની મેળે જ થાય છે. કોઇ બીજો ક્રોધાયમાન બનીને પણ નથી અનાથ બનાવી શકતો કે નથી પ્રસન્ન થઇને સનાથ બનાવી શકતો.

હવે પ્રશ્ન એ થાય છે કે, આત્મા વૈતરણી નદી, કૂટશાલ્મલી વૃક્ષ, કામધેનુ અથવા નંદનવન કેવી રીતે બને છે? અથવા કેવાં કાર્યો કરવાથી વૈતરણી નદી, કૂટશાલ્મલી વૃક્ષ બને છે અને કેવાં કાર્યોથી કામધેનુ તેમજ નન્દનવન બને છે? સનાથી મુનિના શબ્દોમાં, આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, સાંસારિક પ્રવૃત્તિમાં ફસાઇને, પાપકારી તેમજ નિષેધકારી કાર્યો કરવાં, એ પોતાના આત્માને વૈતરણી નદી અને કૂટશાલ્મલી વૃક્ષ બનાવવા જેવું છે. તથા સાંસારિક ગડમથલોમાંથી નિવૃત્ત થઇને, આત્માને મોક્ષ તરફ લઇ જવો, સંયમ ધારણ કરવો, એ પોતાના આત્માને કામધેનુ તેમજ નંદનવન બનાવવા જેવું છે. સનાથી મુનિ કહે છે કે, પહેલાં મારો આત્મા જ વૈતરણી નદી અને કૂટશાલ્મલી વૃક્ષ જેવો બન્યો હતો, એથી પોતે પણ કષ્ટ ભોગવી રહ્યો હતો અને બીજાઓને પણ કષ્ટ પહોંચાડી રહ્યો હતો; પરંતુ અત્યારે એજ મારો આત્મા, કામધેનુ અને નંદનવન જેવો બની ગયો છે, તેથી તે પણ આનંદમાં છે અને બીજાઓને પણ આનંદ આપે છે.

હે રાજન્! જ્યારે હું રોગગ્રસ્ત હતો ત્યારે કહેતો કે, મારી આંખો, મારૂં માથું અને મારૂં શરીર દુઃખ આપી

રહ્યાં છે, કે જેનાથી દુઃખ ન આવે. તો મને શાન્તિ થઈ જાય. બીજી તરફ વૈદ્ય કહેતા હતા કે વાત, પિત્ત આદિમાં વિષમતા આવી ગઈ છે, તેનાથી દુઃખ થઈ રહ્યું છે; એ વાત, પિત્તાદિ શાન્ત થઈ જાય તો દુઃખ મટી જાય. એમની સમજણે, દવા, વાત, પિત્તને શાન્ત કરી શકતી હતી, એટલા માટે દવા જ શાંતિ આપનાર હતી. તે પ્રમાણે હું કાંઈ સમજી રહ્યો હતો અને વૈદ્ય કાંઈ કહી રહ્યા હતા. મારી સમજણ મુજબ એમાંથી ગમે તે ઉપચાર પણ કર્યો, પણ મને શાન્તિ ન થઈ. વૈદ્ય લોક, પીડાનું અવાસ્તવિક (યથાર્થ નહિ) નિદાન કરતા હતા, વાસ્તવિક નિદાન ન્હોતા કરતા અથવા એ ન્હોતા બતાવતા કે ખરી રીતે આ પીડા આવી કયાંથી? એમની દૃષ્ટિ પોતાના વ્યવસાય (ધંધો) સુધી જ મર્યાદિત હતી, એટલા માટે તેઓ, એ રોગો હોવાનું આ કારણ ન બતાવી શકયા કે આ રોગ આત્માની અનાથતાથી જ ઉત્પન્ન થયેલ છે. અંતમાં ઉપચાર કરવા છતાં પણ ઉત્પન્ન થયેલી નિરાશા તેમ જ અવિશ્વાસે મારા હૃદયમાં એ વિચાર ઉદ્ભવાવ્યો કે આ બધો રોગ મારા આત્મામાંથી જ નીકળ્યો છે અને તેની અનાથતાથી જ ઉત્પન્ન થયો છે.

સનાથી મુનિએ રાજા શ્રેણિકને એમ કહ્યું છે કે આપણો આત્મા જ વૈતરણી નદી, કૂટશાલ્મલી વૃક્ષ, કામધેનુ અને નંદનવન છે આ કથન ઉપરથી કોઈનાં હૃદયમાં એ પ્રશ્ન થાય કે વૈતરણી નદી, કૂટશાલ્મલી

ભાવાર્થ:—ભીડવામાં આવેલી પણ ખાલી મૂઠી, મણિ જેવો ચળકતો પણ કાચનો ટુકડો અને ખોટો સિક્કો, જેમ જાણકારની પાસે અસાર છે, તેમ વ્રત, નિયમ રહિત સાધુ માત્ર સાધુના ચિહ્નો ધારણ કરનાર છે. અસંયતિ હોવા છતાં પણ, સાધુવેશ ધારણ કરીને જે પોતાને સંયતિ મનાવે છે અને એ રીતે આજીવિકા ચલાવે છે, તે ઘણા કાળ સુધી નરકની પીડા ભોગવે છે.

સનાથી મુનિ કહે છે કે, મૂઠીમાં કાંઈપણ ન હોવા છતાં પણ, ખાલી મૂઠી બંધ કરીને અજાણ્યા માણસોને ઠગવામાં આવે છે, અજાણ્યા માણસો ખાલી, પરન્તુ બંધ કરેલી મૂઠી જોઈને ભલે ઠગાય કે આ મૂઠીમાં કાંઈક હશે, પરન્તુ જાણકાર કદી ઠગાશે નહિ. કાચના ચળકતા ટુકડાને કોઈ ભલે મણિ માને, પરન્તુ મણિને ઓળખનાર કાચને કદાપિ મણિ નહિ માને. સાચા સિક્કાની જેમ દેખાતાં

ખોટા સિક્કાને, બજાર કદી સાચો સિક્કો નહિ માન્યું છે; તેમ સંયમ નહિં પાળનારા,–સાધુ વેષ (વેશ) પહેરીને આજીવિકા ચલાવનારા–કુશીલ–લિંગ ધારકોને અણસમજુ લોકો ભલે સાધુ માની લે, અજ્ઞપણા કોઈ એવા કુશીલના વિષયમાં ભલે ઠગાઈ જાય, પરન્તુ જાણકાર એવા લોકોને સાધુ માની લેતા નથી. જાણકારની દ્રષ્ટિમાં તો એવા સાધુઓ તિરસ્કારને જ પાત્ર છે, શ્રદ્ધા કે માનને લાયક નથી.

અનાથી મુનિએ, સત નિયમ વગરના સાધુ નિર્ગ્રંથને ખાલી મૂઠી, કાચનો ટુકડો અને ખોટા સિક્કાની ઉપમા આપી છે. તે કહે છે કે જેવી રીતે ખાલી મૂઠી બંધ કરીને, ભરી મૂઠીનો બોધ કરનારા, કાચના ટુકડાને મણિ કહેનારા, અને ખોટા સિક્કાને સુંદર (સાચો) બતાવનારા, પોતાના આત્માને ઠગવાની સાથે જ બીજાને પણ ઠગે છે. એ પ્રમાણે પંચ મહાવ્રત અને પંચ સમિતિનું પાલન નહિ કરતાં, માત્ર સાધુવેશ કે સાધુ-ચિહ્ન રાખનાર પોતે પોતાને પણ ઠગે છે અને બીજાને ઠગવાની ચેષ્ટા કરે છે. જોકે તેઓ આજીવિકા તેમ જ માનપ્રતિષ્ઠાને માટે એવું કરે તો છે, પરન્તુ એ પ્રમાણે ખાલી સાધુનાં ચિહ્નોથી નથી તે તો જાણકારને પણ ઠગી શકતો કે નથી તે સનાથ પણ બની શકતો.

રાજન્! જે રીતે કાચનો ટુકડો મણિનું કામ નથી આપી શકતો, ખાલી મૂઠી, ભરી મૂઠીનું કામ નથી કરી શકતી, અને નકલી સિક્કો અસલ સિક્કાનું કામ નથી આપી શકતો, તે જ રીતે પાંચ મહાવ્રત અને પાંચ સમિતિ

તાથી નીકળીને સનાથ ત્યારે જ થઈ શકે, કે ત્યારે સંયમમાં પ્રવ્રજિત થતી વખતે લીધેલાં વ્રત, નિયમાદિ પાળવામાં પ્રમાદ ન કરે. રાજન્! સંયમમાં પ્રવ્રજિત થઈને પણ વ્રતનિયમાદિનું પાલન કરવું નહિ, અને તેમ છતાં સાધુ-વેશ ધારણ કરીને રહેવું અથવા સાધુ બની રહેવું, એ કેવું છે, તે સાંભળો:—

पोल्ले व मुट्ठी जह से असारे, अयन्तिए कूडकहावणे वा।
राढामणी वेरुलियप्पगासे, अमहग्घए होइ जाणयेसु ॥४२॥

कुसीललिंगं इह धारइत्ता, इसिज्झयं जीविय वूहइत्ता।
असंजए संजयलप्पमाणे, विणिघायमागच्छइ से चिरंपि ॥४३॥

ભાવાર્થ:—ભીડવામાં આવેલી પણ ખાલી મૂઠી, મણિ જેવો ચળકતો પણ કાચનો ટુકડો અને ખોટો સિક્કો, જેમ જાણકારની પાસે અસાર છે, તેમ વ્રત, નિયમ રહિત સાધુ માત્ર સાધુના ચિહ્નો ધારણ કરનાર છે. અસંયતિ હોવા છતાં પણ, સાધુવેશ ધારણ કરીને જે પોતાને સંયતિ મનાવે છે અને એ રીતે આજીવિકા ચલાવે છે, તે ઘણા કાળ સુધી નરકની પીડા ભોગવે છે.

સનાથી મુનિ કહે છે કે, મૂઠીમાં કાંઈપણ ન હોવા છતાં પણ, ખાલી મૂઠી બંધ કરીને અજાણ્યા માણસોને ઠગવામાં આવે છે, અજાણ્યા માણસો ખાલી, પરન્તુ બંધ કરેલી મૂઠી જોઈને ભલે ઠગાય કે આ મૂઠીમાં કાંઈક હશે, પરન્તુ જાણકાર કદી ઠગાશે નહિ. કાચના ચળકતા ટુકડાને કોઈ ભલે મણિ માને, પરન્તુ મણિને ઓળખનાર કાચને કદાપિ મણિ નહિ માને. સાચા સિક્કાની જેમ દેખાતાં

ટા સિક્કાને, જાણકાર કદી આરો સિક્કો નહિ માની
નેમ સંયમ નહિં પાળનારા,–સાધુલિંગ (વેશ) ધારણ
ીને આજીવિકા ચલાવનારા–કુશીલ-લિંગ ધારકને અજાણ્યા
કો ભલે સાધુ માની લે, અજાણ્યા લોકો એવા કુશીલના
ાયમાં ભલે ઠગાઈ જાય, પરન્તુ જાણકાર એવા લોકોને
ધુ માની લેતા નથી. જાણકારની દૃષ્ટિમાં તો એવા માણસો
રસ્કારને જ પાત્ર છે, શ્રદ્ધા કે પ્રતિષ્ઠાને લાયક નથી.

સનાથી મુનિએ, વ્રત નિયમ વગરના સાધુ ચિહ્નને, ખાલી મૂઠી, કાચનો ટુકડો અને ખોટા સિક્કાની ઉપમા આપી છે. તે કહે છે કે જેવી રીતે ખાલી મૂઠી બંધ કરીને, ભરી મૂઠીનો બોધ કરનારા, કાચના ટુકડાને મણી કહેનારા, અને ખોટા સિક્કાને સુંદર (સાચો) બતાવનારા, પોતાના આત્માને ઠગવાની સાથે જ બીજાને પણ ઠગે છે. એ પ્રમાણે પંચ મહાવ્રત અને પંચ સમિતિનું પાલન નહિ કરતાં, માત્ર સાધુવેશ કે સાધુ-ચિહ્ન રાખનાર પોતે પોતાને પણ ઠગે છે અને બીજાને ઠગવાની ચેષ્ટા કરે છે. જોકે તેઓ આજીવિકા તેમ જ માનપ્રતિષ્ઠાને માટે એવું કરે તો છે, પરન્તુ એ પ્રમાણે ખાલી સાધુનાં ચિહ્નોથી નથી તે તો જાણકારને પણ ઠગી શકતો કે નથી તે સનાથ પણ બની શકતો.

રાજન્! જે રીતે કાચનો ટુકડો મણિનું કામ નથી આપી શકતો, ખાલી મૂઠી, ભરી મૂઠીનું કામ નથી કરી શકતી, અને નકલી સિક્કો અસલ સિક્કાનું કામ નથી આપી શકતો, તે જ રીતે પાંચ મહાવ્રત અને પાંચ સમિતિ

જાય. સાધુ-વેશ, સાધુપણાની જરૂરિયાત પૂરી કરી શકતો નથી. સાધુપણાને વેશ અને ચિહ્ન રાખવાથી, એટલામાં વ્રતનિયમોનું પાલન કરવું જ જોઈએ. જો એ ચિહ્નોનાં વ્રત નિયમોનું પાલન ન થતું હોય, તો સાધુવેશને દૂર કરીને સ્પષ્ટ કહી દેવું જોઈએ કે હું સાધુ નથી. એમ ન કરતાં, જેઓ સાધુ-ચિહ્ન ધારણ કરી રહે છે, અને પંચમહાવ્રતની વિરાધના કરે છે, તેઓ ઋષિધ્વજનાં ચિહ્નોને દૂષિત કરે છે. વ્રતનિયમોનું પાલન ન કરવાથી, જે સાધુવેશ સનાથ બનાવનાર છે, તે મહાન દુઃખ આપનાર બની જાય છે. અસંયમની સાથે સંયમી વેશ કેવી રીતે અનિષ્ટકારી છે, વ્રતનિયમ વગરનો સાધુવેશ શું કરે છે તે સાંભળો—

विसं तु पीयं जह कालकूडं, हणाइ सत्थं जह कुग्गहीयं।
एसोवि धम्मो विसओववन्नो, हणाइ वेयाल इवाविवन्नो ॥४४॥

ભાવાર્થ:—જેવી રીતે, પીધેલું કાળકૂટ વિષ મારી નાખે છે, અવળું પકડેલું હથિયાર કાપી નાખે છે, અવિધિપૂર્વક જપેલો મંત્ર પ્રાણનાશક બને છે, તેજ રીતે દુરુપયોગ કરવામાં આવનાર વિષયભોગ મિશ્રિત યતિધર્મ (વ્રત, નિયમરહિત સાધુ-વેશ) પણ અનિષ્ટ પરિણામ આપે છે.

રાજન્! મુનિઓનાં ચિહ્ન-રજોહરણ, મુખવસ્ત્રિકાદિ સંયમ પાળવાને માટે છે, છતાં કુશીલ માણસો, મુનિયોનાં ચિહ્ન અસંયમની સહાયતા માટે—અસંયમને છૂપાવવા માટે—રાખે છે. તે લોકો ઋષિઓની ધ્વજા-રજોહરણ, મુખવસ્ત્રિકા રાખીને એવું ઇચ્છે છે કે, અમે અસંયમનું આચરણ કરવા છતાં પણ, આ ધ્વજાથી સંયમની ગતિ મેળવી

રહ્યું. એમને મન, પંચ મહાવ્રત તેમ જ પાંચ સમિતિ એ મોક્ષાદિનું કારણ નથી; પરન્તુ માત્ર વેશ જ મોક્ષાદિનું કારણ છે. એટલા માટે તેઓ અસંયમનું આચરણ કરીને માત્ર વેશથી જ સંયમીની ગતિ ઇચ્છે છે; પરન્તુ તેમની તે આશા કેવળ દુરાશા જ છે. એવા લોકો સ્વર્ગ કે મોક્ષનું સુખ પામે, એ તો દૂર રહ્યું, પરન્તુ તેઓ નરકાદિનું મહા દુઃખ પણ નથી મટાડી શકતા. અર્થાત્ ઘણા કાળ સુધી નરકનાં દુઃખો ભોગવે છે.

રાજન્! મોક્ષની અભિલાષાથી ધારણ કરેલ વ્રતનિયમ રહિત યતિવેશ એવી રીતે ઉલટું ફળ આપનાર નીવડે છે કે જેવી રીતે દીર્ઘાયુષી બનવાની ઇચ્છાએ કાળકૂટ વિષ પીવામાં આવ્યું હોય, રક્ષણની ઇચ્છાએ અવળું શસ્ત્ર પકડયું હોય અને સર્પને વશ કરવાની ઇચ્છાએ અવિધિ-પૂર્વક મંત્રજાપ કર્યો હોય. (આ સર્વ જેમ ઉલટું ફળ આપે છે તેમ) વ્રત, નિયમ રહિત સાધુવેશ રાખીને તે કુશીલ લીંગધારીઓ ઇચ્છે છે તો મોક્ષ કે સ્વર્ગનાં સુખ, પણ જાય છે નરકમાં અને પામે છે ત્યાંનાં ઘોર (મહા) દુઃખો.

હે રાજા! તારા કાર્યકર્તાઓ એટલા માટે રાજમુદ્રા ધારણ કરે છે કે, તેઓ રાજ્યમાં થનાર અન્યાયોને દૂર કરે. રાજમુદ્રા એ બતાવે છે કે તેને ધારણ કરનાર રાજ-કર્મચારી છે તથા અન્યાય-અત્યાચારને રોકનાર છે. લોકો, રાજમુદ્રા (રાજ ચિહ્ન) ધારણ કરનારને પોતાના રક્ષક માને છે. અને તેના પર વિશ્વાસ કરે છે. રાજમુદ્રા ધારણ

કરનારા રાજકર્મચારીઓનું પણ એ કર્તવ્ય હોય છે કે તેઓ રાજ્યના નિયમોનું બરાબર પાલન કરે. પરન્તુ રાજન્! જો કોઇ માણસ રાજ ચિહ્ન ધારણ કરીને પણ રાજ્યના નિયમોની અવહેલના કરે, અન્યાય–અત્યાચાર કરે, તો શું તું તે રાજમુદ્રા ધારણ કરીને અન્યાય કરનારને શિક્ષા નહિં કરે? બલકે એવી વ્યક્તિને તું અધિક શિક્ષાને પાત્ર માને. અપરાધ કરવાથી, તે રાજમુદ્રા, શિક્ષાથી બચાવવામાં જરા પણ મદદગાર નહિં થાય, પરન્તુ અધિક શિક્ષા અપાવશે. તેને અપરાધ કરવાની પણ શિક્ષા મળશે, એટલું જ નહિં પણ રાજમુદ્રા કલંકિત કરવાની પણ શિક્ષા મળશે. શિક્ષા કરવાની સાથે જ, તે અપરાધી વ્યક્તિ પાસેથી રાજમુદ્રા પણ છીનવી લેવામાં આવશે. કેમકે, જો અન્યાય અત્યાચાર કરનારા પણ રાજમુદ્રા ધારણ કરી લેશે, તો એ વાતની ઓળખાણ થવી પણ મુશ્કેલ પડશે કે કોણ અન્યાય અત્યાચારને રોકનાર છે અને કોણ અન્યાય અત્યાચાર વધારનાર છે?

રાજન્! આ વાત સાધુ વેશને માટે પણ સમજી લે. સાધુનો વેશ સંયમને માટે છે. સાધુવેશથી, સંયમ પાળવાની ઓળખાણ થાય છે. વેશને દેખીને, મનુષ્યો એમ જાણે છે કે આ વેશ ધારણ કરનાર, પંચ મહાવ્રતના પાલક અને સનાથ છે. પરન્તુ રાજન, જો કોઇ માણસ માત્ર વેશ ધારણ કરી રહે, પંચ મહાવ્રતનું પાલન ન કરે, તો એ ખાલી વેશ તેને તે દંડથી (શિક્ષાથી) કદાપિ

બતાવી શકે નહિં, કે જે દ્રઢ પંચ મહાવ્રત ઢુંઢીઆઓ છતાં પાલન ન કરવાથી બને છે. બલકે એ આગળ અનુક્રમે એ ક્રિયાઓમાં એવીદોને વૃદ્ધિ કરે છે કે જે ઢીંઢીઓ અપરાધ કરવાથી, ઊલટુ ક્રિયાઓ વૃદ્ધિ કરે છે.

વાચક! કદાચ કોઇ એમ કહે કે સાધુલિંગ ઓઘે-દરણ, મુખવસ્ત્રિકાદિ રાખીને. જો પંચ મહાવ્રતનું પાલન ન કરે, તોપણ કાંઇને કાંઇ ભલા તો કરશે ને! તોપણ એવું બોલું શું કર્યું કે જેથી અધિક ક્રિયા નરકાદિ મળે! જુઓ વાચક! મહાવ્રતોનું પાલન ન કરતા છતાં, તેઓ રજોહરણ, મુખવસ્ત્રિકાદિ કયા હેતુથી રાખે છે, તે જુઓ. પંચ મહાવ્રતનું પાલન ન કરતાં છતાં પણ રજોહરણ મુખવસ્ત્રિકાદિ રાખવાથી તેમનો હેતુ જતના (યત્ના) કરવાનો નથી. પણ લોકોને ઠગવાનો છે. પંચ મહાવ્રતની ઘાત કરીને, તેઓ રજોહરણ, મુખવસ્ત્રિકાદિ આજીવિકાને માટે રાખે છે. જો યત્નાને માટે રાખતા હોત, તો પંચ મહાવ્રતની ઘાત શા માટે કરત? કોઇ ચોર, પૈસાની ચોરી ન કરતાં, રૂપીઆની ચોરી કરે તો તેનો અર્થ નથી કે, તે એટલે અંશે ઇજ્જતદાર છે! ઇજ્જતદાર તો ત્યારે જ કહેવાય કે જ્યારે રૂપીઆની પણ ચોરી ન કરે. રૂપીઆની ચોરી કરે છે એટલા માટે પૈસાની ચોરી છોડવાનો કાંઇ અર્થ નથી; બલ્કે પૈસાની ચોરી છોડીને રૂપીઆની ચોરી કરનાર મોટો ઠગ છે. તેણે ઠગાઇને માટે પૈસાની ચોરી છોડી છે. એવીજ રીતે પંચ મહાવ્રતની

[illegible]

અનાથી મુનિ કહે છે—રાજા!
સંયમ લઈને, [illegible]
અને નિમિત્ત વગેરે બતાવવામાં
તેઓ પોતાનો મહિમા-પૂજા વધારે
ચલાવે છે. તે લોકો ઇંદ્રજાળ આ
લોકોને આશ્ચર્યમાં નાખે છે, પરન્
બનાવનારી નથી, પણ અનાથ બના

વિદ્યાઓ શરણ આપનાર નથી થતી. એવા લોકો, થોડા વખતને માટે સાંસારિક માન પ્રતિષ્ઠા ભલે મેળવે, સંસારના લોભી માણસોને ઠગીને આજીવિકા ભલે ચલાવે, પરન્તુ મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી. સંસારમાં આવા ઉપાયોથી જમાવેલો ક્ષણિક પ્રભાવ, મોક્ષમાર્ગમાં અંતરાયભૂત છે; એવા લોકો અનાથના અનાથ જ છે.

જૈન શાસ્ત્રોમાં તો સાધુઓને માટે સ્વપ્ન, લક્ષણ આદિનાં ફળ બતાવવાની મનાઈ છે, પરન્તુ અન્ય ગ્રન્થકાર પણ તેનો નિષેધ કરે છે. સન્યાસાશ્રમની વિધિ બતાવતા, મનુસ્મૃતિ અધ્યાય ૬ ઠ્ઠામાં કહ્યું છે કે—

न चोत्पात निमित्ताभ्यां, न नक्षत्राङ्ग विद्यया ।
नानुशासनवादाभ्यां, भिक्षां लिप्सेत् कर्हिचित्

અર્થાતઃ—(સન્યાસી) ભૂકંપ આદિ ઉત્પાત, નિમિત્ત નક્ષત્ર વિદ્યા (જ્યોતિષ) અને અંગવિદ્યા (સામુદ્રિક) બતાવીને, તથા ધર્મ તેમ જ નીતિનો ઉપદેશ આપીને તેના બદલામાં કદાપિ ભિક્ષા પ્રાપ્ત ન કરે.

સંયમ લઈને, પછી અહિંસાદિ પંચ મહાવ્રતની વિરાધના કરવાથી, પંચ સમિતિનું પાલન ન કરવાથી, અને સ્વપ્ન, લક્ષણ આદિનાં ફળ બતાવવાથી, કેવી હાનિ થાય છે, તે બતાવવા માટે સનાથી મુનિ કહે છે—

तमतमेणेव उ से असीले, सया दुही विप्परियामुवेइ ।
संधावई नरगतिरिक्खजोणिं, मोणं विराहेतु असाहुरूवे ॥४६॥

ભાવાર્થ.—તે સંયમની વિરાધના કરનારા સાધુલિંગધારી દુઃખી થતા થકાં, ઉપટપુલટ થઈ જાય છે, અર્થાત અવળું સમજે છે

અને કરે છે. એથી તે અસાધુ સંયમ સ્વીકાર્યા છતાં પણ નરક તિર્યંચ ગતિનું કાર્ય કરે છે અને નરક તિર્યંચ ગતિમાં પરિભ્રમણ કરે છે.

રાજા ! જે ધ્યેયને અર્થે તે ઊઠયો છે, તેને ભુલી જવું અને તેથી વિરુદ્ધ કાર્ય કરવું એ દુઃખનું કારણ છે. સંયમના વિરાધક મનુષ્યો સંસારમાં ભલે સુખી જોવામાં આવે, પણ સંસારમાં દેખાતાં સુખની પાછળ ઘણું દુઃખ છૂપાયલું હોય છે. સાંસારિક સુખ તો જન્મ મરણનું કારણ છે. સાધુપણામાં સાંસારિક સુખ-યશ વૈભવ કીર્તિ આદિની ઇચ્છા કરવી, એની પ્રાપ્તિ માટે ઉપાયો કરવાં, એ સાધુ-પણાનાં લક્ષણો નથી. સાધુપણામાં તો એ બધાંનું બળિદાન દેવું પડે છે. સાધુપણું લઇને, ઉત્તમ જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરવી જોઇએ. જે લોકો, સાધુ થઇને પણ સાંસારિક સુખોની ઇચ્છા કરે છે તેઓ, પોતાની ગાંઠે બાંધેલા ચિંતામણી રત્નને આપીને, બદલામાં પત્થર લઇ રહ્યા છે. જે મનુષ્ય સંયમ રૂપી ચિંતામણી રત્નને ખોઇને, બદલામાં સાંસારિક સુખ, યશ, કીર્તિ આદિરૂપ પત્થર લે છે, તે સુખી કેવી રીતે બની શકે ? તે તો હંમેશાં દુઃખી જ રહે છે અને મૃત્યુ પછી તે નરક, તિર્યંચ ગતિમાં જાય છે.

અહિં પ્રશ્ન થાય છે કે સાધુપણું લઇને, અસંયમમાં પડનાર, આખરે સાધુપણાનું-પોતાના વેશનું કાંઇક પણ ધ્યાન તો રાખતા જ હશે. તેઓ જે કાંઇ સાંસારિક સુખ ભોગવતા હશે, તે ગૃહસ્થની અપેક્ષાએ થોડું અને ગૃહસ્થોએ આપેલું અથવા મેળવી લીધેલું. આમ હોવા છતાં પણ એ

દ્રવ્યલિંગી સાધુને નરક નિર્ગ્રંથની ગતિ પ્રાપ્ત થાય છે. આ પછી ગૃહસ્થોનું તો કહીને કલ્યાણ જ નહિ થઈ શકવું હોય, ગૃહસ્થોને તો ક્યાંય પણ મોટી શિક્ષા ભોગવવી પડતી હશે! કે ગૃહસ્થોને ક્યાંથી મોટી શિક્ષા ન ભોગવવી પડે, તો પછી દ્રવ્યલિંગી સાધુને, એટલું જ સાંસારિક સુખ ભોગવવાને કારણે આટલી બધી શિક્ષા કેમ મળે છે?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, ગૃહસ્થો જે સાંસારિક ભોગ ભોગવે છે તે પોતાની કરેલી કોઈ પ્રતિજ્ઞાના બંધથી રહિ. પણ પ્રતિજ્ઞા પર સ્થિર રહીને તેઓ સાંસારિક ભોગોને માટે, છળ કપટ નથી કરતા. એ નથી કરતા કે સાંસારિક ભોગ પણ ભોગવે અને સાધુ વેશ પહેરીને, પોતે પોતાને પંચ મહાવ્રતધારી પણ કહેવડાવે છે. તેઓ જે કાંઈ કરે છે તે ચોરીછૂપીથી નથી કરતા. પરન્તુ દ્રવ્યલિંગી સાધુ, પોતાની પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થઈને, સાંસારિક વિષય-ભોગ ભોગવે છે. તેઓ, ગૃહસ્થોની જેમ ગૃહસ્થ વેશમાં સાંસારિક સુખ નથી ભોગવતા, પણ એ વેશમાં ભોગવે છે કે જે વેશ સાંસારિક ભોગ ત્યાગનારાઓનો છે. ગૃહસ્થોની પાસે, સાંસારિક ભોગોનાં સાધનો પણ હોય છે, એટલે તેમને છળકપટ નથી કરવું પડતું; પરન્તુ સંયમમાં પ્રવ્રજિત થનારા, એવાં સાધનોને, સંયમમાં પ્રવ્રજિત થતી વખતે ત્યાગી દે છે. એટલા માટે એમને, સાંસારિક સાધનો મેળવવામાં છળકપટથી કામ લેવું પડે છે. ઉદાહરણ અર્થે—ગૃહસ્થની પાસે સ્ત્રી છે, પરન્તુ દ્રવ્યલિંગી, સ્ત્રી આદિનો

ત્યાગ કરીને જ સંયમમાં પ્રવૃત્ત થયો હતો. એટલે તેની પાસે સ્ત્રી નથી. હવે જો તે સ્ત્રી-ભોગ ભોગવે, તો પરસ્ત્રી સાથે જ અને પરસ્ત્રી પ્રાપ્ત કરવામાં કેટલું જાણે તેને કેવું કેવું છળકપટ કરવું પડે! એજ વાત ધન ધાન્યાદિને માટે પણ છે. તાત્પર્ય એ, કે દ્રવ્યલિંગી એક તો ત્યાગીઓના વેશમાં સુખ ભોગવે છે, બીજું પ્રતિજ્ઞાથી વિરુદ્ધ કામ કરે છે, ત્રીજું સાંસારિક ભોગ પ્રાપ્ત કરવામાં છળકપટથી કામ લે છે અને ચોથું ગૃહસ્થોની અપેક્ષાએ તેની આકાંક્ષા મોટી હોય છે. આ કારણોથી તે એવી મહાન્ શિક્ષાને પાત્ર છે.

माई मिच्छादिट्ठी अमाई समदिट्ठो ।

અર્થાત્:—માયા છળ-કપટ કરનાર મિથ્યાદૃષ્ટિ છે, અને માયા નહિ કરનાર સમદૃષ્ટિ છે.

સાધુવેશમાં રહીને, જે સાંસારિક ભોગ ભોગવે છે, તે છળકપટ કરનાર મિથ્યાદૃષ્ટિ છે. એટલા માટે તેને, સનાથી મુનિના કથનાનુસાર ભારે શિક્ષા મળે છે. ગૃહસ્થોમાં પણ જેઓ છળકપટ કરનારા છે, જેઓ પ્રતિજ્ઞાભ્રષ્ટ છે, તેમજ વ્રતનિયમોનું પાલન કરતા નથી, તેઓ પણ એવી જ ભારે શિક્ષાને પાત્ર છે.

ઘણા લોકો એવા પણ હોય છે કે, જેઓ વ્રતનિયમની વિરુદ્ધ કાર્યો કરીને, તે વિરુદ્ધ કાર્યોને, વ્રતનિયમની અંદરના જ બતાવે છે, અથવા અપવાદમાર્ગના કાર્યની પ્રરૂપણા, ઉત્સર્ગ માર્ગમાં કરે છે. એવા ઉત્સૂત્રપ્રરૂપક પણ એજ શિક્ષાને પાત્ર છે કે જે સનાથી મુનિએ ઉપર બતાવેલ છે.

[illegible]

ઉદ્દેસિયં કીયગડં નિયાગં, ન મુંચઈ કિંચિ અણેસણિજ્જં ।
અગ્ગી વિવા સવ્વભક્ખી ભવિત્તા, ઇઓ ચુઓ ગચ્છઈ કટ્ટુ પાવં ॥૪૭॥

ભાવાર્થ—[illegible]

મહાની મુનિએ, પ્રથમના પ્રવ્રજિત થવા પછી પ્રાપ્ત થનારી અનાથતાનાં ચાર કારણો—પંચ મહાવ્રતોનું પાલન ન કરવું, પંચ સમિતિનું પાલન ન કરવું અને લક્ષણ સ્વપ્નાદિના ફળ તેમજ નિમિત્ત, ઇન્દ્રજાળના ખેલો વગેરે બતલાવવા—કહ્યાં. હવે તેઓ સાધુપણાની અનાથતાનું ભોજન સંબંધી પાંચમું કારણ બતાવે છે. તેઓ કહે છે કે હે રાજન્! સાધુપણાના વ્રતનિયમોની અવહેલના કરનાર પણ બાહ્ય વેશધારીઓ અગ્નિની જેમ સર્વ ભક્ષી બની જાય છે જેવી રીતે અગ્નિ, પોતાનામાં પડતી તમામ વસ્તુઓને બાળી નાખે છે, તેવીજ રીતે તે દ્રવ્ય લિંગીઓ પણ, બધુ ખાઇ જાય છે તેઓ ભોજ્ય કે અભોજ્ય કોઇ પણ પ્રકારનો આહાર છોડતા નથી. જો કે તેમનું કર્તવ્ય તો એ છે કે, તેઓ આહાર લેવામાં એષણાસમિતિનું

ફરી રીતે પાલન કરે, પરન્તુ તે ઔદ્દેશિક આધાકર્મિકાદિનું લેશ પણ ધ્યાન નથી રાખતા. તેઓ અનેષણીય આહાર પણ લઈ લે છે, અને એ આહાર પણ લઈ લે છે કે જે ગૃહસ્થોએ સાધુના નિમિત્તે જ બનાવ્યો યા ખરીદ્યો હોય. એ પ્રમાણે તેઓ એકજ ઘરથી હંમેશાં આહાર લીધા કરે છે તથા અપ્રાસુકનો આહાર પણ લઈ લે છે.

રાજા! કુશીલલિંગી સ્વાદ અથવા શરીરને પુષ્ટ કરવા માટે, અગ્નિની માફક સર્વભક્ષી બનીને, એષણા-સમિતિને ભૂલી જાય છે. જેવી રીતે અગ્નિ, પોતામાં પડેલા દુર્ગંધવાળા, નિંદ્ય અને અપવિત્ર વગેરે સર્વ જાતના પદાર્થોને ભસ્મ કરી દે છે, તેવીજ રીતે તેઓ પણ ઉદ્દેશિક ક્રીત, નિત્યપિંડ અને અપ્રાસુક વગેરે અશુદ્ધ આહાર લઇને ખાઈ જાય છે, પણ મરણ તો નિશ્ચયે છે જ. સંસારનો કોઇ પણ જીવ, મૃત્યુથી નથી બચી શકતો, તો શું આવું કરનારા કુશીલલિંગી નહિં મરે? અવશ્ય મરશેજ. અને આવું કરનાર એ કુશીલલિંગીનો આત્મા હૃષ્ટપુષ્ટ શરીર તેમજ રસલોલુપી જીભને છોડીને, મહાન્ દુર્ગતિમાં જશે. તેમણે રસલોલુપી બનીને સંયમનો નાશ કર્યો છે, એથી કડવાં પાપકર્મનાં ફળને પ્રાપ્ત કરશે.

રાજા! તે અસાધુ જ્યારે ગૃહસ્થ હતો, ત્યારે ઇચ્છાનુસાર ભોજન બનાવીને અથવા બનાવરાવીને ખાઇ લેતો હતો, પરન્તુ એણે એ ઇચ્છા કરી, કે હવે હું ' ઇચ્છિત ભોજન નહિં કરૂં, પણ એવું ભોજન કરીશ કે, જે મને

શુદ્ધ ભિક્ષામાં મળે; એ વખતે મારા ભોજનને માટે અનેક ત્રસ સ્થાવર જીવોને કષ્ટ થાય છે. હું મારા ખોરાકને માટે જ, ત્રસ સ્થાવર જીવોને દુઃખ આપું છું. પરન્તુ હવે, હું મારા પોતાના ખોરાકને માટે કોઇ ત્રસ સ્થાવર જીવોને કષ્ટ નહિ થવા દઉં. પણ આ પ્રમાણે ભિક્ષા કરીને ક્ષુધા મટાડીશ; કે જે પ્રમાણે ભ્રમર, નિશ્ચય કર્યા વગર જ ફૂલોનો રસ લેવા માટે જાય છે અને એક જ ફૂલમાંથી નહિ, પણ અનેક ફૂલોમાંથી રસ લઇને પોતાની તૃપ્તિ કરી લે છે. હું પણ ભ્રમરભિક્ષાથી મારૂં પેટ ભરીશ, જેથી મારા ભોજનને કારણે કોઇપણ ત્રસ સ્થાવર જીવને દુઃખ ન થાય. હવે હું રસલોલુપી નહિં થઉં.'

રાજા ! આ પ્રકારની ભાવનાથી, તે ગૃહસંસાર છોડીને સાધુ બની ગયો. તે જ્યારે સંયમમાં પ્રવ્રજિત ન્હોતો થયો, ત્યારે જેવું ઇચ્છતો હતો તેવું ભોજન બનાવીને કે બનાવરાવીને ખાતો, છતાં પણ એને માટે ઠપકા જેવી કોઇ વાત ન હતી. પરન્તુ એ ભાવનાથી સાધુ થયો, છતાં પણ એનાથી સ્વાદલોલુપતા ન છૂટી. તો તે પ્રતિજ્ઞાથી વિરુદ્ધ તેમજ ઠપકા (ઉપાલભ)નું કારણ છે. તે અસાધુની રસલોલુપતાથી, અનેક ત્રસ સ્થાવર જીવોની હિંસા થાય છે; છતા પણ તે જેવું ઇચ્છિત ભોજન ગૃહસ્થાવસ્થામાં કરી શકતો હતો, તેવું ભોજન પ્રાપ્ત કરી શકતો નથી; એથી તેનું ચિત્ત, સ્વાદિષ્ટ ભોજનને માટે હમેશાં લલચાતું રહે છે એજ કારણોથી તે દુર્ગતિમાં જાય છે

રાજા! સંયમનું પાલન કરનારા મનુષ્યો પોતાને માટે બનાવેલું અથવા ખરીદાયલું ભોજન નથી કરતા કેમકે એવું ભોજન લેવાથી સાધુને માટે અનેક ત્રસ સ્થાવર જીવોની હિંસા થાય છે. એજ રીતે, સાધુ હમેશાં એક જ ઘેરથી ભિક્ષા લેતા નથી. એક જ ઘરની ભિક્ષા હંમેશાં લેવાથી, એ ઘરવાળાને એ ખબર રહે છે કે સાધુ પધારશે, એથી તે સાધુને માટે વધારે તૈયારી કરે છે,-વધારે ભોજન બનાવે છે-જેનાથી સાધુને માટે ત્રસ સ્થાવર જીવોની હિંસા થાય છે. સંયમી મનુષ્યો ભિક્ષામાં એવોજ આહાર લઇ શકે છે કે જે બેતાલીસ દોષોથી રહિત હોય. તેઓ ઉદ્દેશિક, ક્રીત, નિત્યપિંડ તથા આમંત્રિત બનીને કે પહેલેથી સૂચના દઇને આહાર લેતા નથી. પણ કુશીલિંગી મનુષ્યો ભોજન સંબંધીના આ નિયમોનું પાલન નથી કરતા. તેઓ એપણિક વા અનૂએપણિક બંનેય પ્રકારનો આહાર લે છે, તેમ જ ખાય છે. પરિણામ એ આવે છે કે એવા લોકોને આ લોકોમાં પણ સન્માનપૂર્વક આહાર નથી મળતો,—અનાદરપૂર્વક આહાર મળે છે—અને પરલોકમાં પણ દુર્ગતિ મળે છે.

જૈન-ભિક્ષુને માટે, ભિક્ષા સંબંધી જે વિધિ બતાવવામાં આવી છે, તેવી જ વિધિ ઘણે ભાગે અન્ય ગ્રન્થોમાં પણ બતાવવામાં આવી છે. જેમકે—

विधूमे न्यस्तमुसले, व्यंगारे भुक्तवज्जने ।
अतीते पात्रसंपाते, नित्यं भिक्षां यतिश्चरेत् ।
सप्तागारांश्चरेद्भैक्ष्यं, भिक्षितं नानुभिक्षयेत् ॥

શંખ સ્મૃતિ. અ૦ ૭

અર્થાત્—[illegible] ત્યાં [illegible] હોય, [illegible] મુખ્ય હોય, [illegible] ન [illegible] હોય, તે [illegible] પણ [illegible] હોય ન [illegible] હોય, તે [illegible] ભિક્ષા [illegible] પણ [illegible] ભિક્ષા [illegible] હોય તે [illegible] ભિક્ષા ન લે.

न [illegible] वर्णायां [illegible] वा [illegible]: { [illegible]
[illegible] [illegible] [illegible] ॥ { [illegible] ૬ [illegible].

અર્થાત્—[illegible] ભિક્ષા [illegible] ન જાય, કે જે [illegible] બ્રાહ્મણ, [illegible] અથવા બીજા ભિક્ષુક [illegible] હોય.

અનાથી મુનિ કહે છે—રાજન્! સંયમમાં પ્રવ્રજિત થવું, એ અનાથ બનવાનું છે અને પોતાના આત્માને મુઆત્મા બનાવવાનું છે. સંયમમાં પ્રવ્રજિત બનીને, પછી જેઓ અસંયમમાં પ્રવૃત્ત બને છે, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શના લોલુપી બનીને અથવા પ્રમાદવશ, સાધુતાના વ્રત નિયમોનું ઉલ્લંઘન કરે છે, તેઓ પોતાના આત્માને દુરાત્મા બનાવે છે. દુરાત્મા પોતે પોતાની કેવી હાનિ કરે છે તે સાંભળઃ—

न त अरी कंठछेत्ता करेइ, ज से करे अप्पणिया दुरप्पा।
से नाहिइ मच्चुमुहं तु पत्ते, पच्छाणुतावेण दयाविहूणो ॥४८॥

ભાવાર્થ:—ગળું કાપનાર દયાહીન વૈરી પણ તે અહિત નથી કરતો, [illegible] અહિત દુરાત્મા પોતે પોતાનું કરે છે. દુરાત્માને મૃત્યુનાં [illegible] પડતાં મહાન પશ્ચાતાપ થાય છે.

અનાથી મુનિ કહે છે—હે રાજા! જગતમાં દુશ્મનને અહિત કરનાર માનવામાં આવે છે. જે જેટલું વધારે અહિત કરે, તે તેટલો જ વધારે દુશ્મન માનવામાં આવે છે. દુશ્મન દ્વારા વધારેમાં વધારે અહિત ગળું કાપવાથી થાય છે. એનાથી વધારે અહિત કોઇ દુશ્મન દ્વારા માનવામાં આવતું નથી. દુશ્મન દ્વારા થનારા અહિતની છેલ્લી હદ છે. સાંસારિક લોકો કહે છે કે, અમુક વ્યક્તિ જે અમારો દુશ્મન છે. તે વધારેમાં વધારે અમારું ગળું કાપી નાખશે. બીજું શું કરશે? અર્થાત્ વેર પૂરું કરવાની હદ એટલી જ છે. એનાથી વધારે, દુશ્મન કાંઇ નથી કરી શકતો. એ પણ એ જ દુશ્મન કરશે કે જે દયાહીન હોય. પરન્તુ રાજા! દુરાત્માથી તો પોતાનું એ અહિત થાય છે કે જે અહિત દુશ્મન કહેવડાવનારથી પણ નથી થઇ શકતું. બલ્કે, દુશ્મન બનેલી વ્યક્તિને, સુઆત્મા પોતાનું હિત કરનારો માને છે જેમકે ગજ-**સુકુમાર મુનિએ**, સોમલને પોતાનો મદદગાર માન્યો હતો. એવે વખતે સુઆત્મા વિચારે છે કે, હું આ મારનારથી મરી શકતો નથી. હું તો મારા પોતાનાથી જ મરી શકું છું. અર્થાત્ મારા પોતાના કાર્યોથી જ દુઃખ મેળવી શકું છું. જો કદાચ, દુશ્મન દ્વારા ગરદન કપાતાં, આત્મામાં સમતા રહે, તો તે ગરદન કાપનાર મોક્ષ પ્રાપ્ત કરાવવાનું સાધન પણ થઇ શકે છે. પરન્તુ દુરાત્મા, પોતે પોતાનું, દુશ્મને કાપેલા ગળાથી પણ વધારે અહિત કરે છે. મૃત્યુનાં મુખમાં પડવાથી દુરાત્મા, પોતે પશ્ચાત્તાપની અગ્નિથી બળવા

ાગે છે. જે વખતે તે નરકાદિની વેદના ભોગવે છે,
 વખતે તેને એ પશ્ચાતાપ થાય છે કે-મેં સંયમ
વીકારીને પણ તેની કેમ વિરાધના કરી! હું થોડા જ
ાત્ર (ક્ષણિક) નાશવંત વિષયભોગના લોભમાં કેમ પડી
ગયો! જો મેં વિષયલોલુપતાથી અથવા પ્રમાદથી સંયમની
વિરાધના ન કરી હોત, તો આજ મારે નરક તિર્યંચ ગતિમાં
જન્મ લઈને, આ કષ્ટો શા માટે ભોગવવા પડત? જે
સાંસારિક વિષયભોગમાં પડીને મેં સંયમની વિરાધના
કરી હતી, તે તો ત્યાં જ રહી ગયા, અને મારે આ દુઃખો
ભોગવવા પડે છે. જો મેં સંયમનું રૂડી રીતે આરાધન કર્યું
હોત, સંયમની અવહેલના ન કરી હોત, તો આજે હું
એ સુખ ભોગવતો હોત કે જે સુખ અવિનાશી છે.

અહિંયાં પ્રશ્ન થાય છે કે, ગળું કાપનાર દુશ્મન તો
પ્રત્યક્ષ જ ગળું કાપે છે, શરીરનો નાશ કરે છે, પરન્તુ
દુરાત્મા, પોતે પોતાની પ્રત્યક્ષમાં એવી કોઇ હાનિ નથી
કરતો, છતાં દુરાત્માને ગળું કાપનાર દુશ્મનથી પણ વધારે,
પોતે પોતાનુ અહિત કરનારો કેમ કહ્યો?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે—માથું કાપનારો શત્રુ
શરીરનો જ નાશ કરે છે, આત્માનું તે કાંઇ પણ બગાડી
શકતો નથી. માત્ર શારીરિક હાનિ જ એ હાનિ નથી,
પણ આધ્યાત્મિક હાનિ જ ખરી હાનિ છે. આસ્તિક
(શ્રદ્ધાવંત) માણસો આત્માને અવિનાશી અને શરીરને
નાશવંત માને છે. એટલા માટે તેમને મન, શરીરનું નાશ

થવું એ કોઇ હાનિ નથી. તેઓ પ્રત્યક્ષ અથવા આ લોકને જ માને છે, એમ નહિ પણ તેની સાથે જ તેઓ પરોક્ષ અથવા પરલોકને પણ માને છે. આ ઉપદેશ આસ્તિકોને માટે જ છે. જે લોકો, શરીરની સાથે જ આત્માનો પણ નાશ માને છે, આત્મા અને શરીરને બે નહિ પણ એકજ જાણે છે, એવા લોકોને માટે આ ઉપદેશ નથી એટલા માટે દુરાત્મા દ્વારા કરાયેલી પોતાની જ હાનિ, પ્રત્યક્ષ ભલે ન દેખાય, પ્રત્યક્ષ ભલે લાભ જ દેખાય, પરન્તુ મૃત્યુ પછી પરલોકમાં તે દુરાત્મા ભયંકર સંકટમાં પડે છે; અને આસ્તિક માણસો, પરલોક માનવામાં ઇન્કાર કરતા નથી. આસ્તિક માણસો આત્માને અવિનાશી માનવાની સાથે જ, પરલોક પર પણ વિશ્વાસ કરે છે. તાત્પર્ય એ, કે હાનિની મર્યાદા પ્રત્યક્ષ દેખાય ત્યાંસુધી જ નથી, પરન્તુ ચર્મ-ચક્ષુથી ન દેખાય એવી પણ હાનિ છે. જેને જ્ઞાની પુરુષો, પોતાના જ્ઞાન વડે પ્રત્યક્ષ દેખે છે. પરલોકમાં થનારી હાનિ ચર્મચક્ષુથી નથી દેખાતી; પરન્તુ જ્ઞાન-ચક્ષુથી જ દેખાય છે. એ હાનિને ચર્મ-ચક્ષુથી જોવાની ઇચ્છા કરવી, એ ભૂલ છે તથા નાસ્તિકતાનું ચિહ્ન છે.

સનાથી મુનિ કહે છે—હે રાજા! મૃત્યુનાં મુખમાં પડવાથી, દુરાત્માને મહાન્ પશ્ચાતાપ થાય છે. પશ્ચાતાપની સાથે જ તેને નરક, તિર્યંચ ગતિનાં મહાન્-માં-મહાન્ દુઃખો ભોગવવાં પડે છે, એટલું જ નહિ, પણ—

निरत्थिया नग्गरुई उ तस्स, जे उत्तमट्ठे विवज्जासमेई।
इमेविसेनत्थिपरेविलोए, दुहओवि से झिज्झइतत्थलोए॥४९॥

ભાવાર્થ:—જે ઉત્તમ સંયમ લઈને પણ તેમાં રુચિ નથી રાખતો, અને સંયમની વિરાધના કરે છે તેનું સંયમગ્રહણ નિરર્થક થાય છે, અને માટે આ લોક પણ આનંદદાયક નથી થતો, તેમ પરલોક પણ આનંદદાયક નથી થતો. તે ઉભય લોકમાં દુઃખ પામે છે.

અનાથી મુનિ કહે છે—રાજન્! ઘણા માણસો સંયમ પ્રતિ રુચિ ન હોવા છતાં પણ સંયમ લઈ લે છે, અને પછી તેનું પાલન નથી કરતા, પણ તેની વિરાધના કરે છે. માનાપમાનની દહેશતથી, તેઓ સંયમનો વેશ પણ નથી છોડતા, અને રુચિ ન હોવાથી સંયમનું પાલન પણ નથી કરતા. એમને માટે સાપ-છછુંદર જેવી સ્થિતિ થઈ જાય છે. એ રીતે તેમનો આ લોક પણ સુખપ્રદ નથી રહેતો અને સંયમની વિરાધના કરવાથી પરલોક તો દુઃખપ્રદ છે જ. તેઓ આ લોક અને પરલોક બંનેયમાં ઝુર્યા કરે છે. કોઈપણ લોકમાં નિશ્ચિંત અને સુખી થતા નથી. આ લોકમાં લોકલજ્જાના ભયથી, કેશલોચન, ઉઘાડે પગે ચાલવું, ભિક્ષા યાચવી, વગેરે પ્રત્યક્ષ કાર્ય તો તેઓને એ પ્રમાણે કરવું પડે છે, કે જેવી રીતે સંયમ પાળનારા કરે છે, છતા પણ તેમનું એ કાર્ય નિરર્થક થાય છે. ઉત્તમ અર્થમાં નથી થતુ, કેમકે તેઓ જે કાંઇ કરે છે, જે કષ્ટો સહન કરે છે, તે સઘળું આડંબરને માટે.

રાજન્! રુચિ અને ઉત્સાહપૂર્વક સંયમનું પાલન કરવાથી કષ્ટ થતું નથી. રુચિ અને ઉત્સાહ સહિત કેશલોચનમા, પગે ચાલવામાં તથા ભિક્ષા માગવામાં અપૂર્વ

આનંદ અનુભવ થાય છે. જેવી રીતે સંસારી મનુષ્યો પુત્ર-પુત્રીના વિવાહમાં દિનરાત પરિશ્રમ કરે છે, ક્ષુધા તૃષ્ણા સહન કરે છે, બીજાં પણ અનેક કષ્ટો ભોગવે છે, છતાં પણ તેઓ તેમાં આનંદ જ માને છે. તેવી જ રીતે રુચિ અને ઉત્સાહપૂર્વક સંયમ પાળનારા, પરિષહ-સહન, કેશ-લુંચન, ભિક્ષા, પગે ચાલવું વગેરેમાં આનંદ જ માને છે, દુઃખ સમજતા નથી. એવી જ વ્યક્તિઓનું સંયમગ્રહણ સાર્થક છે. જે લોકો અરુચિપૂર્વક સંયમ લે છે, સંયમમાં દુઃખ માને છે, તેમનું સંયમગ્રહણ (સ્વીકાર) નિરર્થક છે. અને એવા સંયમ લેનારા, બંનેય લોકમાં દુઃખ અનુભવ કરે છે.

સનાથી મુનિ સાધુપણામાં થનારી અનાથતાનું વર્ણન કરીને, ઉપસંહારમાં કહે છે—

एमेव हा छंद कुसील रूवे, मग्गं विराहित्तु जिणुत्तमाणं ।
कुररी विवा भोग रसाणु गिद्धा, निरट्ठसोया परियाव मेइ॥५०॥

ભાવાર્થ:—જેમ ટિટોડી માંસને માટે લાલચુ રહે છે તેમ સાધુ-વેશધારી અસંયમી લોકો રસાદિ ભોગને માટે લાલચુ રહ્યા કરે છે અને સ્વચ્છંદી બનીને, ઉત્તમ જિનમાર્ગની વિરાધના કરીને, પછી નિરર્થક શોક અને પશ્ચાતાપ કરે છે.

સનાથી મુનિ કહે છે—રાજા! ઘણા કાયર લોકો, સંસારની અનાથતામાંથી નીકળવા વાસ્તે સંયમ લઇને, સાંસારિક ભોગોને છોડી તો દે છે, પરન્તુ પછી તેઓએ ત્યાગી દીધેલા ભોગોને માટે આવી રીતે લાલચુ રહે છે, કે જેમ ટિટોડી માંસને માટે લાલચુ રહ્યા કરે છે. સંસારના

ાદિ ભોગોને માટે તેઓ સ્વચ્છંદ આચરણ કરવા લાગે છે.
ને સંયમના વ્રતનિયમોનું પાલન ન કરવા છતાં પણ,
ધુ બનીને રહેલા લોકોને ભ્રમમાં નાખ્યા કરે છે. સ્વચ્છંદા-
ણ થઈ તે લોકો, ઉત્તમ જિનમાર્ગ-સંયમની વિરાધના
ી નાખે છે. સંયમની વિરાધના કરવાથી, સ્વાદિ ભોગોની
પ્રાને વશ થવાથી, તેમને કાંઇ પણ વિચાર થતો નથી,
ન્તુ મૃત્યુનાં મુખમાં પડવાથી તેઓ શોક અને પશ્ચાતાપ
રે છે. પરન્તુ હે રાજન! સમય વીતી જવાથી, શોક
અથવા પશ્ચાતાપ કરવાથી શો લાભ! પછી તો શોક
પશ્ચાતાપ નિરર્થક જ છે. સંયમની વિરાધના કરતી વખતે
તેઓને ભૂત, ભવિષ્યનો વિચાર કરવો જોઇતો હતો, અને
એ જોવું જોઇતું હતું કે, હું શું કરવા માટે ઉભો થયો
હતો અને શું કરૂં છું. તથા એનું ફળ શું આવશે? એ
વખતે તો વિચાર ન કર્યો, એ વખતે તો સાંસારિક ભોગ
તેમજ માનાપમાનાદિ આગળ સંયમનું ધ્યાન ન રહ્યું અને
હવે પશ્ચાતાપ શા કામનો? આ નિરર્થક પશ્ચાતાપનું
કારણ તો તેઓ પોતે જ છે! જો તેઓ પોતાના ધ્યેયને
ન ભૂલ્યા હોત, સાંસારિક ભોગોમાં ન પડયા હોત,
સંસારના માનાપમાનનો વિચાર કરીને તેમણે સંયમને
દુષિત ન કર્યો હોત, તો આખરે તેને પશ્ચાતાપ પણ ન
કરવો પડત. સંયમની વિરાધના કરવાથી, પશ્ચાતાપ પણ
કરવો પડે છે અને અનાથનો અનાથ પણ રહે છે.

सोच्चाण मेहावि सुभासिय इमं, अणुसासण नाणगुणोववेयं।
मग्ग कुसीलाण जहाय सव्व, महा नियंठाण वए पहेण ॥५१॥

[illegible]

[illegible]

[illegible] અનાથતાનું વર્ણન [illegible] માટે [illegible] પરન્તુ સંયમ [illegible] આ [illegible] છોડીને, સંસારની અનાથતામાંથી નીકળી [illegible] સંયમમાં પ્રવર્તેલા લોકો ફરી અનાથતામાં ન પડી જાય, એ માટે જ આ ઉપદેશ છે. તેની સાથે જ એ લોકોને માટે આ ઉપદેશ પણ છે કે જેઓ પોતે અનાથતામાં પડી રહેલા છે, પણ સનાથતાને સમજે છે, અને સનાથ વ્યક્તિની ઉપાસના (ભક્તિ–આરાધના) કરે છે. આ બોધથી એવા મનુષ્યોને સાવધાન કરવામાં આવ્યા છે કે, તમે જેની ઉપાસના સનાથ સમજીને કરી રહ્યા હો, કલ્યાણ અને મંગળ કરનારા કહીને, જેને વંદન–નમસ્કાર કરતા હો, અને જેને તમારા માર્ગદર્શક સમજતા હો, એમની ઓળખાણ કરી લ્યો કે તેઓ સનાથના વેશમાં અનાથ તો નથી ને?

જેઓ અનાથપણાના વેગમાં તણીને, પણ અનાથતામાં પડ્યા છે, જેઓનામાં અનાથતાનાં લક્ષણો વિદ્યમાન છે, તેઓ પોતાનું જ કલ્યાણ નથી કરી શકતા, તો પછી તમારું કલ્યાણ શું કરશે? જેઓ પોતાને માટે જ અમંગળ છે, તેઓ તમારે માટે મંગળ કરનાર કેમ થશે? એટલા માટે તમે તમારા કલ્યાણને માટે જેની ઉપાસના કરો છો, તેમની બરાબર ઓળખાણ કરી લ્યો અને જોઇ લ્યો કે તેઓ અનાથ છે કે સનાથ? સનાથ વ્યક્તિની ઉપાસનાથી તો તમારું હિત થશે, પરન્તુ અનાથ વ્યક્તિની ઉપાસનાથી તમારું હિત નહિ થાય, પણ અહિત થશે. તમે બીજી વધારે અનાથતામાં ફસાતા જશો, તથા જિનમાર્ગને દુષિત કરનારાઓને સહાય કરવાને કારણે, કર્મનો બંધ કરશો.

રાજા! આ શીખામણ સુભાષિત છે. રાગદ્વેષ વગર, હિતની દૃષ્ટિએ કહેલાં પ્રિય વચનોને સુભાષિત કહે છે. સુભાષિત હોવાની સાથે જ આ બોધ, જ્ઞાન અને ગુણથી યુક્ત છે એટલે જ્ઞાન-ગુણ ઉત્પન્ન કરનાર છે.

રાજા! આ ભાષિત અને જ્ઞાનગુણસંયુક્ત બોધથી, બુદ્ધિમાન લોકો સારી રીતે વિચાર કરીને, કુશીલોના માર્ગને ત્યાગી દેશે. સંયમ લઇને પણ, જેઓ આચાર પાલનમા નિર્બળ છે, જેઓનો હેતુ રાગદ્વેષ ઘટાડવાનો નહિ. પણ વધારવાનો છે, જેઓ સંસારની અનાથતામાં પડેલા લોકો દ્વારા ત્યાજ્ય કાર્ય કરવામાં પણ નથી સંકોચાતા, જેઓના બોધને બુદ્ધિમાન લોકો કદાપિ માનશે

નહિ-ગ્રહણ કરશે નહિ. બુદ્ધિમાન માણસો, આ શિખા-મણ પર વિચાર કરીને, મહા-નિર્ગ્રન્થના માર્ગને અપનાવીને (માનીને) જેઓ સંયમના વૃતનિયમોનું પૂર્ણ રીતે પાલન કરે છે, તેમના અનુશાસનમાં ચાલીને, ગુણયુક્ત ચરિત્રનું આચરણ તેમ જ યથાખ્યાત સંયમનું પાલન કરશે. એમ કરવાથી તેઓ નિરાશ્રવી અર્થાત્ કર્મ રહિત બનીને મોક્ષ પ્રાપ્ત કરશે.

રાજા! મોક્ષપ્રાપ્તિને માટે, જ્ઞાનયુક્ત ચારિત્ર અને ચારિત્રયુક્ત જ્ઞાન હોવું જોઇએ. આ બંનેય હોવાથી જ મોક્ષ મળે છે. કદાચ આ બેમાંથી એક હોય, અને બીજું ન હોય, તો તે કામનું નહિ. જેમ એક પૈડાથી રથ નથી ચાલતો, તેમ જ્ઞાન અને ચારિત્રમાંથી માત્ર એક હોવાથી, મોક્ષ પ્રાપ્ત થતો નથી. ચારિત્ર વગરનું જ્ઞાન, અને જ્ઞાન વગરનું ચારિત્ર મોક્ષને માટે પર્યાપ્ત (પૂરતું) નથી. જ્ઞાન સહિત પાળવામાં આવતો આચાર જ ઉત્તમ આચાર છે. અને એવો આચાર જ મોક્ષપ્રાપ્તિનો હેતુ છે.

રાજા! સંસારની અનાથતાથી નીકળવા માટે, સંયમ સ્વીકારવાની જરુર છે; પરન્તુ સંયમ લઇ લેવા માત્રથી સનાથ નથી બની જવાતું. સંયમનો સ્વીકાર કરવો, એ સનાથતાનો માર્ગ અપનાવવા સમાન છે. આ માર્ગને ગ્રહણ કરનારા, ભગવાન મહાવીરના 'चले माणे चलिये' સિદ્ધાન્તાનુસાર સનાથ જરુર કહેવાય છે, એક રીતે તેઓ સનાથજ બની જાય છે. પણ જો તેમણે સંયમ માર્ગને

...ની ઈચ્છા કરી, તો ...થી દીધા, સંયમમાં સમિતિઓની અવહેલના કરી, તેવું જ ...ને ફરી પાછા અનાથતામાં પડી જાય છે, તેવું જ ...ધિ પણ સંયમથી ભ્રષ્ટ થઈને, અનાથતામાં પડી ગયેલ વ્યક્તિ, સાંસારિક અનાથતાથી પણ વધારે અનાથતામાં પડી જાય છે. જેમ કિલ્લામાં પડી ગયેલો માણસ, બહાર નીકળવા માટે ઉપર ચડે છે. પરન્તુ અસાવધાનીને લીધે ફરી પાછો કિલ્લામાં પડી જાય છે, અને પડતાંની સાથે જ પોતાના શરીરનાં કોઈ અંગો તૂટી જાય છે, અને એ રીતે ફરીથી બહાર નીકળવું મુશ્કેલ બને છે, તેમ સંયમથી પતિત થનાર વ્યક્તિ, પોતે પોતાને પહેલાની જેમ વધારે અનાથ બનાવી દે છે. કદાચ જો તે સંયમ માર્ગ પર સાવધાનીથી ચાલતો રહ્યો, પતિત ન થયો, તો તે અનાથતામાં નથી પડતો અને છેવટે તે એવું સ્થાન પ્રાપ્ત કરે છે કે જ્યાં અનાથતાનો કિંચિત પણ ભય નથી. અનાથતાના ભય વગરના સ્થાનનું નામ 'મોક્ષ' છે. મોક્ષ મેળવી લેનાર વ્યકિત હંમેશને માટે સનાથ બની જાય છે; પછી કોઈ દિવસ પણ તે અનાથ નથી બનતો. જ્યાંસુધી મોક્ષની પ્રાપ્તિ નથી થઈ, ત્યાંસુધી સંયમી વ્યકિત પણ અસાવધાની અથવા પ્રમાદથી અનાથતામાં પડી શકે છે. એટલા માટે સંયમ લઈને સાવધાનીપૂર્વક તેનું પાલન કરવાની અને મોક્ષ મેળવવાની જરૂર છે. મોક્ષમાં પહોંચેલો, અર્થાત સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બનેલો આત્મા જ પૂર્ણ **સનાથ** છે.

શ્રી સુધર્મા સ્વામી, સનાથ મુનિએ વર્ણવેલી સનાથતાનું વર્ણન કરીને શ્રી જમ્બૂ સ્વામી પ્રત્યે કહે છે—

एवुग्गदंते वि महातवोधणे, महामुणी महापइन्ने महायसे।
महानियंठिज्जमिणं महासुयं, से काहए महया वित्थरेणं॥ ५३

ભાવાર્થ:—[illegible]

હે જમ્બૂ! જે સનાથી મુનિએ રાજા શ્રેણિક આગળ આ વર્ણન કર્યું છે, તે સનાથી મુનિ, ઇન્દ્રિયોનું ઉગ્રતાથી દમન કરનારા હતા; ઇન્દ્રિયોનું દમન કરવામાં તેઓ ઉગ્રતાથી કિંચિત પણ કામ ન્હોતા લેતા, તેઓ મહા તપના ધણી હતા. તેમણે અસાધારણ તપશ્ચર્યા કરી હતી. તેઓ મહામુનિ હતા. સંયમના વ્રત-નિયમો પર તેઓ એટલા દૃઢ હતા કે તેમને ઇન્દ્ર વગેરે પણ વિચલિત ન્હોતા કરી શકતા. વ્રતનિયમ પરત્વે અનુપમ દૃઢતાના કારણે તેઓ મહામુનિ કહેવાતા. તે મુનિ મહા પ્રજ્ઞાવાન અર્થાત જ્ઞાનવાન હતા. તેમનાં જ્ઞાનનો પાર ન હતો. આ બધા વિશેષણો હોવાની સાથ, તે સનાથી મુનિ મહા યશસ્વી હતા. ભલે તેમની કોઈ નિંદા કરે કે પ્રશંસા કરે, પણ તેઓ યશના કાર્યોને ન્હોતા ત્યાગતા. એ સનાથી મુનિએ આ મહાશ્રુત, શ્રેણિક રાજાને વિસ્તારપૂર્વક કહ્યું.

બીજાં અધ્યાયો તો માત્ર અધ્યાય જ કહેવામાં આવે છે, પરન્તુ આ અધ્યાયને શ્રી સુધર્મા સ્વામીએ મહા અધ્યાય કહેલ છે. કેમકે આ અધ્યાયમાં એ મહા કથાનું વર્ણન છે કે જે મહાકથા મહામુનિ સનાથીએ મહારાજા શ્રેણિકને

સંભળાવી હતી. આ કથા એ અનાથતા તેમ જ તે સ્થાનની માર્ગદર્શિકા છે કે જે નિત્ય, અવિરત તેમજ દુઃખ, સંતાપ સહિત છે.

શ્રી સુધર્માસ્વામી કહે છે કે મહામુનિ અનાથીએ, આ મહાકથા મહાનિર્ગ્રન્થોનો માર્ગ બતાવવા અને તેના પર દૃઢ રાખવા માટે કહી છે. સુધર્માસ્વામીના આ કથનનો એવો અર્થ નથી કે આ કથા માત્ર એજ સાધુઓને કામની છે કે જેઓ વ્રતનિયમોનું રૂડી રીતે પાલન કરી રહ્યા છે. જો એમ હોત તો અનાથી મુનિ આ કથન રાજા શ્રેણિક કે જે ગૃહસ્થ હતો, તેને ન સંભળાવત ? હા, મુખ્યત્વે કરીને આ કથા, નિર્ગ્રન્થ માર્ગમાં પ્રવેશેલા માટે જ છે, પરન્તુ સાધારણ રીતે આ કથાથી બધા લોકો લાભ લઇ શકે છે મહાનિર્ગ્રન્થના માર્ગપર ચાલનારા લોકો, (સાધુઓ) આ કથાથી એ જાણી શકશે, કે અમે અમુક અમુક કાર્યોથી બચતા રહીએ, નહિતો બીજી અનાથતામાં પડી જઇશું. જે લોકો પડી ચૂકયા છે, તેમને કાઢવા–તેમનો ઉદ્ધાર કરવા પહેલાં, જે લોકો નથી પડયા, તેઓને નહિ પડવા માટે સાવધાન કરવાની જરૂર છે. આ દષ્ટિબિંદુથી આ કથા મુખ્યત્વે એ લોકોને માટે છે કે જેઓ મહાનિર્ગ્રન્થના માર્ગપર ચાલી રહ્યા છે. અથવા તો, તેવા લોકોને સાવધાન કરી દેવામાં આવ્યા છે કેઃ–તમે અનાથતામાંથી નીકળવાને વાસ્તે જ સંયમમાં પ્રવર્ત્યા છો, માટે વિષયલોલુપતા, અસાવધાની કે પ્રમાદથી ફરી અનાથતામાં ન પડશો.

સંયમ માર્ગ પર ચાલનાર લોકોએ સાવધાન રહેવાની આવશ્યક. જે લોકો સંયમ લઈને પછી અનાથતામાં પડી ગયા છે, અથવા પડી રહ્યા છે, તથા જે લોકો સંસારની અનાથતામાંથી નીકળીને, સંયમમાં પ્રવ્રજિત થઈ રહ્યા છે, અને જે લોકો સંયમમાં પ્રવર્તેલાઓને પોતાના ગુરુ માનીને તેમની ઉપાસના-સેવાભક્તિ કરે છે, એ લોકોનું પણ આ મહાકથાથી હિત થશે. સંયમમાં પ્રવ્રજિત થઈને ફરી અનાથતામાં પડી ગયેલા લોકો, આ કથાથી આ વાત સમજી શકશે કે 'અમે ફરી અનાથતામાં પડી ગયા છીએ. અમારી પાસે તો કેવળ સંયમનો વેશ જ છે. કે જે વ્રતનિયમ ન પાળવાથી, અમને બીજી અનાથતામાં મૂકી મૂકનાર છે.' આ વાતને જાણીને તેઓ ફરીથી, અનાથતામાંથી નીકલવાના પ્રયત્નો કરશે. જે લોકો સંયમમાં પ્રવ્રજિત થઈને પણ અનાથમાં પડનાર છે, તેઓ, આ કથાથી સાવધાન થઈ જશે. તેમને ખબર પડી જશે કે અમે તો સંયમ લઈને પણ અનાથતા તરફ અગ્રેસર થઈ રહ્યા છીએ. આ ખબર પડવાથી તેઓ પોતાને અનાથતામાં પડતાં બચાવી લેશે. આ પ્રમાણે જે લોકો, સંસારની અનાથતામાંથી નીકળવા માટે સંયમ લઈ રહ્યા છે, તેઓ આ મહાકથા પર વિચાર કરીને સંયમમાં પ્રમાદ નહિ કરે, પણ સાવધાની રાખશે. તેમને એ યાદ રહેશે કે અમે એક અનાથતામાંથી તો નીકળ્યા છીએ, પરંતુ એક અનાથતા બીજી પણ છે. અમે અસાવધાનીથી તેમાં ન

ડી જઇએ, નહિતો ક્યાંયના (એકેયના) રહીશું નહિ. જે લોકો સંયમી લોકોને પોતાના ગુરુ માની તેમની ઉપાસના કરે છે, તેઓ આ મહા કથા દ્વારા પોતાના માની લીધેલા ગુરુને માટે એ જાણી શકશે કે–અમે જેમને અમારા ગુરુ માની રહ્યા છીએ તેઓ ખરી રીતે સંયમ પાળનારા અને સનાથ છે, કે સંયમના નામે આજીવિકા કરનારા અનાથ છે! માત્ર વેશથી તો સાધુ અસાધુની પરીક્ષા થઇ શકતી નથી, કેમકે વેશ તો સંયમ પાળનારા અને નહિ પાળનારા એ બંને સમાન જ છે, પરન્તુ આ મહાકથામાં જે લક્ષણો બતાવ્યા છે, એનાથી, અનાથ, સંયમનું પાલન નહિ કરનારા અને ખાલી વેશ ધારણ કરનારા, ઓળખી શકાશે. જેથી તે ઉપાસક લોકો ઠગાય નહિ, અને ધર્મ સમજીને પાપમાં પ્રવૃત થાય નહિ

તાત્પર્ય એ, કે જેમ વૃક્ષ વાવવાનો હેતુ, ફળ ખાવાનો હોય છે, પરન્તુ એથી છાયા પણ મળી જાય છે, તેમ આ કથા મહા નિર્ગ્રન્થોના માર્ગને અપનાવનારા લોકો માટે હોવા છતાં પણ, એનાથી, બધા લોકો લાભ ઉઠાવી શકે છે.

શ્રી સુધર્મા સ્વામી કહે છે—જમ્બૂ, આ મહા કથાનું મહામુનિ અનાથીએ મોટા વિસ્તારપૂર્વક વર્ણન કર્યું. શ્રી સુધર્માસ્વામીનાં કથનનો હેતુ એ છે કે, મેં જે વર્ણન કર્યું છે. તે તો સંક્ષિપ્ત છે, પણ મહામુનિ અનાથીએ તેને વિસ્તારપૂર્વક કહ્યું છે

શાસ્ત્રના કોઇ વાતનું વિસ્તારપૂર્વક વર્ણન નથી થઇ શકતું વિસ્તૃત વર્ણનથી પ્રતિકૂળતાની સાથે જ, અલ્પબુદ્ધિનો

[illegible] આગમોમાં તો દરેક વાતનું [illegible] વર્ણન કરવામાં આવે, તો શાસ્ત્ર વધી જાય અને [illegible] તેને સ્મૃતિમાં ન રાખી શકે. એટલા માટે શાસ્ત્રમાં પ્રત્યેક બાબતનું સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવ્યું છે. 'સૂત્ર' શબ્દનો અર્થ પણ ઘણા વિસ્તારવાળા અર્થને થોડામાં બતાવવાનો છે. આ સંક્ષિપ્ત વર્ણનની વિસ્તૃત રૂપે વ્યાખ્યા કરવી, એ વક્તાનું કામ છે. વક્તા એ વિસ્તૃત વ્યાખ્યામાં કોઇ એવી વાત જોડી દેવાનો અધિકાર નથી રાખતો, કે જે શાસ્ત્ર સમ્મત ન હોય, પરન્તુ શાસ્ત્રની સંક્ષિપ્ત વાતની વિસ્તૃત વ્યાખ્યા કરવી, અને તે વ્યાખ્યાને યુક્તિ-દૃષ્ટાન્ત વગેરેથી પુષ્ટ કરવી, એ વક્તાનું કામ છે. મહામુનિ અનાથીએ વર્ણવેલી અનાથતાનો રાજા શ્રેણિક પર કેવો પ્રભાવ પડ્યો, એ બતાવવા માટે શ્રી સુધર્માસ્વામી કહે છે—

तुट्ठो य सेणिओ राया, इण मुदाहु कयंजली ।
अनाहत्तं जहा भूयं, सुट्ठु मे उवदंसियं ॥५४॥

ભાવાર્થ:—સનાથી મુનિ દ્વારા અનાથની વ્યાખ્યા સાંભળીને રાજા શ્રેણિક ઘણો સંતુષ્ટ થયો. અને હાથ જોડીને કહેવા લાગ્યો કે આપે મને અનાથતાનાં સ્વરૂપનો સુંદર ઉપદેશ આપ્યો.

तुब्भे सुलद्धं खु मणुस्स जम्म, लाभा सुलद्धाय तुमे महेसी ।
तुब्भे सणाहाय सबन्धवाय, जं मे ठिया मग्ग जिणुत्तमाणं ॥५५॥

ભાવાર્થ:—હે મહર્ષિ, આપને પ્રાપ્ત થયેલો મનુષ્ય જન્મ સફળ છે. આપે મનુષ્ય જન્મનો ઘણો સરસ લાભ લીધે. આપનું સુંદર રૂપ અને મનોહર આકાર પણ સાર્થક છે. આપ જિન માર્ગના યથાર્થ

આરાધક-ઉપાસક છો; એટલા માટે સનાથ અને બન્ધુબાંધવોથી યુક્ત આપ જ છો.

શ્રેણિક રાજાએ પહેલાં તો એ કર્યું હતું, કે આ સુંદર આકૃતિ અને સુંદર રૂપવાળા યુવકે, સંયમ લઇને મનુષ્ય જન્મનું અપમાન કેમ કર્યું! આ પ્રમાણે રાજા શ્રેણિક, પહેલા એજ મનુષ્યજન્મ સાર્થક સમજતો હતો, તેની આકૃતિ અને તેનું રૂપ સફળ માનતો હતો, કે જે સાંસારિક ભોગ ભોગવવામાં પ્રવૃત્ત હોય. જેને માતા, પિતા, ભાઇ, બહેન, મિત્ર વગેરે હોય, તેને તે સનાથ સમજતો હતો. પરન્તુ સનાથી મુનિ દ્વારા અનાથ-સનાથની વ્યાખ્યા સાંભળીને, તેની આ માન્યતા બદલાઇ ગઇ. હવે તે આ વાતને સમજી ગયો કે, જે વસ્તુઓ વિદ્યમાન (હાજર) હોવાથી, હું મને પોતાને તથા બીજાને સનાથ માનતો હતો, તે વસ્તુઓ તો અનાથતા વધારનારી છે. આ સમજવામાં આવી જવાથી તે સંતોષ પામ્યો. અને હાથ જોડીને સનાથી મુનિ પ્રત્યે કહેવા લાગ્યો કે, આપે મને અનાથતાના સ્વરૂપનો ઘણો સરસ ચિતાર આપ્યો. આપના ઉપદેશથી મેં એ જાણ્યુ કે આ સંસારમાં કયાં લક્ષણોવાળા અનાથ છે અને કોણ સનાથ છે? મેં આપની મારફત માત્ર ઉપદેશમાં જ અનાથ સનાથનું સ્વરુપ નથી સાંભળ્યું, પણ તેની સાથે જ, મેં એ પણ જોયું કે આપ અનાથતાનાં લક્ષણોને ત્યાગી ચૂકયા છો, અને આ જિનમાર્ગના આરાધક છો કે જે માર્ગ ખરેખર સનાથતા આપનાર છે. આપ

અનાથતાથી નીકળીને સનાથ થઇ ચૂક્યા છો, એટલા માટે આપનો જ મનુષ્યજન્મ સફળ છે. આપ બંનેય પ્રકારની અનાથતાથી બચી ગયેલા છો, એટલું જ નહિ પણ મનુષ્યજન્મનો લાભ પણ આપે જ લીધો છે. હું અત્યાર સુધી એમ સમજતો હતો, કે મનુષ્યજન્મનો લાભ, ભોગ ભોગવવામાં જ છે, પરન્તુ આપના ઉપદેશથી, હું એ સમજી ગયો કે મનુષ્યજન્મનો લાભ, ભોગોને ત્યાગીને, સંયમ લેવામાં જ છે. આપે એમ જ કર્યું છે, એથી મનુષ્યજન્મનો લાભ પણ આપને જ મળ્યો છે. આપે સંયમ લઇને સુંદર રૂપ અને મનોહર આકૃતિને પણ સાર્થક બનાવ્યા છે. જે સુંદર રૂપ અને મનોહર આકૃતિની પ્રાપ્તિ મહાન પુણ્યનું ફળ મનાય છે, તેને આપે સંયમમાં પ્રવર્તાવીને, સુલબ્ધ વસ્તુઓથી સુલાભ જ લીધો છે. સંસાર તરફની અનાથતામાં પડેલા લોકો આ સુલબ્ધ વસ્તુઓથી સુલાભ નથી લેતા, પરન્તુ વધારે અનાથતામાં પડવાના કારણો ઉત્પન્ન કરે છે; પરન્તુ આપે એ વડે સંયમનો સુલાભ જ લીધો છે. એટલા માટે આપને મનુષ્યજન્મ પણ સુંદર મળ્યો અને એનો લાભ પણ સુંદર મળ્યો.

હે મુનિરાજ! સાંસારિક ઋદ્ધિ-સંપદાનો સ્વામી હોવાને કારણે, હું અત્યાર સુધી મને પોતાને સનાથ અને આપને અનાથ માનતો હતો તથા એ જ કારણથી, આપનો નાથ બનવા માટે પણ હું તૈયાર થયો હતો, એટલું જ નહિ પણ, મારે માટે આપનો કહેલો શબ્દ 'અનાથ' મને

પ્રકાર [illegible] જ [illegible] આપે અનાથતા સનાથતાનું જે સ્વરૂપ બતાવ્યું, તે સાંભળીને, આજે મેં નિશ્ચય કરી લીધો. હવે હું [illegible] સમસ્ત પ્રાણીઓની સાથે જ મને પોતાને સનાથ માનું છું અને આપ જેવા મહર્ષિને સનાથ માનું છું.

હે આર્ય! બંધુ-બાંધવોથી યુક્ત પણ આપ જ છો. અત્યાર સુધી હું એમ સમજતો હતો, કે જેને મા, બાપ, બહેન, ભાઈ, સ્ત્રી આદિ પરિવાર અને સ્વજનમિત્ર માલુમ તથા નોકર ચાકર વગેરે હોય, તેજ બંધુ-બાંધવોથી સંયુક્ત છે, પરન્તુ આપના ઉપદેશે મારો એ ભ્રમ મટાડી દીધો છે. હું સમજી ગયો છું કે એના હોવાથી, કોઈ પણ બંધુ-બાંધવવાળો થઈ શકતો નથી. કેમકે જે અસમયે કામ આવે તે જ બંધુ-બાંધવ છે. માતા, પિતાદિ કોઈ પણ, અસમયે સહાયતા કરી શકતા હોત, તો આપને એ બધાં હતાં, છતાં આપનું દુઃખ કેમ ન મટાડી દીધું! જો દુઃખ-મુક્ત ન કરી શકે, તો પછી બંધુ-બાંધવ શાના? આપનો ઉપદેશ સાંભળીને, મારા હૃદયમાં એ વિશ્વાસ આવી ગયો કે મનુષ્યોથી બંધુ-બાંધવવાળા નથી થઈ શકાતું, નથી તેઓ કષ્ટ વખતે સહાયતા કરીને કષ્ટમુક્ત કરી શકતા. હા, કષ્ટ ભલે વધારી દે. એ લોકોમાં કષ્ટ મટાડવાની શક્તિ જ નથી. કષ્ટને તો સંયમ જ દૂર કરી શકે છે, જેવી રીતે આપનુ કષ્ટ સંયમે દૂર કર્યું હતું. હે મુનિરાજ, કષ્ટોથી મુક્ત કરનાર સંયમ આપનામાં મોજુદ છે. એટલા માટે બન્ધુ-બાંધવોથી યુક્ત પણ આપજ છો.

સંયમમાં દૃઢ બનવાથી, કષ્ટોનાં કારણોજ મટી જાય છે. કારણ કે, જે કષ્ટ થાય છે, તે પાપકર્મને કારણે જ, અને સંયમથી પાપ-કર્મનો લોપ થઇ જાય છે. જ્યારે કારણ જ મટી ગયું, પછી કાર્ય ક્યાં રહ્યું! એ સિવાય સંયમી મનુષ્યો, કષ્ટોને કષ્ટ નથી માનતા. સાંસારિક મનુષ્યો જેને કષ્ટ (દુઃખ) કહે છે, તેને જ સંયમી મનુષ્યો પોતાને સહાય કરનાર માને છે. સંયમી વિચારે છે કે 'આ કષ્ટ નથી, પણ અમારા સંયમની પરીક્ષા કરનાર કસોટી છે, અને આ કસોટીની પાછળ જ એ સુખ છૂપાયલું છે કે જેને માટે અમે સંસાર છોડીને સંયમ ગ્રહણ કર્યો છે. કષ્ટ એ નથી, પરન્તુ વારંવાર સંસારમાં જન્મવું, મરવું એ જ કષ્ટ છે. જો જન્મમરણનું દુઃખ મટી જાય, અને એ દુઃખ મટવાના બદલામાં અમારે આ શરીર પણ આપી દેવું પડે, તો પણ હરકત નહિ.' આ વિચારોને લીધે જ સંયમીઓની પાસે દુઃખ તો આવતું જ નથી.

तं सि नाहो अणाहाणं, सव्व भूयाण संजया ।
खामेमि ते महाभाग, इच्छामि अणुसासिउं ॥५६॥

पुच्छिऊण मए तुब्भं, ज्झाण विग्घोय जं कओ ।
निमंतिया य भोगे हिं, तं सव्वं मरिसेहि मे ॥५७॥

ભાવાર્થ:—હે મુનિરાજ! બધાં અનાથ પ્રાણીઓના નાથ આપજ છો. હે મહાભાગ! હું આપના સદ્‌બોધને ઇચ્છું છું—સ્વીકારૂં છું—અને આપને ક્ષમા-પ્રાર્થના કરૂં છું. મેં પ્રશ્ન કરીને આપના

ધ્યાનમાં વિઘ્ન કર્યું, અને આપને ભોગ ભોગવવા માટે આમંત્રણ કર્યું, એ બધા અપરાધો ક્ષમા કરો.

હે મુનિરાજ! હું આપનો બોધ ઇચ્છું છું-સ્વીકારું છું. એમ નથી કે હું આપના બોધને, આપના પ્રભાવથી અંજાઇને કે આપને પ્રસન્ન કરવા માટે, અથવા સ્વીકાર ન કરવાથી આપ નારાજ થશો એમ ધારીને સ્વીકારું છું, પણ આપના બોધને મનન કરીને, તેને ઉત્તમ સમજીને જ સ્વીકારું છું મને એ તો ભયજ નથી, કે આપની શિખામણ ન સ્વીકારવાથી આપ નારાજ થશો. મેં જ્યારે આપને ભોગો માટે આમંત્રણ કર્યું, અને આપને અસત્ય-બાદી ઠરાવ્યા, તે વખતે પણ આપ નારાજ નહિ થયા, તો પછી આપનો ઉપદેશ નહિ માનવાથી આપ નારાજ કેમ થશો? એ જ રીતે આપનો ઉપદેશ માની લેવાથી, આપને અસાધારણ (અતિશય) પ્રસન્નતા પણ નહિ થાય. કારણકે, મેં જ્યારે આપના રૂપસૌંદર્યની પ્રશંસા કરી, ત્યારે આપનાપર મારા કથનથી કાંઇ પણ પ્રભાવ ન પડ્યો અને આપે મને અનાથ કહી દીધો. એટલા વાસ્તે, આપની પ્રસન્નતા અપ્રસન્નતાને દૃષ્ટિમાં રાખીને, હું આપનો ઉપદેશ સ્વીકારી રહ્યો નથી, પણ આપના ઉપદેશે મારા હૃદયને પલટાવી દીધું. મારી અવળી સમજણ મટાવી દીધી એટલા માટે હું આપના ઉપદેશને સ્વીકારું-અવધારણ કરું છું.

હે મહા ભાગ! આપ મારા અપરાધને ક્ષમા કરો. કારણ કે આપ ક્ષમાવત છો, અને મારા અપરાધો પર ધ્યાન

[illegible]

[illegible] આશાતના થઈ. આ મારો અપરાધ આપ ક્ષમા કરો.

હે મહાભાગ! મારો બીજો અપરાધ એ છે, કે હું આપનો નાથ બનવા તૈયાર થયો અને આપને સાંસારિક ભોગો ભોગવવાને માટે આમંત્રણ કર્યું. એ અપરાધ પણ મારાથી અજ્ઞાનતાને લીધે જ થયો છે. અજ્ઞાનતાથી જ મેં આપ જેવા ત્યાગીને, સાંસારિક ભોગોને માટે આમંત્રિત કર્યા હતા. આપ મારો એ અપરાધ પણ ક્ષમા કરો.

[illegible] [illegible] [illegible] [illegible] નાશ્ચિત [illegible] [illegible] આ [illegible] [illegible] ઠરીએ [illegible] કર્યા છે [illegible] [illegible] [illegible] માટે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] માટે [illegible] [illegible] [illegible] બનાવવાની પ્રવૃત્તિ કરતો, [illegible] [illegible], [illegible] [illegible] [illegible] અપરાધ છે. [illegible] [illegible] [illegible] નથી? [illegible] અપરાધ છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આ [illegible] [illegible] થાય છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સમજી શકાતું નથી.

[illegible] [illegible] [illegible] [illegible] — હે મહામુનિ! મારા ચોથે [illegible] [illegible] [illegible] [illegible] મેં આપના કથનને ખોટું કરીને, અપરાધ જ કર્યો છે કે મેં આપના [illegible] દૂષિત બનાવ્યું હતું કે આપે મને આપના [illegible] [illegible] ઉઠાડ્યા હતા. છતાં હું અનાથ છું અને અનાથ [illegible] જ [illegible] [illegible] અનાથ માની રહ્યો હતો, તે આપ શી રીતે હું સાચે જ અનાથ [illegible] આ વાત, આપનો ઉપદેશ સાંભળવાથી જ [illegible] છે. [illegible] આવી જે અજ્ઞાનતાને લીધે આપની મારી [illegible] [illegible] [illegible] તેને માટે હું આપની પાસે ક્ષમા માગું છું [illegible] માગું છું) આપ ક્ષમા કરો. જો કે આપ સંત છો. આપની પાસે કોઈ અપરાધી કે ઉપકારી તો નથી જ. ભલે કોઈ આપની નિંદા કે પ્રશંસા કરે, આપની અવજ્ઞા કરે કે આપને વંદન કરે, પણ આપ તો બધા પર સરખી જ કૃપાદૃષ્ટિ રાખો છો. એ સંતોનું સ્વાભાવિક લક્ષણ છે જ; છતાં પણ હું, મારા આત્માને હલકો કરવા માટે, મારા

હૃદયને શુદ્ધ બનાવવા માટે અને પાપોથી નિવર્તવા માટે આપને ક્ષમાની પ્રાર્થના કરું છું. આપ મને ક્ષમા આપો.

આમ કહી શ્રી સુધર્માસ્વામી, શ્રી જમ્બૂસ્વામી પ્રત્યે કહે છે:—

एवं थुणित्ताय स रायसीहो, अणगारसीहं परमाइ भत्तिए ।
स ओरोहो य स बन्धवो य,धम्माणुरत्तो विमलेण चेयसा॥५८॥

उस्ससियरोमकूवो, काऊणय पयाहिणं ।
अभिवन्दिऊण सिरसा, अइयाओ नराहिवो ॥५९॥

ભાવાર્થ:—તે રાજસિંહ શ્રેણિક, આ પ્રમાણે ભક્તિપૂર્વક મુનિસિંહની સ્તુતિ કરીને, નિર્મળ મનથી, બંધુબાંધવો અને અંતઃપુર સહિત ધર્મનો અનુરાગી (પ્રેમી) થયો. પ્રસન્નતાને કારણે તેનું શરીર હર્ષથી પ્રફુલ્લિત બન્યું હતું. તે મુનિની પ્રદક્ષિણા તેમજ મુનિને વંદણા નમસ્કાર કરીને પોતાના સ્થાનકે ચાલ્યો ગયો.

રાજા શ્રેણિક, એ સમયના રાજાઓમાં સિંહની જેમ શ્રેષ્ઠ મનાતો હતો. બીજા રાજાઓની અપેક્ષાએ (મુકાબલે) તેનામાં બળ, બુદ્ધિ, સાહસ, ધૈર્ય, આદિ સદ્‌ગુણ પણ વધારે હતાં, રાજ્યવિસ્તાર પણ વધારે હતો, વૈભવ સંપત્તિમાં પણ અપ્રતિમ હતો. એ પ્રમાણે તે સત્ય વાતને સ્વીકારવામાં અથવા કહેવામાં પણ ભય કે સંકોચ રાખતો ન હતો. સનાથી મુનિએ, પ્રારંભમાં જ્યારે તેને 'અનાથ' કહ્યો હતો, ત્યારે તેણે મુનિને નિર્ભયતાપૂર્વક એમ કહ્યું હતું કેઃ— " હું અનાથ કઇ રીતે છું? મુનિએ અસત્ય તો ન બોલવું જોઇએ " આ પ્રમાણે નિર્ભયતાપૂર્વક વાત કહેવાનું સાહસ પ્રત્યેક વ્યક્તિમાં નથી હોય શકતું. તે

શ્રેણિક રાજા પોતાની વાત સાચી માની રહ્યો હતો, એથી મુનિની વાતને ખોટી કહેવામાં તે જરાપણ ભયભીત થયો નહિ. એજ પ્રમાણે. જ્યારે તેણે અનાથતાનુ સ્વરૂપ સમજી લીધું, ત્યારે પોતે પોતાને અનાથ માનવામાં સંકોચાયો પણ નહિં બલ્કે, સનાથી મુનિનો ઉપદેશ સ્વીકારી લીધો.

રાજા શ્રેણિકે ! પહેલાં તો મુનિની પાસે જતાં જ, તેમને વંદણા-નમસ્કાર કર્યાં હતાં. ત્યારબાદ મુનિદ્વારા પોતાના પ્રશ્નોના ઉત્તરો સાંભળીને, તેમનો ઉપદેશ શ્રવણ કરીને, જતી વખતે પણ તેણે ક્ષમા પ્રાર્થના કરી અને પ્રદક્ષિણા તેમજ વંદન-નમસ્કાર કર્યાં. આ સાધુઓની પાસે જવા આવવાના તેમજ પ્રશ્ન કરવા વગેરેના સમયે, ઉપયોગમાં લેવાની અતિ સાધારણ સભ્યતા છે. આ સભ્યતા તેમ જ ભક્તિ વગર કોઇપણ સદુપદેશથી સંપૂર્ણ લાભ પણ મળતો નથી.

સનાથી મુનિએ, રાજા શ્રેણિકને જે ઉપદેશ આપ્યો હતો, તેમાં તેમણે ઋદ્ધિ-સુખ અથવા સ્વર્ગનો લોભ હોતો બતાવ્યો, પરન્તુ સાંસારિક વિષયોથી પરાંગમુખ બનવાનો જ ઉપદેશ આપ્યો હતો છતાં પણ મુનિનો ઉપદેશ સાંભળીને રાજાને અપૂર્વ આનંદ થયો તે વીર .મજ સત્યનો જિજ્ઞાસુ હતો. એજ કારણે, મુનિનો ઉપદેશ ાંભળીને તેણે પોતાનુ હૃદય પલટાવવામા જરા પણ વિલંબ : કર્યો તેણે પોતાના પૂર્વ-વિચારોને ત્યાગી દીધા અને ાનમા કોઇપણ પ્રકારની મલિનતા રાખ્યા વિના શુદ્ધ

[illegible]

[illegible] ઉપદેશથી [illegible] કે [illegible] પરિસ્થિતિ આદિના [illegible], [illegible] પોતાની ભાવના ન [illegible] શકે, પણ [illegible] ઉચ્ચ કરણીવાળો વ્યક્તિ, [illegible] સ્વીકારવામાં કદાપિ વિલંબ કરતો નથી. મુનિના સત્ય ઉપદેશનો સ્વીકાર કરીને, તેમજ વ્યવહારમાં એ ઉપદેશને હૃદયમાં રાખવાના કારણે જ રાજા શ્રેણિક ભવિષ્યમાં પદ્મનાભ નામના તીર્થંકર થશે.

શ્રી સુધર્માસ્વામી કહે છે—

इयरोऽवि गुण समिद्धो, तिगुत्ति गुत्तो तिदंड विरओ य ।
विहग इव विप्पमुक्को विहरइ वसुहं विगय मोहो ॥६०॥

ભાવાર્થ:—ગુણોથી સમૃદ્ધ, ત્રિગુપ્તિથી ગુપ્ત અને મન, વચન, કાયાએ કોઈને શિક્ષા ન કરનાર (મન ન દુભાવનારા) અનાથી મુનિ પણ, બંધન રહિત સ્વતંત્ર પક્ષીની માફક, મોહ રહિત અન્યત્ર વિચરવા લાગ્યા.

સંયમના નિયમોનું પાલન કરવું, તપ યુક્તિથી યુક્ત રહેવું, અને મન, વચન અને શરીરથી કોઇ પણ જીવને દુઃખ ન દેવું, એ તો સંયમીઓનું કર્તવ્ય છે જ. છતાં જેવી રીતે સ્વતંત્ર પક્ષી એક જગ્યાએથી બીજી જગ્યાએ ફર્યું કરે છે, તેવી જ રીતે એક જગ્યાએથી બીજી જગ્યાએ વિચરતા રહેવું કોઇ એક જ જગ્યાએ મોહાધીન બનીને ન રહેવું, એ પણ મુનિનું કર્તવ્ય છે. રાજા શ્રેણિક, અનાથી મુનિનો ઉપદેશ સાંભળીને. તેમનો ભક્ત બની ગયો હતો, છતાં પણ અનાથી મુનિ રાજગૃહ નગર (શ્રેણિકની રાજધાની) આગળ તેના બાગમાં વધારે વખત રોકાયા નહિ; પરન્તુ ત્યાંથી વિહાર કરી ગયા. આ પ્રમાણે ભ્રમણ કરતા રહેતા સાધુ જ, સંયમનું પાલન કરી શકે છે. વૃદ્ધાવસ્થા, બિમારી, વગેરે તેમજ ચાતુર્માસ સિવાય કોઇ એક જગ્યાએ વધારે વખત સુધી રહેવું, એ મુનિ કર્તવ્યની વિરુદ્ધ છે.

શ્રી સુધર્મા સ્વામીએ, શ્રી અનાથી મુનિએ વર્ણવેલું અનાથતા સનાથતાનું સ્વરૂપ, શ્રી જમ્બૂ સ્વામીને સંભળાવ્યું. આ સ્વરૂપને સમજીને, જે કોઇ અનાથતાનો પરિત્યાગ કરશે, તેમજ જે કોઈ એવી અનાથતાના ત્યાગીઓની ઉપાસના (સેવાભક્તિ) કરશે, તે પરંપરાના ભવ-બંધનથી છુટીને, મોક્ષ પ્રાપ્ત કરશે.

સમાપ્ત.

પુસ્તકો મળવાનાં ઠેકાણાં.

૧	જૈન હિતેચ્છુ શ્રાવક મંડલ	રતલામ.
૨	ડાગા બુકડિપો	બીઆવર.
૩	શા. જીવનલાલ છગનલાલ સંઘવી પંચભાઇની પોળ	અમદાવાદ.
૪	જીવન કાર્યાલય	અજમેર.
૫	શાહ બ્રધર્સ પ્રીન્ટીંગ પ્રેસ લલ્લુભાઇ બીલ્ડીંગ	રાજકોટ.

